કુમાર

૪૦૨


કલાકાર બી. એમ. જિન્નલના ચિત્ર 'વિધવા માતાની એકમાત્ર આશા'માંના પાત્રની વિગત



(દિલ્હીની ઑલ ઇંડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાયટીના સૌજન્યથી)

આવતી કાલનાં નાગરિકો માટે જ્ઞાન સાહિત્ય અને સંસ્કારઘડતરનું ગુજરાતી ભાષાનું એકમાત્ર માસિક

વર્ષ ચોત્રીસમું · અંક છઠ્ઠો · જૂન ૧૯૫૭ · સંસ્થાપક રવિશંકર મ. રાવળ · તંત્રી બચુભાઈ રાવત



ઘમ્મર વલોણું · ચિત્રકાર : નિવેદિતા પરમાનંદ ('કેસૂડાં'ના સૌજન્યથી)

આજથી સો વર્ષ પર આપણાં ઘર-ચોરાની ભીંતો, આપણાં ગીતભજન ને કથાશાસ્ત્રની પોથીઓ, આપણા ચાકળા-ચંદરવા, આપણાં વાસણો, વસ્ત્રો ને રમકડાં વગેરે પર આલેખાતાં ચિત્રો અને શોભનોમાં માનવીઓ, પ્રાણીઓ, પંખીઓ, ઉપસ્કરો આદિને ઝડપી આલેખનની સાદગીને કારણે જે રૂઢ રૂપ મળ્યાં તેમાં સચોટતા અને ભાતીગળપણું એ બે ચિત્તસ્પર્શી તત્ત્વો ખાસ હતાં, અને એની પાછળ આપણી હજાર વર્ષથી ઊતરી આવેલી આલેખન-પરંપરાનો તાર હોવાથી જનસમાજને મન તે પોતીકી પણ હતી. પશ્ચિમની લૂખા આલેખનની વાસ્તવિક શૈલીથી કંટાળેલાં મન અને થાકેલી આંખને રાહત આપવા ભાવોર્મિને સાવેગ આલેખતી ત્યાંની જે અનેકરૂપિણી 'મૉડર્ન' કલા આજે આકર્ષે છે તેની પાછળ રહેલાં ચિત્તસ્પર્શી તત્ત્વો આપણી કલાપરંપરામાં તો પડેલાં જ છે; છતાં આપણા 'મૉડર્નિસ્ટ' કલાકારોને માનું દૂધ મૂકીને પરદેશી મિલ્કના પાઉડરના જેવી શૈલીઓનાં અનુકરણમાં રાચતા જોઈએ છીએ ત્યારે એમની શક્તિ માટે ગૌરવ હોવા છતાં ગ્લાનિ તો થાય જ છે. શ્રી નિવેદિતાબહેનનું એ પરંપરા પર મંડાએલું આ ચિત્ર એ કારણે સુખદ લાગે છે.

કુમાર

જૂન ૧૯૫૭ અંક ૪૦૨

ચિત્રો

વિધવા માતાની એકમાત્ર આશા	કલાકાર: બી. એન. જિજા	પૂઠું
ઘમ્મર વલોણું	કલાકાર: નિવેદિતા પરમાનંદ	ત્રિરંગી મુખચિત્ર
પ્રાણી-ચિત્રણા	કલાકાર: શ્યાવક્ષ ચાવડા	પૃ. ૩૨૩ સામે
ભર્યો ઘડો	કલાકાર: નંદલાલ વસુ	પાછલા પૂઠામાં
ઉડિયા નૃત્યનું આલેખન	કલાકાર: ગૌરાંગચરણ સૅાન	,, ,,
બદ્રીનાથનાં યાત્રાળુઓ	ફોટો: આર. આર. ભારદ્વાજ	પાછલે પૂઠે
રંભા ઘોષ	ફોટો: અશ્વિન મહેતા	,, ,,

કાવ્યો

હોઠ હસે તો	હરીન્દ્ર દવે	૩૦૭
પ્રવાસની તૈયારી	'સરોદ'	૩૦૭
એની રીતે	જશવંત લ. દેસાઇ	૩૦૭
જિંદગાની!	હેમંત દેસાઇ	૩૦૭
ધન્ય છે	વિપિન પરીખ	૩૦૭
ગાગર અને સાગર	'ડાયર'	૩૦૭
ના ઇતબાર આવે છે	'ગાફિલ'	૩૦૭

ચરિત્ર

હેન્રી હડસન	રમણલાલ ચી. શાહ	૩૦૮
આઇગર સિકોર્સ્કી [ચિત્રકથા]		૩૧૫
કુલપતિ કઝિન્સ [આપકથા]	સંદોહક: રવિશંકર રાવળ	૩૨૩

વાર્તા

તામ્રપુરુષ	અનુવાદક: ગુણવંત છો. શાહ	૩૧૧
દેવો ધાધલ [ચાલુ વાર્તા]	'સુકાની'	૩૨૭

લેખો

અગસ્ત્યને પગલે	નવનીત પારેખ	૩૧૪/અ
ખિસ્સું	અનુવાદક: જયંત બક્ષી	૩૧૯
ગુજરાતનાં ઉત્કૃષ્ટ ને અભિરામ ધાતુશિલ્પો	ઉમાકાન્ત પ્રે. શાહ	૩૨૦

વિભાગો

આ માસ ઇતિહાસમાં [વ્યક્તિવિશેષ: જ્હૉન મેઇઝફીલ્ડ]	૩૦૬
जीर्यन्ते जीर्यतः केशा [સુભાષિત: ૭૨]	૩૧૨
પચ્ચીસ વર્ષ પહેલાં	૩૧૭
ટિકિટસંગ્રહ	૩૩૪
માધુકરી [થિમૈયા, અબ્દુલ્લાખાન, કાદવમાંથી ગંધક]	૩૩૫
હઠીલો વાણિયો [આપણાં જંતુઓ: ૧૧]	૩૩૫
પરદેશી પત્રમિત્રો	૩૩૮
સાહિત્યસંપર્ક	૩૪૦
વાચકો લખે છે	૩૪૩
છેલ્લું પાનું	૩૪૩

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: ૧ રૂપિયો

આ માસ (જૂન) ઈતિહાસમાં

દિનવિશેષ

તા. ૨ ઇટાલીના સમુદ્ધારક જિસેપ ગૅરિબાલ્ડીનું નિવૃત્તિના દિવસોમાં અવસાન, ૧૮૮૨.
તા. ૩ અગ્રણી સ્ત્રીકેળવણીસંસ્થા કર્વે મહિલા મહાવિદ્યાલયની સ્થાપના કરવામાં આવી, ૧૯૧૬.
તા. ૭ ઇસ્લામના સ્થાપક હજરત મહંમદ પયગંબર સાહેબનું મદીના મુકામે અવસાન, ૬૩૨.
તા. ૮ ઔરંગઝેબે પિતા શાહજહાંને આગ્રાના કિલ્લામાં કેદ કરી દિલ્હીની ગાદી પચાવી, ૧૬૫૮.
તા. ૧૨ દેશસેવાના ભેખધારી ગોખલેજીએ 'ભારત સેવક સમાજ'ની સ્થાપના કરી, ૧૯૦૫.
તા. ૧૫ 'મૅગ્ના ચાર્ટા' પર અંગ્રેજ પ્રજાએ સહી કરાવી રાજાની સ્વચ્છંદતા કાબૂમાં આણી, ૧૨૧૫.
તા. ૧૭ હાસ્યવિષયનું ઇંગ્લંડનું જગનામી ને સમર્થ સાપ્તાહિક 'પંચ' પ્રકટ થયું, ૧૮૪૧.
તા. ૨૨ રૅન્ડના ખૂન પાછળ ટિળકનાં લખાણોની પ્રેરણાના આરોપસર તેમને જન્મકેદ, ૧૮૯૭.
તા. ૨૪ માત્ર ૧૧ દિવસ જ ચાલેલા યુદ્ધ બાદ ફ્રાન્સ હિટલરને શરણે થઇ ગયું, ૧૯૪૦.
તા. ૨૬ શેરશાહે હુમાયૂંને બકસર નજીકના છપરા મુકામે યુદ્ધમાં હાર ખવડાવી, ૧૫૩૯.
તા. ૩૦ અમેરિકાના અગ્રણી ઉદ્યોગપતિ 'મોટરોના રાજા' ગણાતા હેન્રી ફૉર્ડનો જન્મ, ૧૮૬૩.

વ્યક્તિવિશેષ : જૉહ્ન મેઈઝફીલ્ડ

અંગ્રેજી કવિતામાં સાધારણ ગણાતા વિષયો દાખલ કરીને રડયાર્ડ કિપ્લિંગે ક્રાંતિ આણી



ત્યારના સમકાલીન મહાન કવિઓ પૈકીનો એક, ઉપરાંત ગણનાપાત્ર અંગ્રેજી નાટ્યકાર, નવલકથાકાર અને વિવેચક, જૉહ્ન મેઈઝફીલ્ડ ઇંગ્લંડના હરફર્ડશાયર પરગણામાં લેડબરી ખાતે ૧૮૭૮ની ૧લી જૂને સૉલિસિટર પિતાને ઘેર જન્મ્યો હતો. સાગરનું તેને અદમ્ય આકર્ષણ હતું, એટલે વૉરિક કિંગ્ઝ કૉલેજમાં શિક્ષણ પૂરું કર્યા બાદ દરિયાખેડુ તરીકેની તાલીમ લઈ ચીલી (દક્ષિણ અમેરિકા) જતા એક વહાણમાં શિખાઉ તરીકે ચડયો, જેમાંથી તરક્કી પામતાં પામતાં તે વ્યાપારી જહાજાતમાં અફસરની પદવી પર પહોંચ્યો. દરિયાઈજીવનની તમન્ના આમ સંતોષાયા બાદ થોડો સમય ન્યૂયૉર્કમાં ગાળી તે ઈંગ્લંડ પાછો ફર્યો; અને ત્યાંના જગનામી સ્વતંત્ર પત્ર 'માન્ચેસ્ટર ગાર્ડિયન'ના તંત્રીખાતામાં જોડાયો.

પણ દરિયાખેડુઓનાં સાહસ ને શૌર્ય તથા સાગરજીવનનાં જોમ ને જુગાર તેની ઉરતંત્રીને જે ઝણઝણાવી ગયાં હતાં તેનો પહેલો રણકો ઈ. ૧૯૦૨માં પ્રકટ થએલાં તેનાં 'સૉલ્ટ વૉટર બૅલાડ્ઝ'ના સંગ્રહથી બાજી ઊઠયો, અને તે પછી ૧૯૦૬માં 'ડૅમ્પિયર્સ વૅાયેજીઝ' બહાર પડયું. ઈ. ૧૯૦૨–'૫ના કાવ્યસંગ્રહો અને ઇ. ૧૯૧૦માં પ્રકટ થએલા 'બૅલાડ્ઝ ઍન્ડ પોએમ્સ'માંની તેની કેટલીક કૃતિઓ કિપ્લિંગ શૈલીના તાલની અસરો દર્શાવે છે. ૧૯૧૧માં તેની લાંબી વર્ણનાત્મક કવિતાઓનો સંગ્રહ 'ધી એવરલાસ્ટિંગ મર્સી' પ્રસિદ્ધ થયો. બાદ આ જ પ્રકારની પણ ભિન્નભિન્ન વર્ણનશૈલીવાળી કૃતિઓ બહાર આવી : 'ધ વિડો ઇન ધ બાયસ્ટ્રીટ' (૧૯૧૨), 'ધ ડૅફોડિલ ફીલ્ડ્ઝ' (૧૯૧૩), ને ડૅાબર (૧૯૧૩). 'રૅનાર્ડ ધ ફૉક્સ' (૧૯૧૯), ને 'રાઈટ રૉયલ' (૧૯૨૦)માં ઈંગ્લંડનાં પરગણાંના ખેલંદા જીવનનાં પ્રફુલ્લસજીવ ચિત્રો છે. પ્રકૃતિ, ગૃહજીવન ને દશ્ય જગતને તે સાદગીભરી રીતે છતાં સુકુશળતાએ આલેખે છે.

નાટ્યના ક્ષેત્રમાં પણ તેનું અર્પણ જેવુંતેવું નથી. તેનાં પ્રતિષ્ઠિત નાટકોમાં 'ધ ટ્રૅજેડી ઑાવ નાન' (૧૯૦૯), 'પૉમ્પી ધ ગ્રેઈટ' (૧૯૧૦), 'ફિલિપ ધ કિંગ' (૧૯૧૪), 'ધ ફેઇથફુલ' (૧૯૧૫), 'ગુડ ફ્રાઇ ડે' (૧૯૧૬), 'ધ ટ્રાયલ ઑાવ જીસસ' (૧૯૨૫), અને 'ટ્રિસ્ટાન ઍન્ડ આઇસૅાલ્ટ' (૧૯૨૭)નો સમાવેશ થાય છે. ઈ. ૧૯૨૮ના જૂનમાં તેનું નાટક 'ધ કમિંગ ઑાવ ક્રાઈસ્ટ' તો કૅન્ટરબરીના દેવળમાં ભજવાયું હતું. વળી ઑાક્સફર્ડ પાસે આવેલા બોરહિલ ખાતેના પોતાના નિવાસસ્થાને તેણે એક સ્વતંત્ર રંગભવન પણ યોજ્યું છે.

તેની નવલકથાઓમાં 'કૅપ્ટન માર્ગરેટ' (૧૯૦૮), 'મલ્ટિટ્યૂડ ઍન્ડ સૉલિટ્યૂડ' (૧૯૦૯), 'એન્ડેવર' (૧૯૧૦), 'સાડ હાર્કર' (૧૯૨૪), 'ઑાડટા' (૧૯૨૬), 'ધ હૉકબ્સ' (૧૯૨૯), અને 'ધ બર્ડ ઑાવ ડૉનિંગ' જાણીતી છે. ઉપરાંત સાગરકથાઓનો 'એ ટાર્પોલિન મસ્ટર' નામનો એક સંગ્રહ તેણે બહાર પાડેલો. તેનાં બીજાં લખાણોમાં શેક્સપીઅરનું એક અધ્યયન (૧૯૧૧), 'ધી ઓલ્ડ ફ્રન્ટ લાઈન' (૧૯૧૭), 'ગૅલિપોલી' (ઇતિહાસ-અધ્યયન), અને 'બેડન પાર્ચમેન્ટ્સ' (૧૯૪૭)નો સમાવેશ થાય છે. તેનો વાર્તાસંગ્રહ 'એ મેઈનસેઇલ હૉલ' ઇ. ૧૯૦૫માં પ્રસિદ્ધ થએલો.

તેની આ સાદી છતાં પુષ્ટ ને સ્વસ્થ સાહિત્યપ્રવૃત્તિ એટલી આદરપાત્ર નીવડી કે ઈ. ૧૯૩૦માં રાજકવિ રૉબર્ટ બ્રિજીઝનું અવસાન થતાં તે 'પોએટ લૉરિયેટ' (રાજકવિ) નિમાયો, અને ઈ. ૧૯૩૫માં તેને 'ઑાર્ડર ઑાવ મેરિટ'ની ઉપાધિથી નવાજવામાં આવ્યો.

પ્રસંગવિશેષ : સિકંદરનું મૃત્યુ, ૨૯મી જૂન ઇ. પૂ. ૩૨૩

ઈરાન, હેરાત, કાબુલ તથા સમરકંદને ઉપરાઉપર સર કરીને પંજાબના રાજા પોરસને ખંડિયો મિત્ર બનાવ્યા બાદ સિકંદરને, ભારતીય રણકૌશલથી પ્રભાવિત થએલા પોતાના સૈનિકોની ઇચ્છા અનુસાર, હિંદની સરહદથી પાછા ફરવું પડયું અને વિશ્વવિજેતા તરીકેની તેની કારકિર્દી ત્યાંથી જ અટકી. સિંધુ નદીના મુખ આગળ થઇને તે ૩૦,૦૦૦ સૈનિકો સાથે બલુચિસ્તાનના ભીષણ ઉત્તપ્ત રણમાંથી પસાર થયો, જ્યાંની સખત ગરમી, ભૂખ અને તરસને કારણે તેના અરધા સૈનિકો મરણશરણ થયા. છતાં બૅબિલોન પહોંચ્યો ત્યારે અરબસ્તાન જીતીને પોતાના એશિયાઈ સામ્રાજ્યને રાગે ચડાવવાની યોજનામાં તે પડયો. એવામાં, બૅબિલોનથી ઊપડવાના જ ગાળામાં, સખત દારૂ પિવાવાને કારણે આવી પડેલા તાવથી એકાએક ૩૦ વર્ષની નાની વયે ઇ. પૂ. ૩૨૩માં તેનું મૃત્યુ થયું. એ મૃત્યુનાં કારણો વિષે જોકે ભિન્નભિન્ન મત પ્રવર્તે છે. કોઈ કહે છે કે તાવની બીમારી બાદ બૅબિલોનના રાજમહેલમાં તે જાતે બળી મૂઓ, ને કોઈ કહે છે કે તેને ઝેર અપાએલું યા તેનું ખૂન થએલું. [બાજુનું ચિત્ર : 'રંગલો']



નાવિક ને સાહસ-સફરી હેન્રી હડસન

વીરતાએ અને કરુણતાએ રોમાંચક આ કહાણીના નાયક હેન્રી હડસન (લગભગ ૧૫૭૦–૧૬૧૧) વિષે એના વિલીન થયા પછીના ત્રણે સૈકાઓ મૂગા રહ્યા છે. આજ પણ તે કોણ હતો એ વિષે કોઈ કશું જાણતું નથી. શોધસફરના ઇતિહાસમાં પણ તેણે કયાકયા રાહે સફરો કરેલી તેની ઝાંખી જ માત્ર (તેણે પોતે અને અન્ય ખલાસીઓએ રાખેલી નોંધો પરથી) મળે છે.

ઘણું કરીને લંડનના એક વેપારીનો એ પુત્ર. પણ નાવિક ને સાહસસફરી બનીને એણે યુરોપથી ઈસ્ટ ઇન્ડીઝના સ્પાઇસ ટાપુઓના દરિયાઈ માર્ગની શોધખોળ પાછળ પોતાનું જીવન સમર્પિત કરેલું. એ કાળે પૂર્વના દેશો તરફ જવાનો કેપ ઑવ ગુડ હોપને ફરતો માર્ગ ફિરંગીઓના કાબૂમાં હતો અને અમેરિકાને ફરતો મૅગેલને શોધેલો માર્ગ અવ્યવહારુ હતો;આથી કોઇ નવા ત્રીજા જ માર્ગની ઇંગ્લંડ ને હૉલંડમાં સખત માગ હતી.

નૉર્થ કેપથી આર્કેન્જલ ફરતા નવા શોધાએલા માર્ગે રશિયા સાથે વેપાર ચલાવવા સ્થપાએલી મસ્કૉવી કંપનીમાં ૧૬૦૭માં તે જોડાયો. ઉત્તર ધ્રુવના માર્ગે થઇ સ્પાઈસ ટાપુઓ પહોંચવાની માન્યતાને તે ચકાસવા માગતો હતો. ગ્રીનલૅંડને પૂર્વ કિનારે હિમાવરોધ (આઈસ-બૅરિયર) આવતાં સુધીની સફર તે કરી શકયો. પછી પૂર્વ બાજુએ વળવું પડયું, ને સ્પિટ્સબર્ગેન ટાપુના કિનારાઓ શોધીને તે ઇંગ્લંડ પાછો ફર્યો.

મસ્કૉવી કંપની તરફથી તે ફરી ઉત્તર રશિયા ફરતો ઈશાની માર્ગ શોધવા નીકળ્યો, પરંતુ બરફ નડયો. ઇ. ૧૬૦૯માં તેણે ડચ ઈસ્ટ ઇન્ડિયા કંપની તરફથી આ માર્ગ શોધવાની કોશિશ કરી, પણ આર્કટિક મહાસાગરમાં વલંદા ખલાસીઓએ આગળ જવાની ના પાડી દીધી. તે પછી, હાલના ન્યૂ યૉર્કના રેખાંશની આસપાસ પાસિફિક તરફ લઇ જનારી કોઈક સામુદ્રધુની હોવી જોઇએ એ માન્યતાને ચકાસવા તેણે આટલાન્ટિકની સફર કરી. સામે કિનારે પહોંચ્યા બાદ એક પહોળી ખાડી તેને મળી આવી, જેમાં ૧૫૦ માઈલની તેણે કરેલી સફરના સ્થાનને આજે આપણે 'હડસન નદી' તરીકે ઓળખીએ છીએ. આમ કોઈ સામુદ્રધુની તો તેને ન મળી, પણ આ શોધને પરિણામે વલંદાઓએ એ નદી પર વસાહત સ્થાપીને ન્યૂ આમ્સ્ટર્ડામ શહેર વસાવ્યું, જે પાછળથી અંગ્રેજોના કબજામાં આવ્યા બાદ ન્યૂ યૉર્ક કહેવાયું.

૧૬૧૦માં તેણે કરેલી ચોથી અને છેલ્લી સફરનું પ્રો. રમણલાલ ચી. શાહની કલમે લખાએલું વર્ણન આ સાથે આપ્યું છે.

ચાર મહાન ભૌગોલિક સીમાચિહ્નો હડસન મૂકતો ગયો છે: હડસન અખાત, હડસન સામુદ્રધુની, હડસન નદી અને તે પરની વસાહત ન્યૂ યૉર્ક. તેણે અભૂતપૂર્વ શોધો સંખ્યામાં બહુ કરી નથી, પરંતુ તેની સફરોનું મહત્ત્વ ઘણું છે. 'આર્કિટક વ્હેલિંગ' આર્કટિક સાગરની વ્હેલ માછલીઓના શિકારનો માતબર ઉદ્યોગ વિકસ્યો અને કૅનેડાનો નવો માર્ગ અંગ્રેજો માટે ખુલ્લો થયો એ તેની જ સફરોને આભારી છે.

લેખક - પ્રો. રમણલાલ ચી. શાહ એમ. એ.

ધુનીને પોતાનું નામ આપી 'હડસન સામુદ્રધુની' તરીકે ઓળખાવી.

એ સામુદ્રધુનીમાં આગળ જતાં સમુદ્રમાં ત્રણ નાનકડા ટાપુઓ પાસે તેઓ આવી પહોંચ્યા. હડસને એ ટાપુઓને પોતાના એક આશ્રયદાતા લૉર્ડ ડિગેસનું નામ આપ્યું. ડિગેસ ટાપુ પર તેમને લાખો પક્ષીઓ જોવા મળ્યાં. સૌને એ જોઇ આનંદ થયો. અને એક જ વિચાર આવ્યો કે ક્વચિત ખોરાક ખૂટી જાય તો અહીંથી સારો ખોરાક મળી રહે. સ્થાનિક આદિવાસીઓની ટોળકીઓ તો અહીં હતી, પરંતુ આ અજાણ્યા પ્રદેશમાં દાખલ થનાર પરદેશી તો તેઓ જ પહેલા હતા. અહીં પહોંચ્યા સુધીનો હડસનના હાથનો લખેલો રોજેરોજનો અહેવાલ મળે છે. ત્યાર પછીનો અહેવાલ બીજા સાથીદારનો લખેલો છે.

ડિગેસ ટાપુથી આગળ જતાં હડસનના વહાણે ફરી પાછો ખુલ્લા સમુદ્રમાં પ્રવેશ કર્યો. ત્યાંનાં પાણીની વિશાળતા જોઇ હડસનને લાગ્યું કે જરૂર ત્યાંથી હવે વાયવ્ય દિશા તરફ આગળ જઈ શકાશે. હકીકતમાં એ એક વિશાળ ઉપસાગર હતો. એનું નામ 'હડસન બે' રાખવામાં આવ્યું, અને એ સમુદ્રના પૂર્વ તરફના કિનારેકિનારે દક્ષિણ તરફ તેઓ આગળ વધવા લાગ્યા. પાછા ફરવા માટે નિરધારેલો સમય તો કયારનો થઇ ગયો હતો, એટલે વિશેષ સાહસ ન કરતાં સમુદ્રમાં ગમે ત્યાં અટવાઈ ન જવાય તેવી સાવચેતી રાખીને તેઓ જમીનના કિનારાથી થોડે દૂર રહીને જ પોતાનું વહાણ હંકાર્યે જતા હતા. એમ કરતાં કરતાં તેઓ છેક દક્ષિણમાં બીજા એક નાનકડા ઉપસાગર સુધી આવી પહોંચ્યા, જેનું નામ 'જેઈમ્સ બે' રાખવામાં આવ્યું.

આટલે સુધી આવવામાં તેમજ નવો પ્રદેશ ખેડવામાં અને તેની મોજણી નોંધવામાં તેમને સારી સફળતા મળી હોવાથી પાછા ફરવા માટેના સમયનો તેમને જોઈએ તેટલો ખયાલ રહ્યો નહિ,—તેમણે રાખ્યો પણ નહિ. વસ્તુત: જે સફળતા મળી એને લીધે હડસનની આકાંક્ષા તો હજુ પણ વિશેષ આગળ જઇને નવો પ્રદેશ ખેડવાની હતી અને એને માટે થોડું સહન કરવા પણ એ તૈયાર હતો. પરંતુ બીજી બાજુ વેપારીઓ તરફથી તેમને ફક્ત છ માસ માટે જ રોકવામાં આવ્યા હતા અને ખાધાખોરાકી પણ એટલી જ લઈને તેઓ નીકળ્યા હતા. એટલે સૌની ધારણા પ્રમાણે આ પ્રદેશની શિયાળાની લાંબી રાત આવી પડે તે પહેલાં તેઓ ઈંગ્લંડ પાછા પહોંચી જનાર હતા.

પરંતુ ન તેઓ વધારે આગળ જઇ શકયા કે ન તેઓ સમયસર પાછા ફરી શકયા. ધ્રુવપ્રદેશનો શિયાળો અણધાર્યો વહેલો શરૂ થઈ ગયો. સમુદ્રમાં બરફનાં પડ જામવા માંડયાં. વહાણ હંકારવું જ મુશ્કેલ થઈ ગયું. થોડા દિવસમાં તો સમુદ્રમાં બધે જ બરફ જામી ગયો અને વહાણ પણ એ બરફ વચ્ચે જકડાઇ ગયું!

હવે તો શિયાળો પૂરો થાય, બરફ ઓગળે ને વહાણ ખસીને ચાલી શકે ત્યાં સુધી એ સ્થળે જ રહેવાનું નિશ્ચિત થઈ ગયું. એ સિવાય બીજો ઉપાય નહોતો, છૂટકો નહોતો. શિયાળો ગાળવો એનો અર્થ હવે થોડા જ દિવસમાં આવી પડનાર શિયાળાની ઘોર લાંબી રાત્રિ. ધ્રુવપ્રદેશની ત્રણથી ચાર મહિના લાંબી આ રાત અત્યંત બિહામણી હતી. દિવસે પણ જ્યાં રાત્રિ જેવી નીરવ શાંતિ સર્વત્ર પથરાએલી પડી હોય


ત્યાં રાત્રિની ભયાનકતાની કલ્પના જ શી કરવી! ધ્રુવપ્રદેશની આ રાત્રિ પોતાની કાતિલ ઠંડીને લીધે મનુષ્યના પ્રાણ હરનારી ગણાતી.

આમ છતાં હડસન હારી ખાય એવો નહોતો. સાહસ માટે અને નવાનવા અનુભવ માટે એ નીકળ્યો હતો. શિયાળાની રાત ગાળવાનો પ્રશ્ન એને જેટલો ગંભીર લાગતો હતો તેના કરતાં યે ખાધાખોરાકીનો પ્રશ્ન વધારે ગંભીર હતો. હવે તેમની પાસે ફક્ત બે મહિના ચાલે એટલો જ ખોરાક હતો. અને ત્રણ મહિના કરતાં યે વધુ સમય અહીં જ પસાર કરવાનો હતો. ગણતરી કરી જોતાં હડસનને લાગ્યું કે થોડો વધારે ખોરાક મેળવી લેવાની જરૂર છે. એણે તરત સમુદ્રમાં જ્યાં બરફ જામ્યો ન હોય ત્યાંથી માછલાં પકડવા ને બીજે શિકાર કરી લાવવા માટે ટુકડીઓ પાડી દીધી. પણ ત્યાં તો શિયાળાની ઘોર અંધારી રાત આવી પહોંચી, એટલે તેમના ખાધાખોરાકીના પુરવઠામાં ખાસ કંઈ ઉમેરો થયો નહિ. આથી આપોઆપ તેમના રોજના ખોરાકમાં થોડો કાપ મુકાયો.

એકલી ઠંડી અસહ્ય છે, પણ ઠંડી અને ભૂખ બંને જ્યારે ભેગાં મળે ત્યારે માણસની કસોટી કરી નાખે છે. શિયાળાની ભયંકર લાંબી અને ઠંડી રાત, એ રાતમાં દરિયા વચ્ચે બરફમાં સપડાએલું વહાણ, અને એ વહાણમાં કારમી ઠંડીથી ઠરવાતા અને ભૂખે ટળવળતા સાહસિકો અને ખલાસીઓ! ઈશ્વર કસોટી કરે છે ત્યારે કેવી કરે છે?

ઓછા પુરવઠાને લીધે તેમના રોજેરોજના ખોરાકમાં થોડો કાપ મુકાયો હતો. ઘેર પહોંચવા સુધીના ખોરાકની વાત તો બાજુએ રહી પણ અહીં શિયાળાની રાત ખેંચી કાઢવા માટે સંતોષકારક કહી શકાય એટલો ખોરાક પણ નહોતો. ફરી પાછા દિવસ દેખાવા શરૂ થયા પછી જ શિકાર કરીને વધુ ખોરાક મેળવી શકાય. વળી, થોડા માઇલો પર આવેલા ડિગેસ ટાપુ પરથી પણ વળતાં ખોરાક મળી શકે તેમ હતો. પરંતુ અત્યારે તો એનાં માત્ર સ્વપ્નાં જ સેવવાનાં હતાં. ધીરજ ધારણ કરી થોડા ભૂખ્યા પેટે આ દીર્ઘ રાત્રિ પસાર કર્યા સિવાય છૂટકો નહોતો.

પણ આવા સંજોગોમાં જ દરેકની ધીરજની, શાંતિની, સહનશીલતાની અને ઉદારતાની કસોટી થાય છે. આવા સંજોગોમાં જ મનુષ્યનો સાચો સ્વભાવ અને એનું સાચુ ચારિત્ર્ય પરખાઈ આવે છે.



હડસન સૌથી વધુ ચિંતા પોતાના માણસો માટે કર્યા કરતો હતો. એ પોતે તો બીજા કરતાં ઓછું ખાતો જ હતો, તેમ છતાં ભૂખે તેના માણસોમાં અસંતોષ પ્રગટાવ્યો હતો. શરૂઆતમાં તો તેમનામાંના કેટલાક સારીસારી વસ્તુઓ ખાવાના દિવસોનાં સ્વપ્નાં સેવવા લાગ્યા. બીજી કોઈ પ્રવૃત્તિ ન હોવાને લીધે આખો વખત આ જ વસ્તુ તેમનું ધ્યાન રોકતી. પણ થોડા દિવસ (ઘડિયાળ અને તારીખની દૃષ્ટિએ, કારણ કે આમ તો લાંબી રાત જ ચાલતી હતી.) પસાર થયા પછી કેટલાકનો અસંતોષ પ્રગટ થવા લાગ્યો. આવા દુઃખમાં સપડાવવા માટે તેઓ મનમાં પોતાના નાયકને જ દોષ દેવા લાગ્યા. ખાતી વખતે બીજાને વધારે મળી ન જાય એ માટે આંખો તીરછી બનવા લાગી. ખાધા પછી પણ અંદરઅંદર એ જ ગુસપુસ ગુસપુસ વાતો થવા લાગી. અન્નકોઠાર પરનો જાપ્તો કડક બન્યો; ખાદ્યવસ્તુનાં તોલમાપ વધારે ચોક્કસ બન્યાં. ધીમેધીમે માંહોમાંહે તકરારો પણ થવા લાગી.

આ કપરા સંકટમાં ત્રણચાર જણને એમ લાગવા માંડ્યું કે પોતે એમ ને એમ બેસી રહેશે તો જીવતા ઘેર પહોંચી શકશે નહિ. એમાં એકને હડસન પ્રત્યે અસંતોષ હતો, કારણ કે વહાણમાં વારંવાર ગાળાગાળી કરવા માટે હડસને તેને નીચી પાયરીએ ઉતારી પાડયો હતો. બીજો એક કારકુન હતો, જેને હડસન પ્રત્યે પહેલેથી જ અંગત દ્વેષ હતો. ત્રીજો રસોડાનો એક ચાકર હતો. હડસન સાથે અગાઉ બે વાર એ સફરે જઈ આવ્યો હતો, અને આગલી એવી એક સફરના કોઈક કારણે અને મિત્રોની ચડવણીને કારણે એને પણ હડસન પ્રત્યે દ્વેષ થયો હતો. સરખા સ્વભાવના આ ત્રણે મિત્રો એકઠા મળ્યા, અને હડસન-નિંદામાં રસ લેવા લાગ્યા. એમાં બીજા ત્રણ ખલાસીઓ પણ ભળ્યા. આમ છ જણ(જ્યૂએટ, ગ્રીન, વિલ્સન, ટૉમસ, પિયર્સ અને મોટેર)ની એક ટોળકી થઈ. ભૂખે મરવા કરતાં દાદાગીરીથી વધારે ખાવાનું મેળવવાનો વિચાર તેઓ કરવા લાગ્યા. એ વિચારને અમલમાં મૂકવાનું કાવતરું તેમણે ઘડી કાઢ્યું. તો પણ હડસન જેવા બાહોશ માણસ સામે કાવતરું પાર પાડવામાં તેમને વિલંબ થયો.

ત્યાં તો શિયાળાની રાત પૂરી થઈ. દિવસ શરૂ થયો અને આસપાસનો બરફ ઓગળવા લાગ્યો. વહાણ પણ બરફમાંથી મુક્ત થયું. દરિયો ખેડવા જેવો બની ગયો. જૂન મહિનાના બીજા અઠવાડિયામાં વહાણે લંગર ઉપાડયાં અને સઢ ચડાવ્યા. સૌ ઝટઝટ ઘેર પહોંચી જવાના આનંદમાં આવી ગયા. માત્ર પેલા છ જણ દુષ્ટતા અને મનની મલિનતાને લીધે મુક્ત આનંદ માણી શકતા નહોતા. તેઓને હજુ પણ જીવતા ઘેર પહોંચી શકાશે કે નહિ તેની ચિંતા હતી.

હડસને કોઠારમાંના ખોરાકની ગણતરી કરી જોઈ. ફક્ત પંદરસત્તર દિવસ ચાલે એટલો જ ખોરાક હતો અને ઘેર પહોંચવા માટે ચોખ્ખા અઢી-ત્રણ મહિના લાગે એમ હતા. છતાં આટલો ખોરાક ખૂટે તે પહેલાં તો ડિગેસ ટાપુ પર પહોંચી જવાની હડસનની ગણતરી હતી. એટલે ઘેર પહોંચતાં સુધી કંઈ વાંધો નહિ આવે એમ એને લાગતું હતું.

પણ, લંગર ઉપાડી વહાણે બે ત્રણ દિવસની મજલ પણ કાપી નહિ હોય ત્યાં તો બીજી એક આફત આવી પડી. શિયાળાની ઠંડી અને ભૂખની અસરને લીધે ચાર માણસો માંદા પડયા. માંદાને વધારે ખોરાકની જરૂર હતી. હડસન કેટલું ઓછું ખાતો હતો એ તો એ પોતે જ જાણતો હતો. માંદા માણસોને લીધે એણે પોતાનો ખોરાક લગભગ નહિવત્ કરી નાખ્યો. પણ તે ઉપરાંત બીજાના ખોરાકમાંથી થોડુંથોડુ બચાવવાની જરૂર હતી. એણે બધાને એકઠા કરી સમજાવ્યું કે 'એક પણ માણસના ભોગ વિના આપણે સહીસલામત ઘેર પહોંચવું હોય તો આપણે દરેકે થોડાથોડા ભોગ આપવો જોઇએ.' પેલા છ માણસોએ (અનુ. પૃ. ૩૩૩મે)

તામ્રપુરુષ



સત્તાવનના સમયનું કથાનક

શ્રી આનંદપ્રકાશ જૈનના મૂળ હિંદી ઉપરથી : અનુવાદક

ગુણવંત છો. શાહ

ઈ. **૧૮૫૭ના** પ્રારંભના દિવસો હતા. બિઠુરના કિલ્લામાં એક વિશાળ ભોજન-સમારંભ યોજવામાં આવ્યો હતો. કાનપુર નગર તેમજ છાવણીના મોટામોટા અફસરોને તેમાં નિમંત્ર્યા હતા. ગુલાબી ઠંડીના દિવસો હતા. સંમેલનમાં નાના ધોંડો પંતની રેશમી પાઘડી સૌથી વિશેષ આકર્ષણની વસ્તુ હતી. તેમના નાના ભાઇ બાલા-સાહેબ જાતે અતિથિઓને રકાબીઓ આપી રહ્યા હતા. હસમુખ ચહેરો, મોટીમોટી આંખો અને મજબૂત છાતીવાળા બાલાસાહેબ દરેક વિદેશીને આકર્ષતા હતા. નાનાસાહેબના ભત્રીજા રાવસાહેબે કમર ઉપર જે રમકડાની તલવાર લટકાવી હતી તે બૂટ સાથે અથડાઇને અવાજ કરતી હતી, કેમકે તેણે અંગ્રેજોનો પોષાક પહેર્યો હતો. પાંચ વર્ષનો આ બાળક કાનપુરના કલેક્ટર મિસ્ટર હિલસૅંડનને અંગ્રેજી ઢબે સૅલ્યુટ કરીને બોલ્યો : 'કેવો લાગું છું હું?'

'બહુ જ સુંદર !' હિલસૅંડને કહ્યું. પછી તેની પીઠ પર હાથ ફેરવતાં પૂછ્યું, 'લિટલ નાઈટ (બાળ-વીર), મારા ખોળામાં બેસશો ?'

'ના,' બાળવીરે કહ્યું, 'હું તો મારી જ ગાદી ઉપર બેસીશ.'

આ ભોળા શબ્દોનો બીજો અર્થ સમજતાં જ હિલસૅંડનના મુખનો ભાવ બદલાઇ ગયો. પછી તેણે એ બાળવીરમાં રસ ન લીધો. તેની સામે પ્લેટ મૂકતાં બાલાસાહેબે કહ્યું, 'ખાનસાહેબ તેને માટે ઇગ્લંડથી એક ગાદી લાવ્યા છે, એની પાસે તે કોઇની વિસાત નથી ગણતો.'

દરવાજા ઉપર નાનાસાહેબ આમંત્રિતોનો સત્કાર કરી રહ્યા હતા. સૌ આવી ગયા એટલે તેમણે પોતાની ખુરશી પાસે જઇને કહ્યું : 'સન્માનનીય અતિથિઓ, હવે ફક્ત એક જ વ્યક્તિની રાહ...' પણ તે હજી પોતાનું વાક્ય પૂરું પણ નહોતા કરી શકયા ત્યાં સામે નજર ફેંકતા બોલ્યા, 'લ્યો, એ જ આવી રહ્યા છે.'

સૌની દૃષ્ટિ સભાગૃહના દ્વાર પર ગઈ. આગંતુકે દરવાજા વચ્ચે એક ક્ષણ ઊભા રહીને અતિથિઓ પર નજર ફેંકી લીધી. એકવડિયું શરીર, ચુસ્ત શેરવાની, ચૂડીદાર પાયજામો ને લખનૌશાહી મોજડી; માથા પર મરાઠી પાઘડી; અંગ્રેજ હજામના હાથે કપાએલાં આછા તપખીરિયા રંગનાં દાઢીમૂછ; બબ્બે પાતળી રેખાઓમાં સમાએલી આંખ; હાથમાં એક નાનકડું ઈંગ્લિશ કેસ—આ ટૂંકમાં હતી એ વ્યક્તિની રૂપરેખા.

આવનાર વ્યક્તિ પોતાના સ્વામી નાનાસાહેબની બાજુમાં જ રાખેલી પોતાની ખુરશી પાસે જઈને ઊભી રહી. એ દરમ્યાનમાં કલેક્ટરની સેક્રેટરી મિસિસ ઓબ્રાયને જરા ઝૂકીને કલેક્ટર હિલસૅંડનના કાનમાં અંગ્રેજીમાં કહ્યું : 'હું માનું છું કે આ જ અજીમુલ્લાખાં, જે બે વર્ષ પહેલાં ઈંગ્લંડમાં નાનાસાહેબનું પેન્શન છોડાવવા ગયો હતો.'

હોઠ મરડીને મિસ્ટર હિલસૅંડને અંગ્રેજીમાં ધીમા સ્વરે કહ્યું, 'હા, આપણે જેને કીચડમાંથી કાઢીને આદમી બનાવ્યો તે જ આ ધાવ-પુત્ર.'

મિસ્ટર હિલસૅંડનનું કહેવું સાચું હતું. ઈ. ૧૮૩૭-૩૮ના દુકાળમાં એક દીનહીન છોકરો પોતાની મા સાથે સડક ઉપર છ દિવસથી ભૂખે મરી રહ્યો હતો ત્યારે એક અંગ્રેજ શિક્ષક મિ. પૅટને તેને ઇસ્પિતાલ ભેગો કર્યો અને પછી કાનપુરની એક ફ્રી-સ્કૂલમાં માસિક ત્રણ રૂપિયાની છાત્ર-વૃત્તિ આપીને ભણાવ્યો, દુનિયાના ખ્રિસ્તીઓની સંખ્યામાં એકનો વધારો થાય એટલા માટે. પણ તેની માએ એ માગણી ન સ્વીકારી અને ધાવના રૂપે પોતાનું પેટ પાળતી તે મરી ગઈ. એ પછી બ્રિગેડિયર સ્કૉટ અને ઍશબર્નહામની મુનશીગીરી ઉપર તે કેમ ન ટકી શક્યો અને શા માટે ત્યાંથી નાનાસાહેબની સેવામાં આવ્યો એનું કારણ તો એ સમયના ખ્રિસ્તી ધર્મનું એક સાધારણ રહસ્ય હતું.

ગમે તેમ, પણ આજે તે દુનિયાની નજરમાં નાનાસાહેબનો મંત્રી હતો અને નાનાસાહેબની નજરમાં વિશ્વાસપાત્ર તથા બુદ્ધિમાન મિત્ર હતો. પેશ્વા બાજીરાવના મરણ પછી અંગ્રેજોએ તેના દત્તક પુત્ર નાનાસાહેબનું વાર્ષિક આઠ લાખ રૂપિયાનું પેન્શન જપ્ત કર્યું ત્યારે નાનાસાહેબે બે વર્ષ પહેલાં પોતાના આ વફાદાર અને સદા ય હસતા મિત્રને ઈસ્ટ ઇંડિયા કંપનીના ડાયરેક્ટરો પાસે અપીલ કરવા ઈંગ્લંડ મોકલ્યો હતો. હજી બે દિવસ પહેલાં જ તે ઈંગ્લંડથી પાછો ફર્યો હતો.

મેજર જ્યૉર્જ પાર્કરે પૂછ્યું, 'કહો ખાંસાહેબ, ઇગ્લંડ કેવું લાગ્યું?'

'આપના આ પ્રશ્ન બદલ આભાર માનું છું.' તેણે ગરદન ઝુકાવીને કહ્યું, 'ખરી રીતે આપ લોકો જેટલા સારા લાગો છો એટલું જ સારું મને ઇગ્લંડ લાગ્યું. ત્યાંના લોકોએ મને અનેક ભેટ સોગાદો આપી છે. એ ભેટોનો શો ઉપયોગ કરવો એ મને નથી સમજાતું. આ સહભોજનનો આનંદ લેતી વેળા આપ સૌ આ વિષયમાં મને મદદ કરશો ?'

નાનાસાહેબે સૌને ખાવાનું શરૂ કરવા વિનતિ કરી અને સૌના હાથ રકાબીઓ પર ચાલવા લાગ્યા.

રાઇડિંગ-સ્કૂલના માસ્તર મિસ્ટર ગિલે ચમચો મોંમાં મૂકતાં કહ્યું, 'એ સઘળી ભેટોનું પ્રદર્શન આપ અમારી સામે કરશો એવી આશા છે.'

ખાન ખુરશી ઉપર બેસી ગયો હતો, પણ તેનો હાથ હજી રકાબી સુધી પહોંચ્યો ન હતો: 'ચોક્કસ; એ ભેટોનું પ્રદર્શન મારે આપ સમક્ષ કરવું જ જોઇશે, કેમકે એમાં વધુ ભેટ તો ભૌતિકને બદલે માનસિક છે.'

મોં સુધી પહોંચેલા સૌના કાંટા આ સાંભળી અટકી ગયા. બઝાર સાર્જન્ટની પત્ની મિસિસ રીડે મિસિસ ઓબ્રાયનના કાનમાં કહ્યું : 'હી ઈઝ ઇરૅઝિસ્ટેબલ!' (એના તરફ આકર્ષિત થયા વિના રહેવાતું નથી.)

'એ જ તો તેનો ગુણ છે.' મિસિસ ઓબ્રાયને કહ્યું. પાદરી મિસ્ટર મર્ચન્ટ બોલ્યા, 'મિસ્ટર ખાન, અમે આપનો મતલબ ન સમજ્યા.'

સામે પડેલા રસામાં ચમચી મૂકતાં ખાને કહ્યું : 'તેનો અર્થ બહુ જ સાદો છે. એ ભેટ વિચારોના રૂપમાં આપવામાં આવી છે. આ વિચારો ઇગ્લંડવાસીઓની બહુમૂલ્ય સંપત્તિ છે. એ વિચારો મેળવીને હું અને મારી સાથેસાથે હજૂર નાનાસાહેબ પોતાને ભાગ્યશાળી સમજે છે. એ વિચારોમાંના એકનું ઉદાહરણ આપની સામે મૂકું છું. કંપની સરકારના એક ડાયરેક્ટર સાહેબે મારી અપીલ જોઇને ખૂબ નમ્રતાપૂર્વક કહ્યું, 'ખાંસાહેબ, અમે આપના ખાસ મિત્ર છીએ એ

વાત સાચી, પણ એક સિદ્ધાંત આપે હમેશાં યાદ રાખવો જોઇએ કે સામૂહિક રાજ્યની પ્રણાલીમાં વ્યક્તિગત ભાવનાઓની કિંમત એટલી જ હોય છે, જેટલી એ કિંમતના આંકડાઓનો સમૂહની સંખ્યાના આંકડાઓથી ભાગાકાર કરતાં ભાગફળમાં જે વધે.' આપ સજ્જનો-એ જોયું ને, કે આ સિદ્ધાંત મને મોઢે થઈ ગયો છે! પણ ખેદ એટલો જ છે કે મને તેનો અર્થ નથી સમજાતો. આપ કોઈ આમાં મદદ કરી શકશો?'

સ્ત્રીઓએ એકબીજા તરફ અર્થભરી દૃષ્ટિથી જોયું. મેજર પાર્કરે મિસ્ટર ગિલની તરફ નજર કરી. મિસ્ટર ગિલ માંસના એક ટુકડા પર છૂરી ફેરવતાં ફેરવતાં બોલ્યા, 'વાહ! આથી સાબિત થાય છે કે મગજ જ દુનિયા પર રાજ્ય ચલાવે છે. મિસ્ટર ખાન, મને લાગે છે કે આપને મળેલા ઉપહારની પેટીને જે મજબૂત તાળું લાગેલું છે તેની ચાવી મારી પાસે છે. બહુ જ સાદી વસ્તુ છે. આપને એક વાર્તા કહું...'

નાનાસાહેબે હસીને વચ્ચે જ કહ્યું, 'તો શું આપણને એક વાર્તા સાંભળવા મળશે? સુંદર! હાર્દિક સહભોજનમાં વચ્ચે વાર્તા સાંભળતાં કેવો આનંદ થાય છે તેનો સૌને અનુભવ થશે.' અને વાર્તા સાંભળવામાં મગ્ન થવાની તૈયારીરૂપે તેમણે પોતાનો ચમચો રકાબીમાં મૂકી દીધો.

મિસ્ટર ગિલે પોતાની વાત શરૂ કરતાં કહ્યું, 'આભાર, યોર એકસેલેન્સી! તો, વાર્તા એવી છે કે એક વાર એક સિંહે એક શિયાળને પકડ્યું. શિયાળે પ્રાર્થના કરી કે દયા ને કરુણા ખાતર મારો જીવ ન લો; એટલે સાબિત થશે કે સિંહ જ વનનો રાજા છે. તે દંડ પણ આપી શકે છે અને માફી પણ આપી શકે છે. સિંહે વિચાર્યું કે દયા ખાતર કરવામાં આવેલી અપીલનો સ્વીકારકરીને પોતાને સર્વશક્તિમાન સિદ્ધ કરવાનો આથી વધુ સારો મોકો નહિ મળે. છતાં તેણે શિયાળની પૂંછડી કાપીને તેને છોડી દીધું. માનું છું કે આપ સૌ વાર્તામાં રસ લઇ રહ્યા છો.'

ખાન વિચારપૂર્ણ ચહેરે પોતાની ચમચી સાથે રમી રહ્યો હતો. કલેક્ટરે પોતાના કાંટામાં ભેરવેલા એક ટુકડાને આંખો સામે ફેરવતાંફેરવતાં કહ્યું, 'મિસ્ટર ગિલ, વાર્તા કહેવામાં તો આપ કાબેલ છો.'

પાંચ વર્ષની નાની વયમાં જ તલવાર ધારણ કરતાં શીખી ગએલા રાવસાહેબ પોતાની ઊંચી ખુરશી ઉપરથી પ્રયત્નપૂર્વક ઊતરીને માસ્ટર ગિલની પાસે જઇને ઊભા રહ્યા. મિસ્ટર ગિલે તેના ખભા ઉપર હાથ મૂકીને કહ્યું, 'એથી શિયાળ બહુ જ કૃતજ્ઞ થયું અને પોતાની જાતિમાં જઇને એવો પ્રચાર કરવા લાગ્યું કે સિંહ જંગલનો રાજા છે. શિયાળ દ્વારા આ પ્રચાર થવાથી જંગલનાં સઘળાં જનાવર સિંહથી ડરીને નાસી ગયાં, એટલે ખોરાકનો પ્રશ્ન બહુ જ મુશ્કેલ થઇ પડ્યો. અંતે સિંહોની એક સભા ભરવામાં આવી અને તેમાં નિશ્ચય કર્યો કે કોઇ પણ સિંહ શિકાર કરે તો તેણે તે શિકાર સામૂહિક ભંડારમાં લાવવો અને એમાંથી સૌએ ભાગ લેવો. આથી ખોરાક મેળવવાની અનિયમિતતા દૂર થશે...મને લાગે છે કે મહિલાઓ આ વાર્તામાં રસ નથી લેતી.'

મિસિસ રીડે હસી કહ્યું, 'મને મારો કાંટો નથી જડતો, મિ. ગિલ!'

મિસ્ટર ગિલે તેના તરફ જરા ગરદન ફેરવીને કહ્યું: 'આભાર! મારી વાર્તા હવે બહુ થોડીક જ બાકી છે. દરમ્યાનમાં તમારો કાંટો તમને મળી જશે એવી આશા રાખું છું... તો, એ દિવસથી સિંહોની વ્યક્તિગત સત્તા સમાપ્ત થઇ ગઈ અને તેમની સંગઠિત શક્તિ જંગલમાં સર્વોચ્ચ થઇ ગઈ. તે જે શિકાર કરતા તે એક જગ્યાએ એકઠો થતો અને પછી સૌને વહેંચી દેવામાં આવતો. હવે, બન્યું એવું, કે એક દિવસ પેલું બાંડું શિયાળ જ પેલા સિંહના હાથમાં આવી ચડ્યું. શિયાળે કહ્યું: "જુઓ, હું તો તમારું જૂનું શિયાળ છું. મને માફ કરવાથી તમને જે ગૌરવ મળ્યું છે એ ન ગુમાવો." મિસ્ટર ખાન, સિંહે હવે જે ઉત્તર આપ્યો તેમાં આપને મળેલી ભેટની ચાવી મળી રહેશે.'

ખાને પોતાનું મોં ઊંચું કર્યું. ગળુ સાફ કરતાં તેણે કહ્યું: 'આભાર! મારું ધ્યાન આપની તરફ જ છે.'

મિસ્ટર ગિલ મલકાયા. તેમણે આગળ ચલાવ્યું, 'તો સાંભળો. સિંહે જવાબ આપ્યો, "વહાલા શિયાળભાઈ, એક સમય એવો હતો કે જ્યારે હું સર્વશક્તિમાન ગણાતો, કેમકે ત્યારે હું આત્મનિર્ભર હતો. જોકે આજે હું પહેલાં કરતાં વધારે બળવાન છું, પણ તું જે ગૌરવ મને આપવા ઇચ્છે છે એ લેવાને અસમર્થ છું. અમે હવે વીસ સિંહોના સમૂહમાં રહીએ છીએ. પહેલાં મારી ભાવનાની કિંમત એટલી હતી કે પકડાએલાં ચાર જનાવરમાંથી એકને હું છોડી શકતો હતો, પણ હવે મારે મારી એ કિંમતને વીસની સંખ્યાથી ભાગવી પડે છે. મેં પહેલાં પૂંછડી રાખી હતી અને તારા શરીરને છોડી મૂક્યું હતું; હવે હું પૂંછડી તો છોડી શકું તેમ છું, પણ તને છોડી શકું તેમ નથી."'

મિસિસ રીડ વાર્તા સાંભળીને ઊછળી પડી. હિલર્સડને પોતાની હૅટ હવામાં ઉછાળી! ચોમેરથી વાહવાહના અવાજ આવવા લાગ્યા. મેજર પાર્કર તો હસતાંહસતાં લોટપોટ થઇ ગયા. અન્ય સજ્જનો તથા મહિલાઓએ મિસ્ટર ગિલની તરફ અતિગૌરવની દૃષ્ટિથી જોયું.

અજીમુલ્લાખાં ઊઠ્યો અને સૌની તરફ એક નજર ફેંકીને અત્યંત નમ્ર સ્વરે બોલ્યો, 'મિસ્ટર ગિલની વિદ્વત્તા ખરેખર અમાપ છે. આ દુર્લભ જ્ઞાનનો કઈ રીતે ઉપયોગ કરવો તેનો ખયાલ હું અને નાનાસાહેબ ભવિષ્યમાં રાખીશું. હવે હું આપની સમક્ષ મને મળેલી એક બીજી ભેટ રજૂ કરું છું, જે ભૌતિક છે.'

આમ, એક પછી એક રોચક સ્થિતિ સૌની સામે આવતી હોવાથી આ પ્રસંગનું પ્રમુખ કાર્ય જે ભોજન, તે ધીમી ગતિએ થતું હતું. સૌએ ઉત્સુક નજરે ખાન તરફ જોયું. તેણે પોતાની પાસેનું કેસ ખોલ્યું અને એક દૂરબીન કાઢ્યું. મેજર પાર્કરે કહ્યું, 'ઓહ! આ તો ટેલિસ્કોપ છે.'

ખાને ફરીથી ગરદન ઝુકાવી અને બોલ્યો, 'ઇસ્ટ ઇંડિયા કંપનીના ડાયરેક્ટરોએ મળીને પોતાના ખર્ચે આ ભેટ મને આપી છે. અમારા

સુભાષિત


· અનુષ્ટુપ ·

जीर्यन्ते जीर्यतः केशा दन्ता जीर्यन्ति जीर्यतः।
चक्षुःश्रोत्रे च जीर्येते तृष्णैका तरुणायते॥

(અનુવાદ)

આયુના વધવા સાથે વાળ-દાંત જતા ગરી,
આંખ-કાન થતાં ખોટાં; તૃષ્ણા જ તરુણી થતી!

[વિવરણ: આ શ્લોકનું ચોથું ચરણ અક્ષરરચનાનો મધુર નમૂનો છે. એમાં તૃષ્ણાનો સ્વભાવ સાહજિક ને પ્રબળ રૂપે વ્યક્ત થયો છે. ઢળતી વયે મનુષ્યના વાળ-દાંત જીર્ણ થઈ ખરવા-પડવા માંડે છે, આંખ-કાનનાં તેજ ને શક્તિ ઓછાં થઈ જાય છે, ને અવયવોમાં આવી બીજી અનેક ઊણપો આવવા માંડે છે; માત્ર માનવીની તૃષ્ણા જ એક એવી છે જે આથમતી વયે ઊલટી વધુ ને વધુ તરુણ બનતી જાય છે! એમાં તારુણ્યનું આરોપણ કરીને કવિએ તૃષ્ણાનું નગ્ન સ્વરૂપ પ્રકટ કર્યું છે. માણસના જીવન આખાને આવરીને પડેલી એક અતિ કપરી ને વિનાશક વૃત્તિની સામે લાલ બત્તી ધરનારો આ શ્લોક સાહિત્ય તેમજ જીવન બંનેમાં સાચવી રાખવા જેવું રત્ન છે.]



નાનાસાહેબ બગડી બેઠાના સમાચાર પછી કાનપુરમાં જનરલ વ્હીલરના કિલ્લામાં ફેલાએલું ચિંતાજનક વાતાવરણ
ઇ. ૧૮૫૮માં ઇંગ્લંડમાં દર અઠવાડિયે પ્રકટ થતા રહેલા 'નૅરેટિવ ઑાવ ધી ઇન્ડિયન રિવોલ્ટ' નામક અહેવાલમાળાના સચિત્ર ગ્રંથમાં તત્કાલીન સ્કેચ પરથી આલેખાએલું ચિત્ર

મહેમાનોના મનોરંજન માટે મારી જાતને મૂર્ખ બનાવતાં મને સંકોચ નથી. આ દૂરબીન આપતી વખતે મૅનેજિંગ ડાયરેક્ટરે કહ્યું હતું કે આ ચીજ તમારા લોકોમાં રહેલી ખામીને દૂર કરશે, કે જેના કારણે તમે હમેશાં પીડા અનુભવો છો.' મિસિસ રીડે આસ્તેથી મિસિસ ઓબ્રાયનના કાનમાં કહ્યું, 'આપને નથી લાગતું, કે આ પુરુષનો ચહેરો લાલ-ઘૂમ થઇ રહ્યો છે?'

મિસિસ ઓબ્રાયન તેના તરફ જોઈ બોલી, 'આશ્ચર્ય ! આપની વાત સાચી છે. આ પુરુષ ખરેખર તાંબાની મૂર્તિ જેવોજ લાગે છે! કેમ એમ ?'

મિસ્ટર જી. નામના એક ઘરડા અંગ્રેજે પૂછયું, 'ખાંસાહબ, એ ખામી કઈ છે તે અમે જાણી શકીએ ?' ખાંસાહેબે કહ્યું, 'અમારામાં જે ચીજની ખામી છે તેનું નામ છે દૂરદર્શિતા.'

'ફાઈન !' મિસ્ટર હિલસંડન મોટા અવાજે બોલી ઊઠયા, 'ખૂબ સરસ મજાક કરી !' ખાને આગળ ચલાવ્યું, 'અને મેં ડાયરેક્ટરોને વિશ્વાસ આપ્યો કે અમે લોકો જે વસ્તુ નથી જાણતા તેને બહુ જ જલદી સમજી શકીએ છીએ. તેમની આ ભેટ માટે અમે કેટલા કૃતજ્ઞ છીએ એ તો ભવિષ્ય જ બતાવી શકશે.' ખાનની આ વાતનો કોઇએ ખયાલ ન કર્યો, કારણ કે એ વખતે સૌ ઈંગ્લંડથી ખાનની સાથે આવેલો નવો શરાબ ગટગટાવવામાં મશગુલ થઈ ગયા હતા.

આ અદ્‌ભુત વ્યક્તિની સાથે વાતચીત કરવાની તક લેવા મિસિસ ઓબ્રાયને કહ્યું, 'મિ. ખાન, ઇંગ્લંડની સ્ત્રીઓ વિષે તમારા શા વિચારો છે?'

'ત્યાંની સ્ત્રીઓનો આનંદ અને હાસ્ય જોઇને મને આશ્ચર્ય અને હર્ષ બંને થાય છે.' એકએક શબ્દ તોળતાં ખાને કહ્યું, 'તેમનાં જ ભાઈ-બહેનો દુનિયાના બીજા છેડે હિંદની ભૂમિ ઉપર જિંદગીના જોખમે જીવી રહ્યાં છે એ વાતનો તેમને જરા યે ખયાલ નથી એ જોઈ મને આશ્ચર્ય થાય છે; અને આનંદ એટલા માટે, કે અનેક ઠેકાણેથી ફાટેલાં કપડાંમાં પોતાનું શરીર ઉઘાડું રાખીને અમારાં ગામડાંની સ્ત્રીઓ લજ્જાશીલ હોવાનો દંભ (?) કરે છે, જ્યારે મૂલ્યવાન વસ્ત્રોથી પોતાનું આખું શરીર ઢાંકવા છતાં ઈંગ્લંડની સ્ત્રીઓ તેમના કરતાં કેટલી જુદી છે! આ સર-ખામણી જોવા માટે મેં એમને હિંદ આવવાનું આમંત્રણ આપ્યું છે.'

આ શબ્દોને મિસિસ ઓબ્રાયને પ્રશંસા રૂપે સ્વીકાર્યા.

સમારંભ સમાપ્ત થયો અને આમંત્રિતો વિદાય થવા લાગ્યા ત્યારે નાનાસાહેબના સેવકોએ દરેક વિદેશીને એક એક કમળ ભેટ આપ્યું.

કિલ્લાની બહાર નીકળીને લૅન્ડો ગાડીમાં બેસતાં બેસતાં મિસ્ટર હિલસંડને મિસિસ ઓબ્રાયનને કહ્યું, 'આ ફૂલ કયું છે એ મને યાદ નથી આવતું. ફૂલ મોટું બહુ છે, પણ સુગંધ જરા યે નથી.' મિસિસ ઓબ્રા-યને તેના હાથનો ટેકો લઇને ગાડીમાં ચડતાંચડતાં કહ્યું, 'આ હિંદુસ્તાની ફૂલોમાં સુગંધ નથી હોતી, છતાં તે ભમરાઓને પોતામાં જકડીને તેને મારી નાખે છે.' આ કલ્પના ઉપર મિસ્ટર હિલસંડને અટ્ટહાસ્ય કર્યું.

આ પ્રસંગ પછી એક અઠવાડિયા બાદ, પચ્ચીસમી માર્ચ અઢારસો સત્તાવનના દિવસથી મેરઠમાં કમળના ફૂલની આપ-લે શરૂ થઇ ગઈ અને કોઈ પ્રકાંડ કવિની કલ્પનાનું પ્રતીક એ ફૂલ મેરઠથી દિલ્હી, અલીગઢ સીતાપુર ને લખનૌ થઇને કાનપુર સુધી પહોંચી ગયું, ને ત્રણ મહિના-માં તો સમગ્ર ઉત્તર ભારત કમળના ફૂલથી છવાઈ ગયું. શરણ માગવા માટે અંગ્રેજો બિઠુરના કિલ્લામાં આવ્યા. ખાન નાનાસાહેબની બાજુમાં જ બેઠો હતો. નાનાસાહેબે તેની તરફ અર્થભરી દૃષ્ટિએ જોયું. એ વ્યક્તિના મુખમાંથી ફક્ત આટલા જ અક્ષરો નીકળ્યા. 'નવલખો હાર.'

નાનાસાહેબે મિસ્ટર હિલસંડનને કહ્યું, 'નવાબગંજનો ખજાનો ખોલવો પડશે. મારી પાસે તો માણસો નથી, તોપો નથી કે તલવારો નથી.'

પાસે જ ઊભેલા નાનકડા રાવે પોતાની નાનકડી તલવાર આગળ ધરતાં કહ્યું, 'તલવાર તો આ રહી!' મિસ્ટર હિલસંડને કંઇક વિચાર-તાં કહ્યું, 'પણ નવાબગંજના ખજાનામાં તો નવ લાખ રૂપિયા છે.'

'ઓહ !' નાનાસાહેબે કહ્યું, 'બસ એટલા જ ? મને તો એનો ખયાલ જ નહિ. ઠીક, ગમે તેમ એટલા તો એટલાથી કંઇક વ્યવસ્થા તો કરવી જ પડશે. ઓછામાં ઓછા પાંચસો ઘોડેસવાર જોઇશે જ.'

હિલસંડને માથું નમાવી દીધું. થોડી વારે તેણે ઊંચું જોઇને પેલી તામ્રવર્ણી વ્યક્તિ તરફ નિરીક્ષણની દૃષ્ટિએ જોયું. ત્યાં તો એ જ સ્મિત હતું. ધૃણા અને ક્રોધનો રંગ ઓળખવામાં ફરી એક વાર ભૂલ થઈ, અને પરિણામે, નવલખો નવાબગંજ, એક મોટું શસ્ત્રાગાર, એક નાનકડું તોપખાનું અને પાંચસો દેશી ઘોડેસવાર નાનાસાહેબનાં થઇ ગયાં, જેના કારણે તેનું નામ વીર તાત્યાટોપે અને સત્તાવનની દુર્ગા રાણી લક્ષ્મીબાઇની હરોળમાં મુકાઇ ગયું.

હિલસંડનને વિદાય કર્યા પછી એક અઠવાડિયે મેજર જનરલ સર એચ. એમ. વ્હીલરને મળવા તેના કિલ્લામાં પેલી તામ્રવર્ણી વ્ય-ક્તિએ પ્રવેશ કર્યો. મેજર પાર્કરે તેની સાથે ઝટકા સાથે હાથ મેળવ્યો અને ખુશ થઇને કહ્યું, 'આખરે હિંદુસ્તાનમાં કોઇક તો છે કે જેના ઉપર અમે ભરોસો રાખી શકીએ.'

ખાને હાથ છોડતાં કહ્યું, 'મેજર સાહબ, સાવચેત રહેજો; કેમકે મુશ્કેલીના વખતે માણસને પોતાના સિદ્ધાંત યાદ નથી રહેતા.'

'મને એનો ખયાલ છે.' વ્હીલરના ખંડ તરફ જતાં મેજરે કહ્યું, 'કોઈનું પણ ભવિષ્ય તેના મિત્રો ઉપર આધાર રાખે છે.'

એ જ વખતે મેજર જનરલ વ્હીલર પોતાના ખંડમાંથી બહાર નીકળતા દેખાયા. તેમના હાથમાં એક રાઈફલ હતી. ખાનને જોતાં જ તે ચોંકી ઊઠયા. ખાને હાથ મેળવતાં કહ્યું, 'એનફીલ્ડ રાઈફલ ?'

પોતાના શસ્ત્રને ગર્વથી જોતાં મેજર વ્હીલરે કહ્યું : 'હા, જે લોકો સૈનિકશિસ્તનો ઇરાદાપૂર્વક ભંગ કરે છે તેઓને આ નવી રાઈફલ બરો-બર પાઠ શીખવશે. જુઓ...' એમ કહીને તેમણે ખિસ્સામાંથી થોડાક કારતૂસ કાઢયા અને રાઈફલમાં ભર્યા. પછી ઘોડો ચડાવ્યો, સામેના બાગમાં એક ફળવાળા વૃક્ષ ઉપર નિશાન તાક્યું અને એક પછી એક એમ છ ફળ તૂટીને નીચે જમીન ઉપર પડયાં.

ચીકણા કારતૂસોને મેજરના હાથમાંથી લઇને ખાને મસળ્યા અને પછી ખુશી જાહેર કરતાં બોલ્યા. 'કેટલી ચમક છે આમાં !'

'હા.' મેજર પાર્કરે કહ્યું, 'અને એ લોકો કહે છે કે આમાં ગાય અને સૂવરની ચરબી લગાવી છે. ધર્મની આડે રહીને તીર મારે છે ! નીચ !'

ખાનના ચહેરાનો તામ્રવર્ણો રંગ સીધો તડકો પડવાથી ચમકવા લાગ્યો. તેણે કહ્યું, 'એ લોકોની સંસ્કૃતિ જ દોષભરેલી છે. એ લોકો આટલી સીધીસાદી વાતને પણ નથી જોઈ શકતા કે અંગ્રેજો ભારતમાં ફક્ત પવિત્ર પિતા ઈસુનો સંદેશ આપવાના શુભ ઉદ્દેશથી જ આવ્યા છે! મારી પાગલ માએ મરતી વખતે મારી પાસેથી વચન ન લીધું હોત તો હું યે ક્યારનો અમારી તરફ આવી રહેલી એ કરુણામાં ભળી ગયો હોત.' આ વાક્યો સાંભળીને મેજરને ખૂબ સંતોષ થયો. દૂરથી મિસિસ રીડે ખાનને જોયો, અને ત્યાંથી જ અવાજ કર્યો, 'ઓહ ! મિસ્ટર ખાન તમે કેટલા સારા માણસ છો, કે આ મુસીબતમાં અમારી સંભાળ લેવા જાતેજ આવ્યા ! મારી સાથે શેકહૅન્ડ કર્યા વિના ન જતા.'

ખાને તેની સામે હાથ ઊંચો કરીને મેજર જનરલ સાથે વાત શરૂ કરી, 'એ તો ઠીક, પણ જે કૃપાળુ સજ્જનોનું રક્ષણ કરવાની મારા દિલમાં ઇચ્છા છે તે સજ્જનોનાં દર્શન શું હું નહિ કરી શકું?'

'નહિ, નહિ,' વ્હીલરે કહ્યું, 'આવો, આપને મળીને તેઓ પ્રસન્ન થશે.'

એટલામાં તો મિસિસ રીડ પાસે આવી ગઈ હતી. તેની સાથે હાથ મિલાવતાં ખાને કહ્યું, 'ભરોસો રાખજો કે અમે ટૂંક વખતમાં જ આપની મુસીબતો ખતમ કરી દઇશું !'

બાગની નજદીક જ, પાકી ભીંતની બૅરેક તરફ જતાંજતાં ખાને એક કૂવો જોયો. બૅરેક, સ્ટોર અને અનાજના કોઠારની વચ્ચે, લગ-ભગ બસો ફૂટના ચોગાનની મધ્યમાં વચ્ચોવચ જ એ કૂવો આવેલો હતો. પેલા સજ્જનોને મળવા જતાંજતાં (અનુસંધાન પૃષ્ઠ ૩૩૧મે)

અગસ્ત્યને પગલે...

લેખક અને ફોટોકલાકાર
નવનીત પારેખ



સંકલ્પ

પ્રાગૈતિહાસિક યુગની વાત છે. ત્યારે દેવો ને દાનવોમાં પંચ-શીલની આણ વર્તતી અને સામાન્ય લાભ માટે બંને વચ્ચે સહકાર પણ હતો. એક દિવસ દેવોના ગુરુ બૃહસ્પતિ તથા દાનવોના અધિષ્ઠાતા શુક્રાચાર્ય કોઈ સંયુક્ત સાહસ વિષે ચર્ચા કરતા હતા. જંબુદ્વીપથી અગ્નિ દિશામાં વિસ્તરેલા અનંત, અજ્ઞાત પ્રશાન્ત ક્ષીરસાગરનું મંથન કરીને–તેની પાર જઇને ત્યાંની સંપત્તિ, સમૃદ્ધિ ભારત લઈ આવવી ને સમાન ભાગે વહેંચી લેવી એવા નિર્ણય પર બંને આવ્યા.

પછી તો વર્ષો સુધી આ અજોડ સંયુક્ત સાહસની તૈયારીઓ તડામાર ચાલી. વિશ્વકર્માએ અતુલ કૌશલ્ય તથા અઢળક દ્રવ્ય ખર્ચી મોટું નૌકાદળ ઊભું કર્યું, તેમાં કેટલા યે દિવસો ચાલે તેટલી ખાદ્યસામગ્રી ભરી તેમજ સાગરપાર જઇને વસાહત સ્થાપવા માટેનાં બધાં જરૂરી સાધનો પણ લીધાં. આચાર્ય બૃહસ્પતિએ શુભ મુહૂર્ત શોધી આપ્યું અને દેવો તથા દાનવોની નૌકાઓ જયઘોષ સાથે પ્રાચીની દિશામાં ઊપડી.

દેવો-દાનવોએ એ દક્ષિણ સમુદ્રનું મંથન કર્યું ને साहसे वसते लक्ष्मी: એ ન્યાયે અખૂટ સંપત્તિ તેમજ અનેક અવનવી વસ્તુઓ ઘેર લઇ આવ્યા. વિષ્ણુને લક્ષ્મીજી મળ્યાં, ઇંદ્રને ઐરાવત મળ્યો, દાનવોને શ્રવા અશ્વ મળ્યો અને દેવોને અમૃતનો કુંભ પણ મળ્યો.

પણ अर्थमनर्थम् भावय नित्यम्। સંપત્તિ તથા અમૃત મળ્યા પછી દેવદાનવો લડી મર્યા ને ભારતના એ મહાસાહસ ઉપર પડદો પડ્યો.

સૈકાઓ બાદ પૌરાણિક યુગમાં આર્યો વિન્ધ્યાચલને પણ વીંધીને દક્ષિણ ભારતમાં પ્રવેશી ચૂક્યા અને દ્રાવિડો સાથે ઓતપ્રોત થઈ ગયા, તે પછી મહર્ષિ અગસ્ત્યે સમુદ્ર-મંથનની કથા યાદ કરી અને ફરીથી એક નવું નૌકાદળ ઊભું કરીને મહાસાગર પાર જવા આદેશ આપ્યો. પોતે જ તેની નેતાગીરી લીધી અને હજારો ભારતીય વસાહતીઓ સાથે પ્રશાન્ત-સાગરને પી ગયા,—તેની પાર પહોંચી ગયા.

મહર્ષિ અગસ્ત્યના આ સમુદ્રપાન—સમુદ્રઉલ્લંઘન પછી ભારતીય વસાહતીઓના અસંખ્ય કાફલાઓ બંગ રૂપસાગર તથા પ્રશાન્ત મહાસાગરની સફર કરવા લાગ્યા. અને બે-ચાર સૈકાઓમાં તો યવ-દ્વીપ (જાવા), સુવર્ણ દ્વીપ (સુમાત્રા), મલય દ્વીપકલ્પ (મલાયા), કમ્બોજ (કૅમ્બોડિયા), ચંપા, શ્યામ ચીન, શૂલવેષી (સેલેબિસ), કાલીમંથન (બોર્નિયો) તેમજ તે વિસ્તારના સેંકડો નાના-મોટા ટાપુઓ પર ભારતવર્ષની દેવભૂમિ પરથી આવેલા અધિનિવેશકો પુનર્વાસિત થઈ ગયા અને તે તે પ્રદેશના જ નાગરિકો બની ગયા.

પૂર્વ એશિયાના, તે કાળ સુધી અસંસ્કૃત રહેલા, આતિથ્યપ્રેમી સહૃદયી લોકોએ તેમનું ભાવભીનું સ્વાગત તથા બહુમાન કર્યું અને તેમને આર્ય-ગુરુઓ ગણી આચાર્યપદે સ્થાપ્યા. વર્ષાઋતુના પુરવાળી અનેક નદીઓને જેમ મહાસાગર શાન્ત મનસ્કે પોતાના ઉદરમાં સમાવી લે છે તેમ, ભારતીય ધર્મ તથા મહા-સંસ્કૃતિએ સદા દેશ-વિદેશની નાના પ્રકારની સંસ્કૃતિઓ તથા વિચાર-ધારાઓને પોતામાં સમાવી લીધી છે, પોતાની બનાવી લીધી છે. એ જ રીતે સમગ્ર પૂર્વ-એશિયા પર ભારતીય સંસ્કૃતિનું પૂર ફરી વળતાં, તે તે પ્રદેશની સ્થાનિક સંસ્કૃતિ ભારતની મહા-સંસ્કૃતિમાં ડૂબી ગઈ, સમાઈ ગઈ.

ભારતીય અધિનિવેશકોની સાથે હિંદુ તથા બૌદ્ધ ધર્મ અને તત્ત્વજ્ઞાન, ઇતિહાસ પુરાણની કથાઓ તથા પ્રણાલિકાઓ, શિલ્પ અને સ્થાપત્ય, સંગીત તથા નૃત્યકલા, ભાષા અને સાહિત્ય, બધું સાગરપાર પ્રસર્યું, ફૂલ્યુંફાલ્યું, અને તેથી યે આગળ પેરૂ, મેક્સિકો તથા ઑસ્ટ્રેલિયામાં વિસ્તર્યું. સુવર્ણ દ્વીપમાં શ્રીવિજયનું મહાસામ્રાજ્ય ઊભું થયું અને સૈકાઓ સુધી તેણે ભવ્ય સાંસ્કૃતિક વિકાસ સાધ્યો. એ જ રીતે યવ-દ્વીપમાં મજ્જપહિતનું સામ્રાજ્ય ફાલ્યું અને વિસ્તર્યું. કમ્બોજમાં સૂર્યવર્મન તથા યશોવર્મન રાજાઓએ માનવ-ઇતિહાસમાં અજોડ એવાં ભવ્ય મંદિરો બાંધ્યાં અને સમગ્ર પૂર્વ એશિયામાં વેદની ઋચાઓનો ઘોષ તથા નૃત્યકારોનાં નૂપુરનો ધ્વનિ ગુંજી રહ્યો.

કોઈ પરીકથાની તોલે આવે તેવી રૂપેરી સાહસકથા એક ઐતિહાસિક બીના છે, ભારતીય ઇતિહાસનું એ સુવર્ણ-પ્રકરણ છે. પંદર વર્ષ ઉપર જ્યારે હું કૉલેજમાં ભણતો તરુણ હતો અને સાહસનાં અનેક સ્વપ્નાં સેવતો ત્યારે મા. જે. પુસ્તકાલયમાં પૂર્વ-એશિયાના વિવિધ દેશો તથા તેમની નાના પ્રકારની સંસ્કૃતિ વિષે સંખ્યાબંધ પુસ્તકો પ્રાપ્ત થયાં. આખા યે પ્રશાન્ત સાગરના વિસ્તારમાં ભારતીય પ્રેરણાની પ્રચંડ, જીવંત અસર જોઇને તથા તેમાં હિંદુ સંસ્કૃતિનું જ પ્રતિબિંબ જોઇને અદ્ભુત રોમાંચ અનુભવ્યો. સ્વપ્નમાં પુરાણકાળના વસાહતીઓ સાથે હું યે સુવર્ણદ્વીપ–યવદ્વીપની યાત્રા કરી આવ્યો. કલકત્તામાં ચાલતા બૃહદ્-ભારત-સમાજ (Greater India Society) સાથે પત્રવ્યવહાર કરીને પૂર્વ-એશિયામાં પ્રસરેલી ભારતીય સંસ્કૃતિ વિષે વધારે માહિતી મેળવી. જાવાના બોરોબુદુર, કમ્બોજના અંકોર-વાટ, ને સિયામની અયોધ્યાનગરીનાં કલ્પનાચિત્રો આંખ આગળ તરવરવા લાગ્યાં. જાવાના વયાંગ–ઓરાંગના નૃત્યકારો તથા તેના વાદ્યવૃંદના સ્વરો, બાલીના ઝાંગેર તથા કેબિયાર નૃત્યના ધ્વનિ તેમજ સિયામના ખોન–લાકોનના તાલ કાનમાં ગુંજવા લાગ્યા. મહર્ષિ અગસ્ત્યને અનુસરીને ભવિષ્યમાં ક્યારેક પણ બાલીના બેસાકી મંદિરના શિવ તથા કમ્બોજના અંકોર-મંદિરના વિષ્ણુનાં દર્શનનો સંકલ્પ ત્યારે જ કરી લીધો.



કંબોજના ભવ્ય અંકોર-વાટના પ્રાંગણમાં અમેરિકન દંપતી સાથે

પ્રયાણ : शं नो मित्रः शं वरुणः।

જાવા-બાલી-કમ્બોજની યાત્રાનો સંકલ્પ કર્યે તો વર્ષો વીતી ગયાં, પરંતુ કાલની ક્રીડા સાથે તે અભિલાષા કરમાઈ ન જતાં ઊલટી વધારે જ ફૂલીફાલી. નવા જ્ઞાન ને નવી માહિતીનું તેને સિંચન મળ્યું અને તેની શાખા છેક જાપાન સુધી પહોંચી.

ધીરજનાં ફળ મીઠાં. બાલીના શશાઙ્કશેખર આશુતોષ મહાદેવ તથા અંકોર-વાટના ગરુડધ્વજ વિષ્ણુ પ્રસન્ન થયા અને ઈ. ૧૯૫૬ (સંવત્ ૨૦૧૨)ના અંત ભાગમાં પૂર્વ એશિયાના પર્યટનની તક સાંપડી.

યાત્રાએ નીકળતાં પહેલાં જ ફરીફરીને કેટલાંયે પુસ્તકો ઉથલાવી ગયો, તે વિસ્તારના શિક્ષણ તથા સાંસ્કૃતિક વિષયના સરકારી અધિકારીઓ તથા અન્ય કલાપ્રેમી સજ્જનો સાથે સંપર્ક સાધ્યો અને પ્રવાસની બધી પૂર્વતૈયારીઓ બહુ ઝીણવટથી કરી લીધી.

સપ્ટેમ્બરની ૨૬મી ને બુધવારે સવારે ૧૧-૫૦ વાગ્યે પાકિસ્તાન ઇ. ઍરવેઝ લાઇન્સના કૉન્વૅર વિમાનમાં ભારત છોડીને બૃહદ ભારતની યાત્રાએ ઊપડ્યો. ગગન આરૂઢ થયા પછી વિમાનની બારીમાંથી નીચે વેગથી અદૃશ્ય થતા, તાલ-તમાલ વૃક્ષોની હારથી વિભૂષિત જુહુના સાગરતટ તરફ છેવટનો દૃષ્ટિપાત કર્યો. જનની તથા જન્મભૂમિ, મિત્રો તથા કર્મભૂમિ, એ બધાંથી વિખૂટા પડતાં કોનું હૈયું ભરાઈ ન આવે? એ સર્વને તથા પરમ કૃપાળુ પરમાત્માને માનસિક પ્રણિપાત કર્યો અને વેદના શાન્તિપાઠ ઉચ્ચાર્યા.

પૂર્વ એશિયાની આ યાત્રા પહેલાં યુરોપ અમેરિકાનો વિસ્તૃત પ્રવાસ તો કરી લીધો હતો, પરંતુ મધ્ય-પૂર્વના વિસ્તારમાં તો કેવળ મિસરની જ મુલાકાત લઈ શક્યો હતો. સમગ્ર ભારત ખંડિત થયા પછી નવા ઊભા થએલા ઇસ્લામી રાષ્ટ્ર પાકિસ્તાનમાં પણ ડોકિયું કરવાની તથા ત્યાંના રાજતંત્ર અને જનતાની પરિસ્થિતિ નજરે નિહાળવાની ઇચ્છા ઘણા સમયથી હતી. તેથી જ મુંબાઈથી સીધા સિયામ-જાપાનની દિશામાં ન જતાં હબસીના ડાબા કાનની જેમ કરાચી રસ્તે બૅંગકૉક જવા વિચાર્યું હતું.

રાત્રે કે.એલ.એમ.નું વિમાન મળે ત્યાં સુધીના પાંચ-છ કલાક હું કરાચીમાં નવરો જ હતો. પરંતુ પાકિસ્તાનમાં મારા કોઇ પરિચિત કે મિત્રો નહોતા. વળી પ્રવાસ દરમ્યાન પૂર્વ-એશિયામાં વસતા હિંદી વેપારીઓ કે મિત્રોનો ખાસ પરિચય ન સાધતાં અને તેમની સાથે મુંબાઇ-અમદાવાદના સમાચારોની આપ-લે કરવામાં સમય ન બગાડતાં, પ્રત્યેક દેશના સ્થાનિક નાગરિકો વચ્ચે જ રહીને તેમનું જીવન, રીતરિવાજો, પોશાક, પ્રણાલિકાઓ, લલિત કલાઓ, તથા સામાજિક આર્થિક તેમજ રાજકીય સમસ્યાઓ સમજવામાં દરેક પળ વિતાવવાનો નિરધાર કર્યો હતો.

મહાસાગરના તરંગો એક કાષ્ઠના ટુકડાને બીજાની નિકટ લાવી મૂકે છે તેમ સંસાર તથા સમયના તરંગો બે અણજાણ વ્યક્તિઓને પણ સાવ નજદીક લાવી દે છે. તદ્દન અજાણ વ્યક્તિના અણધાર્યા સમાગમમાં આવી પડયા પછી તેની મૈત્રી સાધવામાં તથા તેની સાથે પોતાનાં મંતવ્યોની આપલે કરવામાં કોઇ અજબ રોમાંચ, આહલાદ છે. ત્યારે પ્રતીતિ થાય છે કે દરેક મનુષ્ય—પ્રાણીમાત્ર, હૃદયમાં તો શાન્તિપ્રિય, પ્રેમાળ, દિવ્ય છે ને બીજાને સ્નેહ કરવા ઇચ્છે છે તથા બીજાનો સ્નેહ માગે છે. બીજા વિષેની અણસમજ તથા શંકાશીલતાને લીધે જ તે ક્રુદ્ધ કે નિષ્ઠુર બને છે. તેને ખાતરી કરી આપીએ કે આપણામાં તેના પ્રત્યે કેવળ પ્રેમ ને અનુકંપા જ છે તો કોઇ માનવ બીજા તરફ વિનાકારણ ક્રૂર કે નિર્દય નહિ બને. અરણ્યના હિંસક પશુઓમાં પણ એ જ ધારો છે. માનવ-હૃદયના સ્નિગ્ધ અને આર્દ્ર ખૂણાનો જ સ્પર્શ કરવાની જરૂર છે. સામેથી તેવો જ પ્રતિઘોષ જરૂર મળશે.

દેશ-પરદેશમાં અનેક ભાષાઓ બોલાય છે. સામાને સમજવો કે સમજાવવો બહુ અઘરું થઈ પડે છે. પરંતુ સૌ વચ્ચે એક માનવભાષા પણ છે. તે ભાષા આપણી જિહ્વા નથી બોલતી, પણ આપણી આંખો, આપણી મુખમુદ્રા બોલી ઊઠે છે. જીભ તો કેવળ મનના, બુદ્ધિના વિચારો વ્યક્ત કરે છે, પરંતુ આપણી મુખમુદ્રા તો હૃદયના ભાવનું પ્રતિબિંબ છે અને તેમાં કોઈ ગેરસમજ થવા સંભવ નથી. અજાણ્યા માણસ સામે પણ તમે સ્મિત કરો, અને તે સામેથી જરૂર સ્મિત આપશે જ. રસ્તે જતાં અજાણ્યાં બાળકો પણ હાથ હલાવીને પોતાનાં પ્રેમ તથા શુભેચ્છા વ્યક્ત કરે છે અને સામેથી તમારા એવા જ ભાવપ્રાકટ્યની આશા રાખે છે. પૂર્વ એશિયાના સમગ્ર પ્રવાસ દરમ્યાન

અસંખ્ય અજાણી વ્યક્તિઓના આકસ્મિક સમાગમમાં હું આવ્યો હતો, પરંતુ કોઇ અપવાદ વિના બધાએ મારા સ્મિત તથા સ્નેહભાવનો તેટલી જ ઉત્કટતાથી પડઘો પાડ્યો હતો અને થોડી જ પળોમાં અમે વર્ષોજૂના મિત્રો હોઇએ તેવી આત્મીયતા બંધાઇ જતી હતી.

કોઈ પાકિસ્તાની મિત્રની શોધમાં આમતેમ નજર નાખી. 'Fasten Se.it-belt'ની સંજ્ઞા અદૃશ્ય થઇ એટલે ફરર–બંધ છોડીને આગળની બેઠક ઉપર એકલા જ બેસીને પરિચારિકા(hostess)એ આપેલી મીઠી ચ્યૂઇંગ-ગમ ચાવતા મુસ્લિમ લાગતા એક ભાઈ પાસે જઈ હું બેઠો. વિવેકથી સ્મિતની આપ-લે પછી અમે વાતે વળગ્યા. અસલ સૌરાષ્ટ્રના એ મેમણ ગૃહસ્થ જનાબ મહમ્મદ યુસુફ ભારતના ભાગલા પછી કરાચીમાં સ્થાયી થયા હતા ને પાકિસ્તાન ઈન્સ્યોરન્સ એજન્સીમાં ભાગીદાર હતા. પાકિસ્તાનની પરિસ્થિતિ, ભારત સાથેના સંબંધો, વેપારના સંયોગો વગેરેની ચર્ચામાં પડ્યા. મહમ્મદભાઈ શાન્ત, નિખાલસ તથા વિવેકી સજ્જન હતા. કરાચીમાં પોતાની જ સાથે જઇ પોતાની મોટરમાં કરાચીમાં ફરવાનું તેમણે મને આમંત્રણ આપ્યું. ભાવતું હતું અને વૈદે કહ્યું! કરાચી જોવાની સમસ્યા ઉકલી ગઇ.

પરિચારિકા બપોરનું ભોજન લઇ આવી. અગાઉથી ખબર આપી રાખેલી, તેથી શાકાહારી ભોજન મળી શક્યું. મહમ્મદભાઇ પાનના શૉખીન નીકળ્યા, તેથી ભોજન પછી મુંબાઈનાં પાન ચાવતાં અમે વધુ તડાકા માર્યા. પશ્ચિમ પાકિસ્તાનના સૂકા પ્રદેશમાં નાગરવેલનો છોડ તો ઊગી જ ન શકે. ભાગલા પછી બે-ચાર વર્ષ તો વસઈનાં પાન-કેળાં સારી સંખ્યામાં કરાચી જતાં, પરંતુ ભારત સાથે અસહકારનું વ્રત લીધેલી પાકિસ્તાન સરકારે તેની આયાત ઉપર પણ પ્રતિબંધ મૂક્યો. હાલ થોડાં પાન પૂર્વ બંગાળથી વિમાનમાર્ગે કરાચી આવે છે અને પાનના શૉખીનોને એક સાદા પાનના ચાર આના આપવા પડે છે! મહમ્મદભાઈ તો પાનની એક નાની ટોપલી મુંબાઇથી લઈ આવ્યા હતા!

પાક-ઍરનું કૉન્વૅર વિમાન બહુ સગવડવાળું હતું. ઇંડિયન ઍરલાઇન્સના ડૅકોટા કરતાં વધારે સારું લાગ્યું. પશ્ચિમ પાકિસ્તાનનો સમય ભારતથી અરધો કલાક પાછળ છે, તેથી કરાચીના ડ્રિગ રોડના વિમાની મથકે ઊતર્યા ત્યારે ત્યાંના બે પણ વાગ્યા નહોતા. કરાચી ઍર-પોર્ટ નવું થએલું છે ને પૂર્વ-પશ્ચિમના વિમાની વ્યવહારમાં અગત્યનું મથક છે. કેટલી યે ઍર લાઇન્સનાં વિમાનો જતાં આવતાં કરાચી ઊતરે છે,—મુખ્યત્વે તો પેટ્રોલ પૂરવા જ. ઇમિગ્રેશનનું પતાવી કસ્ટમ્સમાં દાખલ થયા. બધું સાદું, સામાન્ય હતું. અધિકારીવર્ગ વિવેકી હતો, પણ કામમાં ચીવટ કે ચાતુર્ય ન મળે. ટાળટપ્પા અને બીજા અધિકારીઓના કામમાં વાંધો કાઢવાની વૃત્તિ દેખાઇ આવતી. સામેની દીવાલ પર એક તદ્દન સાદો, ઝાંખો પડી ગએલો, લાકડાની પાતળી સાદી ફ્રેમમાં મૂકેલો કાયદે આઝમ જિન્ના તથા કુ. ફાતિમા જિન્નાનો ફોટો હતો. તેના તરફ કોઈનું ધ્યાન કે માન હોય તેમ ન લાગ્યું.

પૂર્વ એશિયાનાં અનેક મનોહર દૃશ્યો તથા મારાં અવલોકનોને ચિરસ્થાયી રાખવા તથા મિત્રસમુદાયને તેનો કાંઇક પરિચય-આસ્વાદ આપવા માટે મારી સાથે ત્રણ કૅમેરા લઈને હું નીકળ્યો હતો અને આગળ ઉપર હૉંગકૉંગથી ચોથો કૅમેરા પણ લેવાનો બાકી હતો. સાન્તાક્રુઝ પર તો એરપોર્ટ સર્ટિફિકેટ કઢાવી લીધું હતું, પરંતુ કરાચી કસ્ટમ્સે ત્રણ કૅમેરા શહેરમાં લઈ જવા સામે વાંધો લીધો. ત્રણે જુદા પ્રકારના છે એમ સમજાવ્યા છતાં તેમાં કાંઈ વળ્યું નહિ અને એક કૅમેરાને, નંબર નોંધાવીને, ત્યાંના કસ્ટમ્સમાં સુપરત કરવો પડ્યો. અમલદારે વાત વિવેકથી કરી, પણ કાયદાની કલમ સામે તે પણ લાચાર.


બહાર મહમ્મદભાઇની મોટર ઊભી જ હતી, તેમાં શહેરમાં જવા નીકળ્યા. વિમાન-મથકથી શહેર જવાનો રસ્તો નવો જ બાંધેલો છે અને સારી હાલતમાં છે. મુંબાઈમાં સાન્તાક્રુઝથી શહેરમાં આવવાનો માર્ગ સુધારવાની ખાસ જરૂર લાગે છે. વિમાની યુગ શરૂ થયા પછી હવે ભારતનું પ્રવેશદ્વાર (Gate-way) મુંબાઇનું ઍપોલો બંદર નથી રહ્યું, પરંતુ મુંબાઇના સાન્તાક્રુઝ, દિલ્હીના પાલમ કે કલકત્તાના ડમડમ ઍર પૉર્ટને જ તે બિરુદ આપી શકાય.

વિમાની મથકથી કરાચી શહેર લગભગ પંદર માઈલ દૂર છે. મથકથી સહેજ જ દૂર પેટ્રોલ નીકળવાની સંભાવના છે અને તેથી તેલ પંપ કરવાની એક 'ડેરિક' ત્યાં ઊભી કરેલી દૂરથી જોવા મળી. શહેર પાસે આવતાં રસ્તાની બંને બાજુએ કેટલાક નવા, સામાન્ય કદના બંગલા નજરે પડ્યા. મહમ્મદભાઇએ સમજાવ્યું કે તેમાંના ઘણા તો

અંકોર થૉમનાં અપ્સરાનાં શિલ્પોનાં ચિત્રો (નીચે ડાબી બાજુ) જોઈને વાયાંગ-ઓરાંગ ને ઝાંગેર-કેબિયાર નૃત્યોના ધ્વનિ મારા કાનમાં ગુંજવા લાગ્યા. અને ત્યાંના 'સમુદ્રમંથન' શિલ્પમાંના દાનવની મૂર્તિ (જમણીબાજુ)એ એ પ્રાચીન રોમાંચક સાહસકથાઓને મારી નજર સામે સજીવન કરી.







કાયદે આઝમ (ઝીણા)ની મઝાર (કુમાર)

વિદેશી એલચી ખાતાનાં જ મકાનો છે. સામાન્ય લોકો માટે તો આવા નાના બંગલાઓ પણ ઘણા ખર્ચાળ ગણાય. પાકિસ્તાનનું નવું રાષ્ટ્ર થયા પછી કરાચી પાટનગર બન્યું અને બધા વિદેશી રાજદૂતોને નવાં મકાનોની જરૂર પડી, તેથી આ વિસ્તારમાં તેમજ બીજી બાજુ ક્લિફ્ટન જવાના માર્ગ પર ઘણી વિદેશી સરકારોનાં મકાનો બંધાયાં છે, જે પૈકી મોટા ભાગનાં અમેરિકન સરકારનાં જ છે.

મહમ્મદભાઈની ઑફિસે ચા પી અમે નીકળ્યા. તે પોતે કામમાં હોવાથી એક શ્રી કરીમભાઇને મોકલ્યા. કરાચીના જુદાજુદા માર્ગો પર ફેરવીને મને કાયદે આઝમ જિન્નાની મઝાર (કબર) પર લાવ્યા.

નાના ખુલ્લા ચોકમાં એક સાદી કબર બાંધેલી છે. ઉપર છાપરું નથી. ક્વચિત્ સાદા કૅન્વાસનો ચંદરવો બાંધે છે. આસપાસ ભારતથી આવેલા હજારો નિર્વાસિતોનાં ઝૂંપડાં બંધાયાં છે. પાસે જ લિયાકતઅલીખાંની પણ એવી જ સાદી કબર છે. ત્યાંથી નવી બંધાતી જુમા મસ્જિદ જોઈ સામાન્ય બઝાર અને ભરચક લત્તામાં આવ્યા. મુંબાઈના ભીંડીબજારનો લત્તો યાદ આવે.

કરાચીનો વાહન-વ્યવહાર બહુ ધ્યાન ખેંચે તેવો છે. પાકિસ્તાનના આ પાટનગરમાં ઊંટ-ગાડીઓ બહુ સામાન્ય છે. મોટા રસ્તાઓ પર પણ કોઇક નવી સ્ટ્રીમલાઈન્ડ અમેરિકન મોટરની સાથે 'અઢારે વાંકાં-વાળા'ને લાકડાની લાંબી ગાડી ખેંચતો જોઈ પરદેશીને વિચિત્ર લાગે. ત્યાં તો વિસ્મયમાં વધારો કરતી ગધેડા-ગાડીઓ પણ દેખાય! ઘોડાગાડીઓ કરતાં આ ગધેડા-ગાડીઓ વધારે સામાન્ય છે. પરંતુ આ શંભુમેળામાં સૌથી આશ્ચર્યદાયક તો ત્યાંની બસ છે. ખાનગી સાહસોને પૂરી મોકળાશ આપવાની અમેરિકન વિચારસરણીનું અનુકરણ કરીને કરાચી શહેર સુધરાઈએ કેટલીયે બસ કંપનીઓને કોઇ પણ દરે, કોઇ પણ સાધનસગવડના ભાવ-અભાવથી તેમની સર્વિસ દોડાવવા છૂટ આપેલી છે. અને તેથી આજે ત્યાં ૬૮થી પણ વધારે બસ-કંપનીઓ ચાલે છે! હરીફાઇમાં ભાડું સસ્તું કરવા માટે પૅસેન્જરોની સગવડો સામે આંખમીંચામણાં કરતી અને જેટલા ભરી શકાય તેટલા લોકોને ભરતી બસ પોતાના અનુકૂળ સમય પ્રમાણે દોડે છે. અહીંની ટ્રામો પણ તેથી વધારે સારી હાલતમાં નથી જ.

બે કલાક ગીચ વિસ્તારોમાં ફરીને ઑફિસે પાછા આવ્યા. હવે મહમદભાઈ મારી સાથે થયા. કરાચીના મોટા રાજમાર્ગો બંદરરોડ, મૅક્લીઑડ રોડ, જમશેદ રોડ તથા ક્લિફ્ટન રોડના ધંધાદારી વિસ્તારો ફર્યા. ત્યાં અગત્યની ઑફિસો ને મોટી દુકાનો આવેલી છે.

સમુદ્રતટથી સહેજ દૂર એક પારસી ગૃહસ્થે બંધાવેલું ક્લિફ્ટનપૉઇન્ટ આવેલું છે. પાસે એક નાનું બૅન્ડસ્ટૅન્ડ છે તથા પગથિયાં ઊતરીને સહેજ દૂર આવેલી બીચ પર જવાય છે. પરંતુ સૂકા પવનથી રેતી ખૂબ ઊડતી હોઇ બહુ ઓછા લોકો આટલે સુધી ફરવા માટે આવે છે.

સાંજ પડી. મહમદભાઇએ મને એક રેસ્ટોરાંમાં લઈ જઈ આગ્રહપૂર્વક ચા-નાસ્તો આપ્યાં. અમે એક બીજાથી સાવ અપરિચિત હોવા છતાં પણ તેમણે આટલી ખાતરબરદાસ્ત કરી તે માટે તેમની સહૃદય શુક્રિયા અદા કરીને હું ઍર-પૉર્ટ જવા નીકળ્યો.

રાત્રે સાડા દસે કે.એલ.એમ.ના સુપર-જી-કૉન્સ્ટેલેશનમાં કરાચી છોડ્યું. બેઠક તો અત્યંત સુખકર હતી જ, પણ વધારામાં રાત્રે પગ આગળ લાંબું ગાદીવાળું સ્ટૂલ મૂકી આપ્યું, જેના ઉપર નિરાંતે પગ લંબાવી સૂઈ શકાય. જગતમાં આ સૌથી આધુનિક વિમાન ગણાય છે. અને સાથે જ, અત્યંત ઝીણવટ, ખૂબી તથા દીર્ઘદૃષ્ટિ રાખીને આકાશમાં વીસ હજાર ફીટ ઊંચે (કૈલાસ શિખરની ઊંચાઇએ) આપી શકાય તેટલાં સગવડ તથા સુખચેન આ વિમાનમાં ભર્યાં છે. તેને ઊડતો-મહેલ કહેવામાં અતિશયોક્તિ નથી.

અમેરિકાની લૉકહીડ કંપનીએ બનાવેલું આ સુપર-કૉની એકસો તેર ફીટ તો લાંબું છે અને લગભગ સો ઉતારુઓને લઈ જઈ શકે છે. તેનો વેગ કલાકના ૩૫૦–૪૦૦ માઈલનો છે ને તે સળંગ ચાર હજાર માઈલ સુધી ઊડી શકે છે. અંદરની કૅબિન પ્રેશરાઈઝ્ડ કરેલી હોવાથી ને ઉષ્ણતામાન જાળવ્યું હોવાથી આટલી ઊંચાઇએ પણ હિમાલયના શિખર પર લાગતાં હાંફ કે કારમી ઠંડીને બદલે અલમોડા કે મહાબળેશ્વર જેવી મીઠી ઠંડક અનુભવાય છે.

બેઠકની રચના પણ બહુ વિચારપૂર્વક યોજેલી છે. ટટ્ટાર બેસીને જમવા માટે, કે સહેજ આરામથી બેસીને વાંચવા માટે, અથવા તો પાછળ ઢળીને આરામથી સૂવા માટેની અનુકૂળ સ્થિતિઓ બેઠાંબેઠાં બટન દબાવીને જ ગોઠવી શકાય છે. પ્રવાસીઓની પરોણાગત માટે હૉસ્ટેસ (પરિચારિકા) ઉપરાંત સ્ટ્યુઅર્ડ (નિર્વાહક) વગેરે પણ સેવાતત્પર હોય છે. ભોજન માટે પણ ઊંચી જાતની સામગ્રીમાંથી બનાવેલી ઉત્તમ વાનગીઓ કળા અને કુશળતાપૂર્વક ટ્રેમાં ગોઠવીને બેઠકના હાથા સાથે જોડી શકાય તેવા આધાર ઉપર પીરસવામાં આવે છે. અગાઉથી ખબર આપી રાખી હોય તો શાકાહારી વાનગી પણ મળી શકે ખરી; પરંતુ આપણા દેશની બહાર ચુસ્ત શાકાહારીપણું સમજાવવું બહુ અઘરું છે. મને તો ખોરાકમાં માંસ, મચ્છી કે ઇંડાં નથી ચાલતાં, પરંતુ તળવા માટે પણ માખણ ગરમ કરીને તેના ઘીમાં તળે તેવી સૂચના આપવી પડતી. ડુંગળી-લસણ પ્રત્યેની સૂગ પણ નિષિદ્ધ વસ્તુઓની યાદીમાં ઉમેરો કરતી. પરંતુ સદ્ભાગ્યે સાદું ભોજન મને પ્રિય હોવાથી અને અલ્પાહારી હોવાથી પાઉં, માખણ બાફેલા બટાટા અને ટમેટાનો કૅચ-અપ (ચટણી) તથા ચા અને ફળફળાદિથી નભી જતું. આગળ ઉપર હૉટેલ વગેરેમાં પૂરતું ખાવા ન મળે તો હું ભૂખ્યો ન રહું તે માટે માતાજીએ કેટલી યે તૈયાર વાનગીઓ સાથે આપી હતી: બદામની પૂરી અને મુંબાઇનો હલવો, પૂરણમલની દાળમૂઠ અને મઠના ખાખરા ઉપરાંત અથાણું તથા ચાનો મસાલો પણ ખરો જ. **भोज्येषु माता!** વધારામાં અમદાવાદથી સ્નેહલતાએ ખાસ બે વાર બનાવીને સ્વાદિષ્ટ ચના જોર ગરમ પણ મોકલાવ્યા હતા. આમ 'દુષ્કાળ' સામે ખોરાકનો અનામત જથ્થો સારા પ્રમાણમાં હતો. અગમબુદ્ધિ વાણિયા!

સુપર કૉનીમાં આરામથી રાત વિતાવીને સવારે આંખ ઉઘાડી ત્યારે તડકો ચડી ગએલો, પણ ઘડિયાળમાં તો સાત જ વાગ્યા હતા! કરાચીથી લગભગ બે હજાર માઈલ પૂર્વમાં આવ્યા હોવાથી સ્થાનિક સમય આગળ નીકળી ગયો હતો. વિમાનના કપ્તાને જાહેર કર્યું કે અમે રંગૂન શહેર ઉપરથી ઊડી રહ્યા હતા અને રંગૂનનો સ્થાનિક સમય કરાચીથી દોઢ કલાક આગળ હોવાથી તડકો ચડી ગયો હતો. જગવિખ્યાત સુવર્ણ-પૅગોડા જોવા માટે ડોક લંબાવીને–ઉત્કંઠ બનીને–બારીમાંથી નજર નાખી, પરંતુ એટલી ઊંચાઇએથી તો નીચે વાદળોના ઢગલા જ જોવા મળ્યા. બૅંગકૉકનો સમય કરાચી કરતાં બે કલાક આગળ હોવાથી ઘડિયાળનો કાંટો ફેરવ્યો: દિક્ અને કાળ (ટાઈમ ઍન્ડ સ્પેઈસ) વિષેના આપણા ખયાલો કેટલા સાપેક્ષ (રિલેટિવ) છે! (અનુ. પૃ. ૩૩૨મે)



મહાઉપકારક 'હેલીકૉપ્ટર'ની શોધ (૧૯૩૯) કરનાર આઇગર સિકોર્સ્કીની પ્રતિભાએ મનુષ્યના ઉડ્ડયનમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.



૧૮૮૯માં રશિયાના કીવ શહેરમાં ડૉક્ટર પિતાને ત્યાં જન્મેલા સિકોર્સ્કીએ માત્ર બાર વર્ષની વયે રમકડાનું હેલીકૉપ્ટર બનાવેલું.



૧૯મે વર્ષે તેણે બાંધેલું એક સાચું વિમાન તૂટી પડયું, તેમાંથી લંગડાતે પગે નીકળતાં તેને એકથી વધુ એન્જિનવાળા વિમાનનો ખયાલ આવ્યો.



પણ ૧૯૧૭માં, વિમાનો બાંધનાર તરીકે પંકાએલા સિકૉર્સ્કીના સાહસને સામ્યવાદીઓએ મારી નાખ્યું. તે ત્યાંથી ભાગી અમેરિકા આવ્યા.



ત્યાં દેશવટો ભોગવતા રશિયનોને ગણિત શીખવી આજીવિકા મેળવતાં એકથી વધુ એન્જિનવાળાં વિમાનોના નકશા કરવા માંડયા.



આખરે ૧૯૨૩માં લૉંગ ટાપુ પર એક ખુલ્લા ખેતરમાં કારખાનું નાખી જેવાતેવા ભંગારમાંથી બે એન્જિનવાળું વિમાન બનાવવા માંડયું.



પણ સખત ઠંડીએ કામ થંભાવી દીધું. એવે સંગીતસર્જક રેચમેનિનૉફે મદદે આવીને આ નાની કંપનીને એક વિમાનઘરમાં ખસેડી આપી.



રેચમેનિનૉફે આપેલાં નાણાં ખલાસ થઇ જતાં સિકોર્સ્કીની મંડળીએ ૨૦ અઠવાડિયાં સુધી વિના પગારે કામ કર્યું. એંજિન આકાર લેતાં ગયાં.




અંતે ૧૯૨૪માં વિમાન તૈયાર થયું. ઉડ્ડયન માટેનું પેટ્રોલ ભરવાનું તો પાલવે તેમ ન હતું. થોડાં ગૅલન મોટરનું પેટ્રોલ મેળવી શકાયું.



પણ ભંગાર એન્જિનો અદ્ધર જ અટકી પડયાં. વિમાન નીચે ઊતરતાં તૂટી ગયું. છતાં નિરુત્સાહિત થયા વિના ફરી વિમાન બાંધ્યું. દરમિયાન કારખાનાના ટેલિફોનથી થતી થોડા સિક્કાની આવક પર બધા જીવતા. પણ...



બીજો પ્રયત્ન સફળ થયો. એ વિમાન માલ લઇ જવાના કામ માટે ભાડે આપ્યું ને તેની આવકમાંથી બીજું વિમાન બાંધ્યું. એક એન્જિન અટકતાં બીજાથી ચાલે એવાં બે એન્જિનવાળાં આ વિમાનોની વરદી ઝડપથી મળવા લાગી.



પછી પાન અમેરિકા એરવેઇઝ માટે ઍટલાન્ટિકનું ઉડ્ડયન કરતાં ચાર એન્જિનવાળાં જહાજોનું અગ્રદૂત ૧૦ બેઠકોનું વિમાન બાંધ્યું, તે સાથે જ તેનું નામ દુનિયાભરમાં દરિયાપારના ઝડપી, સલામત પ્રવાસ સાથે જોડાઈ ગયું.



હવે સિકોર્સ્કીએ પોતાનું ધ્યાન પોતાની સૌથી પ્રિય મહેચ્છા તરફ વાળ્યું. ઇ. ૧૯૩૯માં બ્રિજપૉર્ટ પાસેના મેદાનમાંથી એક વિચિત્ર વિમાન ઊભું ને ઊભું ઉડ્યું અને એક પક્ષીની જેમ ઝળુંબી રહ્યું! એ 'હેલિકૉપ્ટર' હતું; આઇગર સિકોર્સ્કી પોતે જ તે ચલાવતા હતા.



તેણે ઉડ્ડયનના ઇતિહાસમાં નવયુગ સર્જ્યો. પ્રવાસીઓ અને નાનો સામાન લઈ જવા ઉપરાંત પાક પર દવા છાંટવા, જંગલની ચોકી ને હવાઇ નિરીક્ષણ કરવા તથા વીજળીના તાર બાંધવા માટે અને સૌથી વધુ તો જિંદગી બચાવવાનાં કાર્ય માટે તે વપરાવા માંડ્યાં.



બૉલ્શેવિક ક્રાન્તિ દરમિયાન ૨૮મે વર્ષે રશિયાથી ભાગેલા વિમાનસર્જક સિકોર્સ્કી તે સમય સંભારતાં કહે છે કે: 'મૂલ્યવાન વિચારો ધરાવનાર માણસને (અને મને લાગે છે કે હું તેવો હતો) સફળ થવાની તક મળે તેવું એકમાત્ર સ્થળ એ કાળમાં અમેરિકા હતું.'

હમણાં થોડા વખત પહેલાં જ કોપનહાગનના નગરભવન–ટાઉન-હૉલમાં ડેન્માર્કના રાજા ફ્રેડરિકે જગતની આઠમી અજાયબી સમા એક ઘડિયાળનું ઉદ્ઘાટન કર્યું. જુદાજુદા દેશોના સમય, જુદાજુદા રેખાંશો પરના તારાઓનો સમય અને ચંદ્રની કળાઓ તો એમાં જોવા મળે જ છે, પણ એ ઉપરાંત ૫,૭૦,૦૦૦ વર્ષ સુધીનું કૅલેન્ડર અને આવતાં ૪,૦૦૦ વર્ષ દરમિયાન ક્યાં અને ક્યારે કેટલા વાગ્યાથી કેટલા વાગ્યા સુધી સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ થશે એ પણ એમાંથી જાણવા મળે છે! એ એટલું તો ચોક્કસ છે કે એક હજાર વર્ષે એ માંડ એકાદ સેકંડ જેટલું પાછું પડશે! તેમાં દાંતાવાળાં ચક્રોની સંખ્યા ૪૪૫ની છે, જેના લગભગ ૧૫,૦૦૦ જુદાજુદા ભાગો હાથે જ બનાવાએલા છે. તેમાં દિવસ અને રાત્રિની લંબાઈટૂંકાઇનો હિસાબ રાખતું ચક્ર એટલું તો ધીમું ચાલે છે કે પોતાની ધરીની આસપાસ એક આંટો પૂરો કરતાં એને ૨૬,૦૦૦ વર્ષ લાગશે! એટલા સારુ એ આખું ચક્ર બનાવવાની માથાકૂટમાં ન ઊતરતાં ૬,૦૦૦ વર્ષ સુધી કામ આપી શકે એટલો ચક્રનો પા ભાગ જ એમાં મૂકવામાં આવ્યો છે! ખગોળશાસ્ત્રનાં સાધનો બનાવતા જેન ઑસ્લેન (Jen Oslen) નામના એક માણસે આ ઘડિયાળની યોજના અને નકશો તૈયાર કરેલાં, પણ ૧૯૪૫માં એનું અવસાન થયું. એણે તૈયાર કરેલા નકશાને આધારે તેના સહકાર્યકરોએ એ કામ ૧૯૫૫માં પૂરું કર્યું.

પચ્ચીસ વર્ષ પહેલાં



જેઠ ૧૯૮૮
અંક ૧૦૨

તમે બેઠા છો તે ખુરશી, પાણીપતનું યુદ્ધ, ચન્દ્ર અને આવતો ગુરુવાર,—આ બધી કેવી પરસ્પર મેળ વિનાની વસ્તુઓ છે?! પણ આઇન્સ્ટાઇન એના સાપેક્ષતાવાદના સિદ્ધાંત મુજબ એ બધાંની વચ્ચેનો સંબંધ લંબાઈ, પહોળાઇ, ઊંચાઈ અને કાળ, એ ચારે પરિમાણોમાં ગણિત કરીને નક્કી કરી આપી શકે છે! એનો એ જગવિખ્યાત સાપેક્ષતાવાદનો સિદ્ધાંત આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં સૌ પ્રથમ 'કુમાર'માં ડૉ. કાન્તિલાલ છ. પંડ્યા જેવા સમર્થ ગુજરાતી વિજ્ઞાનીએ ચિત્રો સાથે અને બની તેટલી સરળતાથી સમજાવ્યો હતો. એમાંના માત્ર થોડા ફકરા જ બસ થશે:

"એ સિદ્ધાંત સંબંધી પહેલો લેખ ૧૯૦૫માં પ્રકટ થયો. તે ત્રણ પાનાંનો હતો. પણ આ ત્રણ પાનાંના પતાકડામાં આઈન્સ્ટાઇને જે સમાવ્યું છે તેનો સાધારણ માણસને કદી ખયાલ ન આવી શકે. વૈજ્ઞાનિકોનાં શ્રેષ્ઠ મગજોને ય એને બરોબર પચાવતાં ત્રણ વર્ષ નીકળી ગયાં!

વિજ્ઞાન અત્યાર લગી પદાર્થ તથા શક્તિને જુદાં ગણીને ચાલતું. તેઓ એક જ છે એવું એણે પ્રતિપાદન કર્યું. વળી માપણી કરવામાં ઊંચાઈ, પહોળાઈ ને લંબાઈ એ જાણીતાં ત્રણ પરિમાણો પ્રચલિત હતાં. આઈન્સ્ટાઇને ચોથું પરિમાણ કાળનું ઉમેર્યું, અને સાબિત કર્યું કે કાળની ગણતરી કર્યા વિનાની સર્વ માપણીઓ દોષવાળી હતી!

વીજળી અને લોહચુંબકત્વ બે જુદાજુદા પ્રકારની શક્તિઓ ગણાતી, તેને એણે તાત્ત્વિક રીતે એક પ્રતિપાદિત કરી; ને અમુક સંયોગોમાં પદાર્થનું પદાર્થત્વ કેટલેક અંશે ઘટીને તેટલી નવી શક્તિ ઉત્પન્ન થાય છે એમ બતાવ્યું. આ બધી લીલા માત્ર દિક્-કાળની જ છે. દિક્ એ શું છે, એ કેટલું મહત્વ ધરાવે છે એ વિષે એણે નવીન સમજ આપી. આ વાદથી ખગોળ તથા ભૌતિકશાસ્ત્રમાં ઘણો ખળભળાટ મચ્યો.


દિક્-કાળ વિષે આઈન્સ્ટાઇનનું લાક્ષણિક કથન એ હતું કે તેઓનું સ્વતંત્ર નિરપેક્ષ માપ થઈ શકે નહિ. આ બે ચીજો પણ પ્રેક્ષકની અપેક્ષામાં જ માપી શકાય. આપણે જ્યારે સ્થળ કે કાળ વિષે બોલીએ છીએ ત્યારે હમેશાં તે આપણા સંબંધમાં કે સ્થાનિક અર્થમાં જ હોય છે. આમ દિક્ ને કાળ હમેશાં પ્રેક્ષકાદિ પર આધાર રાખે, એટલે હમેશાં સાપેક્ષ જ હોય.

આ વાત અનેક રીતે વિજ્ઞાનશાસ્ત્રીઓના સમજવામાં આવી. જરા વિગતમાં ઊતરીએ તો આપણે પણ કાંઈક સમજી શકીએ.


ન્યૂટનના સમયમાં એમ માત્ર મનાતું કે દિક્ સાવ ખાલી છે; સૂર્યનો પ્રકાશ આ શૂન્ય મહાસાગરમાં ઝીણા કણોના રૂપમાં પ્રવાસ કરી પૃથ્વીને પહોંચે છે; એ કણ ન હોય તો આકાશ ખરેખર ખાલીખમ છે. પણ તે પછી ભૌતિકશાસ્ત્રીઓએ બીજી કલ્પના ચલાવી કે પ્રકાશ તો તરંગમય છે, ને કણ એ સ્થૂળ પદાર્થરૂપ કહેવાય. એવું સ્વરૂપ પ્રકાશનું ન હોય. પરંતુ પ્રકાશતરંગો ગતિરૂપ છે, ને ગતિ એટલે પ્રકાશનું તરંગરૂપ શક્તિનું જ એક રૂપ થાય. આ વાત વધારે બંધબેસતી લાગી. પણ તેમાં મુશ્કેલી એ આવી કે એ તરંગો અથવા મોજાં છે શાનાં? પાણીનાં ને પવનનાં મોજાંઓથી ટેવાએલાં મગજોને હવે એ બેથી વધારે સૂક્ષ્મ તથા અદૃશ્ય એવું કાંઇક વાહન કલ્પવાની જરૂર પડી. એનું નામ 'ઈથર' પાડયું, અને આ સૂક્ષ્માતિસૂક્ષ્મ પદાર્થ ઈથર સઘળા વિશ્વમાં વ્યાપી રહે છે, પૃથ્વી સૂર્ય તારા સર્વ એ મહાસાગરમાં તરે છે, ને પ્રકાશ એ આ ઈથર-મહાસાગરની ઊર્મિમાળા છે એમ મનાયું.

તે પછી વળી કેટલીક મોટી શોધો થઈ. આજે જેને આપણે રેડિયોનાં મોજાંઓ કહીએ છીએ તે પણ પ્રકાશતરંગોના જેટલાં જ વિદ્યુન્મય છે એમ વિજ્ઞાન આલમના સમજવામાં આવ્યું, અને પછી તો જાણીતાં સઘળાં કિરણો ને તરંગો પ્રકાશનાં, રેડિયોનાં, એક્સ-કિરણોનાં, અલ્ટ્રા-વાયોલેટનાં નાનાનાનાં 'બંડલ' છે; તે સર્વ આકાશમાં ઊર્મિમાળાઓ જગાવી પ્રવેશ કરે છે; તેમાં ફરક માત્ર વેગનો જ છે; આવું દર્શન થયું. છતાં અસલની વાત તો ઊભી જ રહી કે આ વીજળિક બળનાં જુદાજુદા બંડલ—ભારાઓ જુદીજુદી ઝડપથી પ્રવાસ કરીને કેવી રીતે એક સ્થળેથી બીજે સ્થળે પહોંચે છે? કણ દ્વારા કે તરંગ દ્વારા? તરંગો દ્વારા હોય તો તરંગો શાની અંદરના? ઇથરના જ ને?


વૈજ્ઞાનિકોમાંનાં શ્રેષ્ઠ ચિત્તો આ કોયડો ઉકેલવામાં તથા તેને અંગેના વાદવિવાદમાં ગૂંથાયાં હતાં તે સમયે આઇન્સ્ટાઇને તેમાં પ્રવેશ કર્યો. એના કહેવાનું તારતમ્ય એ નીકળતું હતું કે 'આ કલ્પિત ઇથરને ઉડાડી મૂકો. આકાશને—દિક્ને તમે એક તદ્દન અશક્ય એવા સૂક્ષ્મ વાયુથી ભરી દીધું છે તેને બદલે આ સર્વ આકાશની લીલા સમજવી જોઇએ, કારણ કે દિક્ શૂન્ય કે મરેલી નથી. તે સજીવ છે, તે પોતે જ આંદોલનોનો મહાસાગર છે, અને પ્રત્યેક ક્રિયાની અંદર–વીજળીની કે અન્ય ગતિની સર્વ ક્રિયાની અંદર–તે જ મુખ્ય ભાગ ભજવે છે.' આઈન્સ્ટાઈને દિક્ને જિવાડી, ઈથરને સ્થાને દિક્નો આમ અભિષેક કર્યો, એટલું જ નહિ પણ કાળ રૂપી ચોથા પરિમાણને એની સાથે લગાડીને દિક્ને સમૃદ્ધ બનાવી. આ દિક્-કાળની રંગભૂમિ એણે એવી બનાવી છે કે જેની ઉપર આપણે જેને આજ, ગઈ કાલ ને આવતી કાલ કહીએ છીએ



ઉપરના ચિત્રમાં પહેલી આકૃતિમાં બતાવ્યા પ્રમાણે માણસ પૃથ્વી ઉપર ઊભો રહીને પથ્થર પડતો મૂકે તો તે ગુરુત્વાકર્ષણને લીધે બરોબર કાટખૂણે પૃથ્વી પર પડે એમ આપણે જાણીએ છીએ. પરંતુ જો ચન્દ્ર ઉપરનો કોઈ માણસ એ પથ્થરને પડતો જુએ તો તેને, ત્રીજી અને બીજી આકૃતિ વચ્ચે દોરેલી તૂટક લીટીની પેઠે ગોળાકારે પડતો તે દેખાય! કારણકે પૃથ્વી અને સૂર્ય બંને ગોળ ફરતાં હોવાને લીધે તે બંનેની ગતિના સાપેક્ષત્વથી, પથ્થર પડતો મૂકતી વખતે માણસ ત્રીજી આકૃતિમાંના Aની જગ્યાએ હશે તે એ પથ્થર પડતી વખતે બીજી આકૃતિમાંના Bની જગ્યાએ હશે. માટે જ આઈન્સ્ટાઇને કહ્યું કે બે બિંદુ વચ્ચેનું ટૂંકામાં ટૂંકું રૂપ સીધી લીટી નહિ પણ ગોળાકૃતિ છે!



ઉપરના ચિત્રમાં ચોકઠા વચ્ચે બતાવેલી, અઢાર ગણિતી ચિહ્નો તથા અક્ષરોની બનેલી સંજ્ઞામાં આઇન્સ્ટાઇને આ વિશ્વના નિયમોનું રહસ્ય ઉકેલી બતાવ્યું છે. વીજળીના ડાયનેમોમાં રહેલી ગહનવિદ્યુત્‌શક્તિથી માંડીને ગુરુત્વાકર્ષણના વિશ્વનિયમ સુધીના રહસ્યનો ઉકેલ એ સંજ્ઞામાં એણે સમજાવ્યો છે. જગતના અતિ મહાન પ્રતિભાશાળી ને વિરલ એવા કોઇક જ ગણિતશાસ્ત્રી તેનો અર્થ ઉકેલી શકે. એમાં અક્ષરો વચ્ચે આવતાં અર્ધવિરામનાં ચિહ્નોમાં પણ ગૂઢ ગર્ભિત અર્થ રહેલો છે.



દૂરના તારાઓમાંથી આવતાં પ્રકાશકિરણો સૂર્યની પાસેથી પસાર થતાં, તેના પ્રચંડ ગુરુત્વાકર્ષણથી એ વાંકાં વળે છે, એટલે એ તારાઓ સૂર્યની પાસે છે તે પોતાના સ્થાનમાંથી સારી પેઠે ચળિત થએલા દેખાશે.

તેના સર્વ બનાવો બન્યા કરે છે. આ મૌલિક વિચારના સમર્થનમાં, તથા તેની સાથે, અન્ય અનેક તથા અતિ મહત્ત્વના વિચારો પણ આઇન્સ્ટાઇને સિદ્ધ કરી બતાવ્યા છે.

તેના કહેવા પ્રમાણે બે બિંદુઓ વચ્ચેનું ટૂંકામાં ટૂંકું અંતર એ તેઓની વચ્ચેની સીધી લીટી નથી, ગોળાકૃતિ છે! દિક્ અથવા વિશ્વ અનંત નથી, પણ ગોળ છે. નવાઇભરી વાત તો બીજી છે. પદાર્થો જ્યારે બહુ ઝડપથી ચાલતા હોય છે ત્યારે તે સંકોચાય છે, નાના થાય છે. દાખલા તરીકે સ્ટેશને ઊભી રહેલી ટ્રેન કરતાં જ્યારે એ જ ટ્રેન કલાકના સાઠ માઇલની ઝડપે દોડતી હોય છે ત્યારે તે વધારે ટૂંકી હોય છે! દાખલા તરીકે આપણી પૃથ્વી એક સેકન્ડમાં ૧૯ માઇલની ઝડપે સૂર્યની આસપાસ ફરે છે. એક સેકન્ડના ૧૯ માઈલ એ કાંઈ જેવીતેવી ઝડપ નથી. પણ આપણે બધા પૃથ્વીની સાથે એ જ ઝડપે ફર્યા કરીએ છીએ એટલે આપણને તેનું ભાન થતું નથી. હવે માપ કરવાને માટે એક ગજ લઇએ. એ જ્યારે પૃથ્વીની ઉપર સીધો ઊભો હોય છે તે વખતે એની જે લંબાઈ થાય છે તે લંબાઈ, એ જ્યારે આડો થાય છે ત્યારે ઓછી થાય છે. આ ઘટાડો વ્યાવહારિક દૃષ્ટિએ તુચ્છ લાગે એટલો હોય છે, કારણ કે વસ્તુતઃ તે વીસ લાખનો એક ભાગ જેટલો જ છે; પણ એટલો ય ઘટાડો છે. મોટા કદવાળા કે વધારે ઝડપવાળા પદાર્થોમાં એ ઘટાડો વધારે થાય, એટલે વધારે મહત્ત્વનો થાય. દાખલા તરીકે પૃથ્વી જેવો મોટો પદાર્થ આ ગણતરીએ અઢી તસુ જેટલો વ્યાસમાં ઘટી જાય! અને આપણો ગજ જો દર સેકન્ડે એકલાખ સાઠ હજારમાઈલની ઝડપથી ધસતો હોય તો તેની લંબાઈ અર્ધોઅર્ધ ઘટી જાય!

સાપેક્ષત્વનો આ ખાસ વાદ પ્રકટ થયા પછી એક દસકો થઈ ગયો. ઈ. ૧૯૧૫માં આઈન્સ્ટાઇને પાછું પોતાની પ્રતિભા તથા ચિંતનનું બીજું અનન્ય ફળ જગતને અર્પ્યું. ગુરુત્વાકર્ષણ વિશ્વની એક મોટામાં મોટી શક્તિ છે. પૃથ્વી ઉપરના સર્વ પદાર્થોથી માંડીને આખી પૃથ્વી, ગ્રહો, ઉપગ્રહો, સૂર્ય, તારાઓ વગેરે બ્રહ્માંડની પ્રત્યેક ચીજમાં તે રહેલી છે. ૧૬૮૭માં ન્યૂટને એ ગુરુત્વાકર્ષણના જે નિયમો ઘડ્યા હતા, તેનાથી તદ્દન જુદા પાયા પર, જુદી જ ગણતરીઓ દ્વારા આઈન્સ્ટાઇને ગુરુત્વાકર્ષણનો આ નિયમ રજૂ કર્યો. આના એક સુંદર ઉદાહરણ પર આઈન્સ્ટાઇને નજર દોડાવી. આપણો પાડોશી ગ્રહ બુધ—'મર્ક્યુરી'—ખગોળશાસ્ત્રીઓનેમૂંઝવનાર થઈપડ્યોહતો. ન્યૂટને સ્થાપેલા નિયમો અનુસાર ખગોળશાસ્ત્રીઓ એની જે ગતિ ને સ્થાન મુકરર કરતા હતા તેને ન ગણકારતાં એ ભાઈસાહેબ બીજે જ સ્થળે ઝળકતા! તફાવત બહુ મોટો નહોતો, પણ તફાવત રહેતો ખરો.

આઈન્સ્ટાઇને ૧૯૧૫નાનવેમ્બરમાં પોતાના સૂત્ર અનુસારબુધની ગતિ વગેરેની ગણતરી કરી સાબિત કરી દીધું કે એમાં બુધનો કોઈ સ્વચ્છન્દ છે જ નહિ. બુધે તો સેકન્ડોનો હિસાબ પાળ્યો છે; પણ આપણી ગણતરી જરા જાડી હતી! જેઓ વધારે ઊંડા ઊતરવા ઇચ્છતા હોય તેઓ યાદ કરશે કે સૂર્યની આસપાસ જે જે ગ્રહો ફર્યા કરે છે તેઓના માર્ગ તદ્દન ગોળ ચક્રના જેવા નથી હોતા, પણ લંબગોળ, ઈંડાની આકૃતિને મળતા હોય છે. પૃથ્વીનું ય તેમ જ છે. આ લંબગોળ માર્ગ આકાશમાં એક જ ચીલાનો રહેતો નથી; કારણ કે આકાશમાં સૂર્ય પોતે ય ખસે છે; એટલે આખું સૂર્યમંડળ પણ ખસે છે; એટલે પ્રત્યેક ભ્રમણ પ્રથમના ભ્રમણ કરતાં જુદી જ લીટી દોરી રહે છે, જુદો રહે છે, જુદો જ ચીલો પાડી રહે છે. એનું ય માપ ગણતરીથી ને અવલોકનથી થઇ શકે છે. હવે આ લંબગોળ જેવા માર્ગમાં એક બિન્દુ એવું હોય છે જે સ્થળે બુધ ને સૂર્યની વચ્ચે ઓછામાં ઓછું અંતર હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો ત્યારે બુધ ને સૂર્ય પાસેમાં પાસે હોય છે. આ બિન્દુ 'પેરિહીલિયન' તરીકે ઓળખાય છે. સૂર્ય સ્થિર હોત ને બુધનું ભ્રમણ એક જ ચીલામાં હોત તો પ્રત્યેક ભ્રમણે બુધનું પેરિહીલિયન એક જ નિશ્ચિત સ્થાને હોત; પણ વાસ્તવિક રીતે સૂર્યમંડળની ગતિને લીધે પેરિહીલિયનનું સ્થાન, એટલે બુધ-સૂર્યના પૂરેપૂરા સામીપ્યનું સ્થાન પણ બદલાયા કરે છે. મુશ્કેલી એ હતી કે ફેરફાર થવાનાં સર્વ કારણોનો હિસાબ કર્યા પછી પણ ગણી કાઢેલા ને વાસ્તવિક સ્થાનમાં સો વર્ષે ૪૦ સેકન્ડ જેટલો તફાવત રહેતો હતો, જેનો સંતોષકારક ખુલાસો નહોતો થતો. આઈન્સ્ટાઇનના નિયમે સિદ્ધ કર્યું કે આ તફાવત ખરો નહોતો, પણ ગણતરીની જ ભૂલ હતી; કારણ કે બુધનું પેરિહીલિયન એક સદીમાં ૪૩ સેકન્ડ આગળ વધવું જોઇએ: ને તેમ જ થયું છે.

તેણે જાહેર કર્યું કે આપણે માનીએ છીએ તેમ પ્રકાશનાં કિરણો સીધી લીટીમાં જ જાય છે એવું નથી. ગુરુત્વાકર્ષણની શક્તિની બહાર તેઓ જઈ શકતાં નથી, તેથી (અનુ. પૃ. ૩૩૦મે)

ખિસ્સું

શ્રી પ્રભાકર માચવેના
મૂળ લેખ ઉપરથી

અનુવાદક **જયંત બક્ષી**

જેબ ખાલી થી, મગર દિલ થા ભરા;
દિલ હુઆ ખાલી, ભરી હૈ જબ સે જેબ.

ખિસ્સાનો અને દિલનો નિકટનો સંબંધ છે. પૈસા મૂકવાના ખિસ્સાની રચના એટલા જ માટે બરાબર હૃદયની ઉપર જ કરવામાં આવી છે! ખાલી ખિસ્સાની નીચે જેટલું ચોખ્ખું હૃદય જોવામાં આવે છે, એટલું જ ભરેલા ખિસ્સાની નીચે મેલું. વાત એમ છે કે માણસ એક વખત એક ચીજ ભરે છે, કાં તો ખિસ્સું કાં તો દિલ!

પરમ દિવસે એક કવિનો ભેટો થયો હતો. ખૂબ દુ:ખી જણાતા હતા. મને થયું કે આ 'પ્રેમી' જીવનું દિલ કાં કોઈ ચોરી ગયું હશે કે કાં તો ભાંગી ગયું હશે. પણ વાત એમ બનેલી કે એમની બેદરકારીને કારણે કોઇએ એમનું ખિસ્સું કાતરી નાખ્યું હતું—ખૂબ સફાઈથી—અને એમના કેટલાક ચેક ને સિનેમા-ગીતોના કૉન્ટ્રેક્ટ વગેરે ગાયબ થઈ ગયા હતા. કવિજનોએ એમનાં કપડાંમાં ખિસ્સાં નહિ રાખવાં જોઇએ, કેમકે તેઓ સદા ધૂનમાં હોય છે, અને 'ખિસ્સા-કાતરુથી સાવધાન' એ પાટિયું સ્ટેશન પર વાંચતી વખતે સંભવ છે કે કોઈ 'કિસ્મત' (ફિલ્મ)નો માર્યો ત્યાં આવી ચડે. વળી દિલ તો એ પહેલેથી જ ખોઈ બેઠા હોય છે, એટલે દિલને ઢાંકનારા ખિસ્સાની નોટો પણ ખોઈ બેસે!

એક વાર અંગ્રેજીના હાસ્યલેખક ઈ. વી. લ્યુકાસ 'ઝૂ' જોવા ગયા. ત્યાં ભયાનક વાઘ-સિંહ જાઇને તેઓ દુ:ખી થતા હતા કે સંસ્કૃતિએ કેટલો બધો વિકાસ કર્યો છે! છતાં આ વન્ય ને હિંસ્ર પશુઓ તો જુઓ—જરાય પરિવર્તન નથી થયું! અને માણસ કેટલો સભ્ય ને સંસ્કૃત છે! પણ બહાર આવતાં જણાયું કે એમનું ખિસ્સું કોઈ ભલા માણસે કાતરી નાખ્યું હતું. તેઓ લખે છે કે 'વાઘ ને સિંહ માણસો કરતાં તો સારા છે કે તેઓ ખિસ્સાં કાતરવાનો ધંધો તો નથી કરતા.'

ખિસ્સાકાતરુ જાતના પ્રાણીની સંખ્યા કદાચ વધી રહી છે; કેમકે માગવાના તો, જોકે અનેકાનેક માર્ગ—આધ્યાત્મિક, ધાર્મિક, શારણાર્થિક, રાષ્ટ્રીય અને ચાંદિક (ચાંદમાંથી બનાવેલો શબ્દ)—આ પાવન દેશમાં છે, પણ એમાં 'બિન માંગે પાકિટ મિલે, માંગે ન મિલે નોટ' વાળો આ નવો માર્ગ પણ ચાલ્યો છે, અને કેટલેક સ્થળે એની ગેરકાયદેસર ટ્રેઇનિંગ આપવામાં આવે છે. સાહિત્યક્ષેત્રે પણ, કોઈ માસિકમાંથી લેખ ઉઠાવી લેવો, તેને આખેઆખો યા તેના કેટલાક ફકરા જેમ ને તેમ છાપી દેવા, અંતે લેખ શામાંથી લીધો છે ને કોણે લખ્યો છે એનું નામ ન આપવું, કોઈની પાસે પોતાના માસિકના ખાસ અંકો માટે ચિત્રો બનાવડાવવાં, અનુવાદ કરાવી લેવા અને પછી તેમના નામનો ઉલ્લેખ સુદ્ધાં ન કરવો–સૌજન્ય સુદ્ધાં ન બતાવવું, આ બધું સાહિત્ય ખિસ્સાકાતરુપણું—પૉકેટમારી નથી તો શું છે? કેટલા યે લેખકમહાશયો તો આ કાતરના જોરે જ તેમની સાહિત્યિક 'સલૂન' ચલાવ્યા કરે છે!

પણ માણસને પોતાનાં કપડાંમાં આ ખિસ્સું બનાવવાની ઇચ્છા કેમ થઈ, ક્યારે થઈ? સંસ્કૃતમાં 'ખિસ્સા' માટે શબ્દ નથી. સંસ્કૃત કાળમાં લોકો સીવેલાં કપડાં જ પહેરતા નહોતા—બધા મદ્રાસના સ્પીકર સાંબમૂર્તિ કે શંકરરાવ દેવની જેમ ઘણુંખરું રહેતા હતા. પછી કોણ જાણે કયા સંશોધકે વસ્ત્રમાં આ 'થીગડું' મારી દીધું; ને ખબર નથી હવે વસ્ત્રમાં આટલાં બધાં ખિસ્સાં શા માટે રાખવામાં આવે છે! તેમાં કેટલાંક તો ફૅશનનાં જ હોય છે. કેટલાંક ખિસ્સાંમાંથી રૂમાલ ડોકિયાં કરતા હોય છે, કેટલાકમાં નકલી ફાઉન્ટન પેન કે ખાલી ક્લિપ જ ખોસેલી હોય છે અને કેટલાક તેમાં ફક્ત હાથ મૂકી શકાય એટલા જ માટે હોય છે. એમ તો ઘડિયાળ માટે પણ ખિસ્સાં હોય છે. લશ્કરી પોશાકમાં વળી નિતંબના ભાગ પર શા માટે નાનું ખિસ્સું રાખવામાં આવતું હશે?—કોણ જાણે! અને ટોપીની બહાર પણ શા માટે ખિસ્સાં હોય છે તેની યે હજી મને સમજણ પડી નથી. સંભવ છે કે આ ખિસ્સાં ફક્ત જેબ-ઓ-જિન્નત (શોભા અને સૌંદર્ય) માટે જ હોય છે!

ખિસ્સાં રાખવાની ઇચ્છાનો સંબંધ માણસની સંગ્રહવૃત્તિ સાથે છે. પ્રત્યેક પશુમાં (અને માણસ સહેજ સુધરેલો એક પશુ જ છે ને!) આ સંગ્રહવૃત્તિ મોટા પ્રમાણમાં નજરે પડે છે. કૂતરો હાડકાં એકઠાં કરીને ખાડામાં જમા કરે છે. માણસ જેમ પોતાના પૈસા અલગઅલગ બૅંકમાં જમા કરે છે કે જુદાજુદા વેપારમાં રોકે છે, તેમ હાડકાં ગુપ્ત રાખવા માટે કૂતરાં તે જુદી જુદી જગ્યાએ દાટે છે. વાઘ ને સિંહ પણ જ્યારે પોતાનો ભક્ષ મેળવે છે ત્યારે પહેલાં પોતાની ગુફામાં કે સુરક્ષિત સ્થાન પર લઈ જાય છે અને ઇચ્છા મુજબ ખાઇ બાકીનું સાચવી રાખે છે; તે જગ્યાની ચોકી પણ કરે છે. શીત કટિબંધનાં પશુઓમાં આ સંગ્રહવૃત્તિ વધારે જોવામાં આવે છે. લોંકડી આ જ રીતે સંગ્રહ કરે છે. વરુ પણ ભવિષ્ય માટે પોતાના ખોરાકનો વીમો ઉતારી રાખે છે. આથી જ જ્યારે તેઓ રેમ્યુલસ ને રેમસ (રોમ શહેરના સ્થાપકો) જેવાં માનવ-શિશુને પોતાનું દૂધ પાઇ પાળે છે ત્યારે એમનો હેતુ સમજાતો નથી.

કેટલાંક પશુઓને કુદરતે એમના દેહમાં જ ખિસ્સાં આપ્યાં છે. તેઓ મોંમાં માછલાંઓ પકડીને તેમનો સંગ્રહ કરે છે. પેલિકન પક્ષીના ગળામાં પ્રકૃતિએ આવાં ખિસ્સાં મૂક્યાં છે. કેટલાંક પશુ પોતાના મોંમાં અન્નસંગ્રહ કરી વાગોળીને ચર્વિતચર્વણ કરી શકે છે. રસશાસ્ત્રીઓને આ ચર્વણમાં કોઈ પ્રત્યભિજ્ઞા કદાચ મળી જાય, અથવા લૅસેલસ ઍબરક્રૉમ્બી જેવા સાહિત્ય-વિવેચકોએ જેને 'સાર્થક અનુભૂતિનો પુન:પ્રત્યય' કહ્યું છે તે મળી જાય. પણ આ વાગોળવાની ક્રિયામાં સૌથી ઝડપી છે ઉષ્ટ્રરાજ. એના પેટમાં કેટલાં યે ખિસ્સાં હોય છે કે જેમાં તે આઠઆઠ દિવસનું પાણી ભરી રાખે છે. કહેવાય છે કે ઊંટની પીઠ પર જે ઢેકો હોય છે તે કેવળ ચરબીનો બનેલો હોય છે અને અન્નની અછતના દિવસોમાં તેનો ઉપયોગ પણ તે કરી શકે છે. કીડી તો વળી ખૂબ સંઘરાખોર જીવ છે. મધમાખીમાં પણ આ વૃત્તિ જોવામાં આવે છે. ગરુડ, બાજ ને મેના પણ સંગ્રહપ્રિય પક્ષીઓ છે. કેટલાંક ભારતીય પક્ષીઓ પર્વતોમાં એટલું બધું અનાજ સંઘરે છે કે બેચાર ગણ સહેલાઈ ભરાઈ જાય. પશુઓની આવી સંગ્રહવૃત્તિ જોવા છતાં પણ કેટલાક માણસો પશુઓ કરતાં પણ બદતર હોય છે. તેઓ સંગ્રહ કરતા જ નથી,-અને પછી ભીખ માગતા ફરે છે.

પણ ખિસ્સા પરથી આપણે સંગ્રહ-અસંગ્રહની વાતે ચડી ગયા. અને સંગ્રહ પણ કઈકઈ વસ્તુઓનો કરવો? જૂના સિક્કા, ટપાલની ટિકિટો, જૂની ઘડિયાળો, વિવિધ લેબલો, રમકડાં, રંગબેરંગી પીછાં, પતંગિયાં, હસ્તાક્ષરના નમૂના અને એવી કેટલી યે અજબગજબ ચીજોનો સંગ્રહ કરનારા લોકો હોય છે. એક માણસે દેશદેશના જોડા અને ટોપીઓનો જ સંગ્રહ કર્યો છે. તો એક ભલા માણસને જુદી-જુદી જાતનાં કોડિયાં એકત્ર કરવાનો શૉખ છે! આ સંગ્રહવૃત્તિ ઘણી વાર ટેવ થઈ પડે છે, અને બાળપણથી પડેલી ચોરીની ટેવ (કે જે ચીજ જોઈ તે ઉઠાવી ખિસ્સામાં મૂકી દીધી) (અનુસંધાન પૃ. ૩૨૨મે)

ગુજરાતનાં ઉત્કૃષ્ટ ને અભિરામ ધાતુશિલ્પો



રજૂ કરતા આ લેખમાં એના વિદ્વાન લેખક **ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ** પ્રતિપાદિત કરે છે કે આજ સુધી કલાકોવિદોએ જેને પશ્ચિમ ભારતીય કલા કહ્યા કરી છે તે વસ્તુતઃ 'ગુજરાતી કળા' જ છે; ને તેનો અધિનાયક કલાગુરુ શાર્ઙ્ગધર વલ્લભી રાજ્યના મૈત્રકોનો આશ્રય પામ્યો હોવો જોઇએ.

[એની પરંપરાના ઉત્કૃષ્ટ નમૂનાઓ માટે જુઓ આ લેખ સાથેનાં જુદાં છાપેલાં ચિત્રો]

હવે આ સાથે, મૂળ ભરૂચમાં પ્રતિષ્ઠા થએલી અને હાલ કડીની જૈન બોર્ડિંગમાં સુરક્ષિત એક પ્રતિમા (ચિત્ર ૧૪) જોઇએ. એમાં તીર્થંકર ભગવાનની બાજુમાં ઊભેલી સરસ્વતી (જમણી બાજુ) અને વૈરોટ્યા દેવી (ડાબી બાજુ) તથા બેઠેલી અંબિકાયક્ષીની, ઓછી અંગભંગીવાળી, અક્કડ ને ઓછી સજીવ લાગતી આકૃતિઓ છે. એના વસ્ત્રાલંકાર, મુખાકૃતિઓ, માથાં પાછળની પ્રભાવલિઓ વગેરેને આગળની પ્રતિમાઓ સાથે સરખાવતાં પણ તેની અવનતિ કે ઉન્નતિનો ખયાલ બાંધી શકાશે. પાછળના લેખ મુજબ આ પ્રતિમા શક સંવત્ ૯૧૦ (= ઈ.સ. ૯૮૮)માં ભરાઈ હતી. પંડિત લાલચંદ ગાંધીએ 'જૈન સત્યપ્રકાશ'ના એક જૂના અંકમાં એના લેખનું વિવેચન કર્યું છે, જેનો ફોટો 'લલિતકલા'ના પહેલા અંકમાં મેં આપ્યો છે.

આ પછી વસંતગઢની એક બીજી નાની પ્રતિમાને આપણે વધુ સારી રીતે સમજી શકીશું. એ છે લગભગ સાડા પંદર ઇંચ ઊંચી સરસ્વતી અથવા શ્રુતદેવતાની ધાતુપ્રતિમા (ચિત્ર ૧૫). એક પીઠ ઉપર, બે છેડે બે મંગલકલશની વચમાં, વિશ્વપદ્મ ઉપર દેવી ઊભાં છે. જમણા હાથમાં વિકસિત પદ્મ છે, જેની વાંકીચૂંકી લાંબી દાંડી, દેવીના દોપટ્ટા (ઉત્તરીય)ની સાથે પગની ઘૂંટી સુધી ઊતરી આવે છે. દોપટ્ટો ડાબી બાજુએ પણ એમ જ ઊતરે છે. અને એ રીતે, બે બાજુ લટકતા દોપટ્ટા વચ્ચે, સમપાદ સ્થાને ઊભેલી દેવીની આકૃતિનું સંયોજન ચાતુરીભર્યું છે. આંખોમાં ચાંદીનાં નેત્રો જડેલાં છે. મસ્તક ઉપર અલંકારપ્રચુર મુકુટ છે, જેમાં વચ્ચે સૂર્યની બે બાજુએ મકરમુખ છે. મુકુટ ઉપરથી બે બાજુએ કાન ઉપર પાંદડાં (પલ્લવ) લટકે છે, ને વચમાં રત્ન જડેલું છે. ડાબા હાથમાં પુસ્તક અને પાછળ લંબગોળ પ્રભામંડલ છે. ગળામાં હાંસડી અને ઉરઃસૂત્ર, તથા બાજુબંધ, કંકણો, કુંડલો, કમરબંધ સુંદર ભાતદાર રેશમી કે જરિયાન વસ્ત્ર ઇત્યાદિથી વિભૂષિત દેવીની આ મૂર્તિ પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાનો નોંધપાત્ર નમૂનો છે. આ રીતના મૂર્તિવિધાનવાળી સરસ્વતી પ્રતિમાઓ એ કાળે પ્રચારમાં હતી, કેમકે વસંતગઢમાંથી એવી બીજી પણ એક પ્રતિમા મળી કહેવાય છે, તેમ જ અકોટાના સંગ્રહમાં પણ બીજી ત્રણેક છે. આ બધાંમાં રૂપવિધાનની દૃષ્ટિએ વિભિન્નતા રહેલી છે—બધી એક જ બીબામાંથી ઢાળેલી, એક જ માપની નથી. આ લેખમાંની અગાઉની પ્રતિમાઓ સાથે સરખાવતાં, તે ઈ. સ.ના સાતમા સૈકાના ઉત્તરાર્ધમાં બનેલી હોવી જોઇએ.



ચિત્ર ૧૪

આ સંગ્રહ સાથે એક બીજી પ્રતિમા પણ પિંડવાડામાં આવેલી છે તે ગૌરીનું–પાર્વતીનું કોઈ સ્વરૂપ લાગે છે. એ લગભગ સવા પાંચ ઇંચ ઊંચી અને ઈ. સ.ના આઠમા સૈકાના અંતમાં બનેલી લાગે છે (ચિત્ર ૧૬).

ચિત્ર ૧૭ તરીકે રજૂ કરેલી (વસંતગઢમાંથી જ મળેલી) પાર્શ્વનાથની પ્રતિમામાં બંને બાજુ એકએક ચામરધર યક્ષ છે. તેની નીચે ધરણેન્દ્ર નાગ અને તેની પત્ની અર્ધમનુષ્ય અને અર્ધનાગ રૂપે છે; અને કમાનવાળું તોરણ ધરી રહેલી બે થાંભલીઓની બહાર વિકસિત કમલ પર યક્ષ-યક્ષિણી બિરાજે છે. અભ્યાસ પરથી જણાશે કે આ પ્રતિમા નવમા સૈકાના અંત કે દસમાની શરૂઆતના ગાળાની હોઈ શકે. સરખામણી માટે ચિત્ર ૧૮માં રજૂ કરેલી સંવત ૧૦૮૮ (=ઇ. ૧૦૩૧-૩૨માં પ્રતિષ્ઠિત, વસંતગઢની બીજી ધાતુપ્રતિમા (ઊંચાઈ ૧૭ા અને પહોળાઈ ૧૩ા ઇંચ) જોતાં ચિત્ર ૧૭ની આકૃતિ કંઈક જૂની—ઈ.સ. ૯૫૦ આસપાસની લાગે છે.

ચિત્ર ૧૮ની એ પ્રતિમા ઘણી અગત્યની છે, કેમકે એ મોઢેરાના સૂર્યમંદિર અને આબુ પરના વિમળશાહના મંદિરની સમકાલીન છે. ધાતુ અને પાષાણનાં સાધનોની મર્યાદાઓ અંગે સમકાલીન શિલ્પોમાં અમુક ભેદ પડે, વળી કલાકાર ભિન્ન હોવાથી પણ ભેદ પડે, છતાં સમકાલીન કલાનાં અમુક સામાન્ય તત્ત્વો તો ખોળી શકાય. વેશભૂષા, અલંકારો, શિખરો, શિખરો પરની ગવાક્ષ-આકૃતિઓ, તોરણ વગેરે અનેક બાબતો આ પ્રતિમામાંથી ધ્યાનમાં રાખવા જેવી છે.

ઉપર આપણે ઇ. સ.ના છઠ્ઠાસાતમાથી તે દસમાના અંત અને અગિયારમાની શરૂઆત સુધીનાં કેટલાંક ધાતુશિલ્પો જોયાં; પણ વસંતગઢમાં મળેલી ને પિંડવાડામાં આજે પણ પૂજાતી શ્રી ઋષભનાથજીની એક નાની પ્રતિમા (ચિત્ર ૧૯) બાકી રાખી છે. એ આશરે ૧૫·૨ ઇંચ ઊંચી છે. એનું પીઠ ૮·૫ ઇંચ પહોળું (પાયા આગળથી) છે. મસ્તક પાછળનું લંબગોળ પ્રભામંડળ, અને મધ્યમાંથી લટકતી અશોકવૃક્ષની ડાળીઓ, આદીશ્વરની જટા વગેરે નોંધપાત્ર છે. પીઠ (pedestal)ની મધ્યમાં ધર્મચક્ર અને બે છેડે બે વૃષભ છે. તીર્થંકરોનાં આવાં લાંછનો (પ્રતીકો) સામાન્યરીતે ધર્મચક્રની બે બાજુએ નથી હોતાં; ધર્મચક્રની દરેક બાજુએ

એક એક હરિણ હોય છે, અને લાંછન કાં તો ઉપર કે નીચેના ભાગમાં (પીઠ ઉપર કે સિંહાસન ઉપર) હોય છે. મથુરાની કુષાણકાલીન તીર્થંકર-પ્રતિમાઓનાં આસનો પર તો લાંછનો મળતાં જ નથી; કલ્પસૂત્રમાં પણ લાંછનો નથી; ફક્ત તેની ટીકાઓ વગેરેમાં છે. એટલે લાંછનોની પ્રથા ઈ. સ.ના પાંચમા સૈકા આસપાસ શરૂ થઇ અને શરૂઆતમાં ધર્મચક્રની બે બાજુએ હરિણયુગલને બદલે બે લાંછનો મૂકવામાં આવતાં. આ પ્રતિમામાં એ પ્રથા હોવાથી તે સાતમા સૈકા પહેલાંની તો છે જ. આનો અર્થ એ નથી કે હરિણ-યુગલ સાથેનું ધર્મચક્ર આ પહેલાંની જૈન પ્રતિમાઓમાં નહોતું; કેમકે અકોટામાંથી મળેલી જિનભદ્ર વાચનાચાર્યથી પ્રતિષ્ઠિત ઋષભદેવજીની પ્રતિમામાં એ મળે છે. એ પ્રતિમા ૩૭૫મા અંકમાં (ઇ.૫૫૦ આસપાસની) છપાએલી, અહીં ચિત્ર ૨૦ તરીકે ફરી આપી છે. એમાં ઋષભદેવજીની ધોતી બહુ જ બારીક વસ્ત્રની છે, જેમાંથી લિંગની આકૃતિ સહેજ દેખાય છે. આ પ્રથા ગુપ્ત કાલની છે, જે ઈ. સ. ૬૦૦ પછી ભાગ્યે જ જોવા મળે છે. બે બાજુનાં યક્ષયક્ષિણીની એમાંની આકૃતિઓ પણ પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાના ઉત્કૃષ્ટ નમૂના છે. મારી દૃષ્ટિએ ગયા અંકમાંની આકૃતિ ૮માંની જીવંતસ્વામીની ને આ ચિત્ર ૨૦માંની ઋષભદેવજીની મૂર્તિઓ પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાની શરૂઆતના નમૂના છે. આવો જ ઉત્કૃષ્ટ બીજો નમૂનો કરાચી મ્યૂઝિયમમાંની બ્રહ્માની મનોહર ધાતુપ્રતિમા છે, જે નવેમ્બર ૧૯૫૪ના અંકમાં પૃ. ૪૩૬ ઉપર આપેલી, અહીં ફરીથી આપી છે. વળી આઠમા-નવમા સૈકામાં ગુર્જર પ્રતિહારોના સમયમાં જે સુંદર નારીદેહોનાં શિલ્પો ઘડાયાં એનો એક અલબેલો નમૂનો તે અકોટાની ચામરધારિણીની ધાતુપ્રતિમા, જે ચિત્ર નં. ૨૨ તરીકે રજૂ કરી છે. આનો સમય ઈ. સ. ૮૦૦ આસપાસનો ગણી શકાય.



ચિત્ર ૧૫



ચિત્ર ૧૯



ચિત્ર ૧૭ : પાર્શ્વનાથ



ચિત્ર ૧૯ : ગૌરી-પાર્વતી : પિંડવાડા

આવી સમર્થ આ પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાનું તો અસ્તિત્વ પણ છેક હમણાં સુધી સ્વીકારાયું નહોતું; કેમકે આ શૈલીની કલાકૃતિઓ તરીકે એમને ઓળખી શકાઇ નહોતી. માત્ર ગુપ્ત સમ્રાટોના સમયની મધ્ય ભારતની કલા, અને ગુપ્તોત્તર સમયની પૂર્વભારતીય પાલ શૈલીથી જ આપણા કલામર્મજ્ઞો અને પુરાતત્ત્વવિદો પરિચિત હતા; અને પ્રાચીન પશ્ચિમ ભારતીય કલા ઉપર ગુપ્ત કળાની ઘેરી અસર હોવાથી, એના આગવા વ્યક્તિત્વ તરફ ધ્યાન પણ ખેંચાયું નહોતું.

તિબેટન લામા તારાનાથે પાલ રાજાઓના સમયની કલાશૈલીનો ઉલ્લેખ કર્યો હતો તે તો વિદ્વાનો સ્વીકારી શક્યા, પણ એ જ લેખકે પ્રાચીન 'પશ્ચિમ ભારતીય કલા'ની પણ નોંધ લીધેલી તે ઉપર કોઇએ ધ્યાન જ ન આપ્યું! સોલંકી યુગ અને તે પછીની ગુજરાત-રાજસ્થાનની શિલ્પ તથા ચિત્રકલાના નમૂના પ્રચુર પ્રમાણમાં મળેલા એટલે મોટે ભાગે એ નમૂનાઓ તરફ જ કલાવિદોની દૃષ્ટિ ખેંચાએલી રહી. ગુર્જર પ્રતિહારોના જે વિશાળ સામ્રાજ્યમાં–લગભગ સારાયે પશ્ચિમ ભારતમાં આ કલા અને સંસ્કૃતિનું એકમ બન્યું હતું તેનો કલાવિદોએ 'વેસ્ટર્ન

ઇન્ડિયા'–પશ્ચિમ ભારત તરીકે જ ઉલ્લેખ કર્યો છે,પણ તે પ્રાચીન ગુર્જર સંસ્કૃતિનો જ પ્રદેશ છે એટલે એને માટે 'પ્રાચીન ગુજરાત' એવો શબ્દ-પ્રયોગ જ યથાર્થ છે. આ પ્રાચીન ગુજરાતમાં મરુપ્રદેશના મહાન કલાધર શૃઙ્ગધરે આ શૈલી શરૂ કરી. તારાનાથે આ નામ આપ્યું છે. તે વાસ્તવિકરીતે શાર્ઙ્ગધર હશે. એ જ લેખકે પાલ શૈલીના મૂળ સર્જકોનાં જે નામ આપ્યાં છે તે વિદ્વાનો સ્વીકારવા પ્રેરાયા છે, એટલે આપણે પણ શાર્ઙ્ગધર અંગે તારાનાથે નોંધેલી વાત માની શકીએ.

આ શૈલીના અભ્યાસમાં પહેલું પગથિયું તો નિર્માણકાળ દર્શાવતા લેખવાળી કલાકૃતિઓ જ હોઈ શકે. એ રીતે વસંતગઢના સંવત ૭૪૪-(=ઈ.સ. ૬૮૭–૮૮)ના બે કાઉસગ્ગિયા આ લેખકને બહુ જ ઉપયોગી થઈ પડચા હતા. આ ઉપરાંત નિર્માણસમય ન હોવા છતાં પ્રતિમા નીચે કે પાછળના ભાગમાં કોઈ લેખ હોય તેવા નમૂનાઓ પણ ઉપયોગી થઈ પડે છે, કેમકે એ લેખની લિપિના મરોડના અભ્યાસક એ પ્રતિમાનો અંદાજે સમય નક્કી કરી શકે છે. એ રીતે ચિત્ર નં. ૨૦ તથા ચિત્ર નં. ૭-વાળી પ્રતિમા બહુ જ ઉપયોગી થઈ પડી. આવી પ્રતિમાઓની શૈલીનો ઝીણવટથી અભ્યાસ કરીને જ 'જીવન્તસ્વામી'ની કે કરાચી મ્યૂઝિયમવાળી ઉત્કૃષ્ટ પ્રતિમાનો સમય અનુમાની શકચા છીએ જે મોટા ભાગના વિદ્વાનોને પણ સ્વીકાર્ય છે. આ બધી પ્રતિમાઓમાં જે કલાનાં દર્શન થાય છે તે ઘણુંખરું રાજસ્થાન, ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્ય ભારતના પશ્ચિમી પ્રદેશો વગેરેમાં ખૂબ ફેલાએલી મળી છે; એટલે લામા તારાનાથના કથનમાં આપણે વિશ્વાસ રાખી શકીએ કે મરુદેશના શાર્ઙ્ગધરે આ શૈલીનું સર્જન કર્યું. એ લેખકના કહેવા મુજબ શીલ નામક રાજાના દરબારમાં એ કલાકારને આશ્રય મળ્યો હતો અને એ કલાધરે અનેક દેવદેવીઓનાં રૂપો તેમ જ ચિરંજીવી ચિત્રકારીનું નિર્માણ કર્યું. આનો અર્થ એ હોઈ શકે કે એ કલાકારે અજંતા જેવાં ભિત્તિચિત્રો પણ દોર્યાં હશે અને શિલ્પો પણ ઘડચાં હશે.

પ્રાચીન ગુજરાતની કે પ્રાચીન પશ્ચિમ ભારતની આ કલાનું સર્જન ધીમાન અને બીતપલોની પાલ શૈલીની અગાઉ થયું હતું. પાલ શૈલી તો લગભગ આઠમા સૈકાથી શરૂ થઇ; જ્યારે અકોટા અને વસંતગઢમાંથી તો એવી લેખયુક્ત પ્રતિમાઓ મળી છે જે સાતમા સૈકામાં ખાતરીથી મૂકી શકાય, ને જે પ્રાચીન ગુજરાત બહારની બીજી કોઈ પણ કલાશૈલીથી ભિન્ન પડે છે—વસ્તુતઃ જે પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાના જ નમૂના છે એમ નિઃસંદેહ સ્વીકારવું પડે છે; જોકે ઇ. સ. ૬૮૭ની વસંતગઢની બેઉ તીર્થંકર પ્રતિમાઓ અમુક પ્રમાણમાં 'સ્ટાઇલાઇઝ' થએલી જણાય છે. અકોટાની ઈ. સ. ૬૪૦ આસપાસની ચિત્ર નં. ૭ વાળી ત્રિતીર્થી એથી વધુ સારો નમૂનો છે. પણ સૌથી વધુ જૂનો તેમ જ સુંદર નમૂનો તો ચિત્ર નં. ૨૦ વાળી જિનભદ્ર વાચનાચાર્યની શ્રી ઋષભદેવજીની પ્રતિમાછે.વળી ચિત્ર નં.૨૧માં રજૂ કરેલી(અકોટાથી મળેલી) અંબિકાની પ્રતિમાની પાછળના લેખની લિપિ પણ ઇ.સ. ૫૫૦–૬૦૦ આસપાસની હોવાથી, એ પ્રતિમા પણ છઠ્ઠી સદીના ઉત્તરાર્ધની છે, એટલે આ શૈલી છેવટે ઇ. સ.ની છઠ્ઠી સદીના ઉત્તરાર્ધમાં શરૂ થએલી એ નિર્વિવાદ છે.

તો પછી શાર્ઙ્ગધરને આશ્રય આપનાર શીલ નામનો રાજા કયો? ઈ. ૧૯૪૯માં મારી પાસે વસંતગઢનાં આ સાતમા સૈકાનાં કાઉસગ્ગિયા (કાયોત્સર્ગ સ્થિતિનાં–ઊભાં) ચિત્રો (ગયા અંકનાં ચિત્ર નં. ૧ તથા ૨) જોઈ મારા મિત્ર શ્રી કાર્લ ખંડાલાવાળાએ અનુમાન દોરેલું કે શીલાદિત્ય હર્ષવર્ધનના સમયમાં સાતમા સૈકામાં આ શૈલી શરૂ થએલી. પણ ગુજરાત અને રાજસ્થાનનાં શિલ્પોથી સુપરિચિત કોઈ વ્યક્તિને આ વાત ગળે ઊતરવી મુશ્કેલ થઇ પડે. આ પછી અકોટાનો સંગ્રહ જડચો એટલે તો સ્પષ્ટ જ સાબિત કરી શકાયું કે શાર્ઙ્ગધરનો આશ્રયદાતા હર્ષવર્ધન તો ન જ હોઈ શકે. મારા મતે એ શીલ તો વલભીના મૈત્રકોમાંનો શીલાદિત્ય પહેલો છે,જેનો સમય છઠ્ઠા સૈકાનો અંતભાગ છે.એ સમયની વલભી સામ્રાજ્યની અને વલભીની વિદ્યાપીઠની જાહોજલાલી જોતાં મરુદેશનો કલાધર વલભીના દરબારમાં આશ્રય લેવા દોડે એ સમજી શકાય છે. એ વખતે હજુ કનોજને ગુર્જર પ્રતિહારોએ રાજધાની બનાવી નહોતી, અને મંડોર કે ઉજ્જૈન કરતાં વલભીની મહત્તા ઊતરતી નહોતી.

હૂણોના હુમલાથી ગુપ્ત સામ્રાજ્યને જે ફટકો પડચો તેના પરિણામે તે સમયે ઉજ્જૈનના સંસ્કાર-કેન્દ્રમાંથી પંડિતો ને કલાકારો પણ ઉજ્જૈનથી દૂરદૂરના પ્રદેશો તરફ-ગુપ્ત સામ્રાજ્યના સીમાપ્રદેશો તરફ–પોતાની સલામતી અર્થે દોડચા હશે. હૂણોના એ હુમલા પછી થોડા જ સમયમાં ભારતીય સંસ્કૃતિનું પુનરુત્થાન થયું. ગુપ્તોના પ્રાદેશિક અધિકારીઓ ને સામંતોએ નવી રાજધાની સ્થાપી બળ જમાવવા માંડયું. મૈત્રકો પણ આ રીતે દિનપરદિન બળવાન થતા ગયા. અથવા: સૌરાષ્ટ્રમાં, કહો કે આખા પશ્ચિમ ભારતમાં વલભીપુર એક મોટું સંસ્કારકેન્દ્ર બન્યું. ત્યાં જ મલ્લવાદિ જેવા સુપ્રસિદ્ધ જૈન તાર્કિકો થયા, ત્યાં જ જૈન આગમોની બબ્બે વાચનાઓ થઈ, ને સ્થિરમતિ તથા ગુણમતિ જેવા મહાન બૌદ્ધ આચાર્યો પણ વલભીને જ પોતાનું પ્રવૃત્તિકેન્દ્ર બનાવી રહ્યા. ઉપરાંત વલભીના એ રાજાઓએ કેટલા યે બૌદ્ધ વિહારોને આપેલાં દાનપત્રો પણ મળ્યાં છે. મૈત્રકોનું આ સામ્રાજ્ય અને વલભીનું સંસ્કારકેન્દ્ર ઈ. સાતમા સૈકાના અંત સુધી જામેલું રહ્યું. એ મહાન સંસ્કારધામમાં જ શાર્ઙ્ગધરને રાજ્યાશ્રય મળેલો એમ માનવામાં કાંઈ જ હરકત નથી.

પશ્ચિમ ભારતની બલ્કે ગુજરાતની આ કલા સૈકાઓ સુધી ટકી. એમાં સમયસમયે થોડા થોડા ફેરફાર જરૂર થયા કર્યા, પણ એને આપણે પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાશૈલીની જુદી જુદી અવસ્થાઓ તરીકે જ ઘટાવી શકીએ. (પાલ શૈલીમાં પણ આવું જ બન્યું છે.) વળી ગુપ્ત કલા તરીકે ઓળખાતી કલાનો પણ તેની અવસ્થાઓ પરત્વે, તેમ જ જે જે પ્રદેશોમાં એ ફેલાઈ તે તે પ્રદેશો પરત્વે હવે ઝીણવટથી અભ્યાસ કરવો જોઇએ. પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાની પણ આ બધી એવી અવસ્થાઓ જ છે. તદનુસાર નવમા સૈકાની મિહિરભોજના સમયની, વસંતગઢની ચિત્ર નં. ૯-૧૦-૧૧ વાળી ત્રિતીર્થીઓની, અને છઠ્ઠા-સાતમા સૈકાના નમૂનાઓની કલાઓમાં કેટલોક ફરક અવશ્ય દેખાશે.


અનુસંધાન] **ખિસ્સું** [પૃ. ૩૧૯થી

એટલી વધી જાય છે કે ઈંગ્લંડના એક પ્રધાનની પત્ની રોજ એમના ઓવરકોટના ખિસ્સામાંથી નીકળેલી બધી ચીજો તેઓ તે દહાડે જ્યાંજ્યાં ગયા હોય ત્યાંત્યાં ફેરવતી હતી કે જેથી સૌ પોતપોતાની ચીજો પાછી લઈ લે!

ખિસ્સા પરથી એક બીજી વાત પણ યાદ આવે છે,—એ છે ખિસ્સાખર્ચ. આ રકમનો કોઈ હિસાબ માગતું નથી. મોટામોટા રાજાઓથી માંડી નોકરચાકરોને તે માટે પૈસા આપવામાં આવે છે, જે કોઈ પણ રીતે ખર્ચી શકાય છે. 'ખિસ્સું ગરમ કરવું' એ ઉક્તિ તમે સાંભળી હશે. પણ આ જનાબ કદી વેપાર કરતા નથી એટલે ખિસ્સું ગરમ થવાની કે મોટું બનવાની કોઈ ગુંજાયશ નથી.

અંતે એક મઝાની વાત કહી દઉં. એક લેખકે પોતાની ગરીબાઈ અને અનુભવની વિશાળતા માટે લખ્યું: પૉકેટહીન સ્થિતિમાં હું ઘૂમી રહ્યો છું; જુદાજુદા પ્રાંતોમાં જે જે અનુભવો મળ્યા તે હું પૉકેટબુકમાં નોંધતો જાઉં છું!'


આ પૉકેટબુક તેઓ ક્યાં રાખતા હતા,એ રીસર્ચ-સ્કૉલરનો વિષય છે, એટલે આટલેથી જ અટકી જઇએ.



સામેના ડૉ. ઉમાકાન્ત શાહના લેખ(ગુજરાતનાં ઉત્કૃષ્ટ ને અભિરામ ધાતુશિલ્પો)માં ચિત્ર નં. ૧૮ તરીકે જેનો ઉલ્લેખ છે તે વસતગઢમાંથી મળેલી, વિ. સં. ૧૦૮૮(એટલેકે ઈ. ૧૦૩૧-૩૨)માં પ્રતિષ્ઠિત થએલી (હોવાનો તેની પાછળ ઉલ્લેખ છે) પાર્શ્વનાથજીની આ ધાતુપ્રતિમા ઘણી અગત્યની છે, કેમકે મોઢેરાના સૂર્યમંદિર અને આબુ પરના વિમળશાહના મંદિરની સમકાલીન કલાનાં ઘણાં તત્ત્વો એમાં મળી આવે છે. જોકે ધાતુ અને પાષાણનાં શિલ્પોના ભેદ તથા કલાકારોના ભેદને લીધે ભિન્નતા જણાવા છતાં વેશભૂષા, અલંકારો, શિખરો, શિખરો પરની ગવાક્ષ-આકૃતિઓ તોરણ વગેરે આ પ્રતિમાની અનેક બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે. મૂર્તિશાસ્ત્રના અભ્યાસ માટે આ અગત્યનો નમૂનો છે.



આ બે પાનાં ઉપર આપેલી ધાતુપ્રતિમાઓ પશ્ચિમ ભારતીય કલાના ઉત્કૃષ્ટ નમૂનાઓ છે. આ સમર્થ પ્રાચીન કલાનું તો અસ્તિત્વ પણ છેક હમણાં સુધી સ્વીકારાયું ન હતું. માત્ર ગુપ્ત સમ્રાટોના કાળની મધ્ય ભારતની કલા અને પાલ શૈલીની પૂર્વભારતની કલાથીજ કલામર્મજ્ઞો પરિચિત હતા. તિબેટન લામા તારાનાથે પાલ રાજાઓની કલાશૈલીનો ઉલ્લેખ કર્યો છે તે તેઓએ પ્રીછી, પણ એ જ લેખકે નોંધેલી 'પશ્ચિમ ભારતીય કલા' ઉપર કોઇએ ધ્યાન જ ન આપ્યું. આખા પશ્ચિમ ભારતમાં પથરાએલા ગુર્જર પ્રતિહારોના વિશાળ સામ્રાજ્યમાં આ કલા-સંસ્કૃતિનું જે એકમ બન્યું હતું તેનો ઉલ્લેખ કલાકોવિદોએ 'પશ્ચિમ ભારતીય' તરીકે જ કર્યો છે; પણ તે પ્રાચીન ગુર્જર સંસ્કૃતિનો જ પ્રદેશ છે, એટલે તેને માટે 'પ્રાચીન ગુજરાત' શબ્દ જ યથાર્થ છે. આવી કૃતિઓની ઉપર (કે પાછળ) કોતરેલા લેખોની લિપિના મરોડ પરથી તેનો અંદાજી રચનાકાળ નક્કી થઇ શકે છે. એ રીતે આ પાનાંઓ પર આપેલી બ્રહ્મા તેમજ જીવંતસ્વામીની પ્રતિમાઓનો અનુમાનેલો સમય મોટા ભાગના વિદ્વાનોએ સ્વીકાર્યો છે. લામા તારાનાથે વર્ણવેલી ધીમાન તથા બીતપાલોની પૂર્વભારતની પાલ શૈલીની યે અગાઉ આ ગુજરાત શૈલીનું સર્જન થયું હતું. તેના કથન મુજબ રાજસ્થાન, ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ભારતના પશ્ચિમ ભાગમાં ફેલાએલી 'પશ્ચિમ ભારતીય' આ કલાના સર્જક મરુદેશના શાર્ઙ્ગધરને શીલ નામક રાજાના દરબારમાં આશ્રય મળ્યો હતો. કૃતિઓના સમય પરથી નિશ્ચિત અનુમાન થાય છે કે એ શીલ રાજા તે વલભીના મૈત્રકોમાંનો શીલાદિત્ય પહેલો જ હોઇ શકે. આ પાના પર આપેલી બ્રહ્માની સુંદર પ્રતિમા સિંધના મીરપુર ખાસમાંથી મળી આવેલી તે હાલ કરાચીના મ્યૂઝિયમમાં છે અને તેનો રૂપ-પરિચય નવે૦ '૫૪ના અંકમાં અપાયો છે. નીચેની ઋષભદેવજીની પ્રતિમા અંક ૩૭૫માં આવી ત્યારે તથા આ લેખમાં સમજાવાઈ છે. સામેના પાના પરના જીવંતસ્વામી, ચામર-ધારિણી તથા **અંબિકાનાં** ધાતુશિલ્પો તો મોંઘાં કલારત્નો સમાં છે, જેનો પરિચય અગાઉ અંક નં. ૩૭૧, ૩૩૮ તથા ૩૭૫માં અનુક્રમે આવી ગયો છે. છતાં એ નયનાભિરામ પ્રતિમાઓ તો ફરીફરીને જોવા જેવી હોઇ આ લેખના અનુસંધાનમાં અહીં પ્રકટ કરી છે. નીચે રજૂ કરેલી છબિમાં વચ્ચે કમલ ઉપર કાયોત્સર્ગ મુદ્રાએ ઊભેલા ઋષભનાથજીના પગની સામે ધર્મચક્ર અને હરિણયુગલ બતાવ્યાં છે. પ્રતિમાના પીઠને જમણે તથા ડાબે છેડે બે કલામય પદ્મો ઉપર (અનુક્રમે) શ્રી ઋષભનાથનાં યક્ષ અને યક્ષિણીની સુંદર આકૃતિઓ છે. યક્ષનું રૂપ કુબેર જેવું, એક હાથમાં બીજોરું અને બીજા હાથમાં નકુલકી (નોળી-money-bag) સાથે છે; જ્યારે યક્ષિણી અંબિકા એક હાથમાં આમ્રલુંબિ અને બીજા હાથમાં બાળક સાથે બેઠેલાં છે. સામેના પાને રજૂ કરેલી અંબિકાદેવીની ભવ્ય ધાતુપ્રતિમા અને આ પ્રતિમા સરખાવી જોવા ભલામણ છે. આ પ્રતિમા એથી સહેજ વધુ પ્રાચીન છે. બેઉ ઇ.સ. ના છઠ્ઠા સૈકાની છે પણ આ છઠ્ઠા સૈકાના પૂર્વાર્ધમાં બનેલી ગણવી જોઇએ. પ્રતિમા પાછળ લેખ છે, તેની લિપિ જોતાં ઉપરનો સમય ઠીક લાગે છે.

←સિંધના મીરપુર ખાસ મુકામેથી મળેલી અને હાલ કરાચીના મ્યૂઝિયમમાં છે તે ચતુર્મુખ બ્રહ્માની સુંદર ને નયનાભિરામ ધાતુમૂર્તિ; ઉપર ↑ ચિત્ર ૨૦ ઋષભદેવજી : પરિચય આ પૃષ્ઠ પર.



અપ્રતિમ સૌંદર્યવાળી 'જીવંતસ્વામી'ની આ ગુજરાતી ધાતુપ્રતિમા મહાવીર સ્વામીનું દીક્ષા લેતાં પહેલાંનું સ્વરૂપ રજૂ કરે છે. રાજપુત્ર છતાં જનકની માફક એમનું ચિત્ત અનાસક્ત અને ધ્યાનમાં રહેતું. એ ભાવ સૂચવતી એમની આ પ્રતિમા દેહના પાર્થિવ તત્ત્વને આંતરિક સૌંદર્ય વડે– આધ્યાત્મિક રંગે રંગી નાખતી ભારતીય મૂર્તિકલાનું અચ્છું ઉદાહરણ છે.






←ડાબી બાજુ: ચિત્ર નં. ૨૨. વિકસિત કમળ ઉપર, અંગભંગે ઊભેલી ચામરધારિણીની, માત્ર સાડા આઠ ઇંચ ઊંચી આ ધાતુપ્રતિમા આખા ભારતવર્ષનાં ધાતુશિલ્પોમાં અજોડ એવી ગુજરાતની અપ્રતિમ કૃતિ છે.ઉપર: ચિત્ર નં. ૨૧–જૈન સંપ્રદાયની શાસનયક્ષી અંબિકાદેવીની આ ધાતુપ્રતિમા પણ ગુજરાતની કલાનો એક અતીવ સુંદર નમૂનો છે. ભરાવદાર પ્રસન્ન વદન અને સંકુચિત કમરવાળાં દેવીનો દેહ કોમળ છતાં સુદૃઢ છે.









પ્રાણી-ચિત્રણા • કલાકાર : શ્યાવક્ષ ચાવડા

ગુજરાતના કલાકારોમાં મોખરાનું સ્થાન ધરાવતા શ્રી શ્યાવક્ષ ચાવડાની ગણના આજે તો ભારતના પ્રમુખ કલાકારોમાં થાય છે. એમની રેખાની તાકાત ને રંગાવટના વૈશિષ્ટ્યનો પરિચય 'કુમાર'ના વાચકોએ આજ સુધી જે અનેક વાર કર્યો છે, તેમાં ૩૧૨મા અંકમાં આવેલા તેમની પ્રાણીચિત્રણાના નમૂના સ્મરણીય બની ગયા છે. મુંબાઈના પ્રાણીસંગ્રહ-ઉદ્યાનમાં જાનવરોનાં પિંજરની સામે જ બેસીને ઉતારેલાં એ ત્વરિત રેખાંકનો પૈકીનાં થોડાં વિશેષ અહીં આપ્યાં છે. પ્રાણીઓની વિવિધ હીલચાલો, લાક્ષણિક ઢબછબ, છટાઓ ને અંગમરોડો વગેરેને એકીસપાટે પકડીને સીધી ફાઉન્ટનપેનથી જ કાગળ ઉપર તેમની આંગળીઓએ જે આસાની અને સપ્રમાણતાથી ઉતાર્યાં છે તે આશ્ચર્યજનક છે.






કુલપતિ કઝિન્સ


ભારતીય કલા અને સંસ્કૃતિના એ પુરસ્કર્તાના સ્વજીવનનાં સંસ્મરણો

જેમાં એમની કલાસેવા વિસ્તરતી જાય છે; ત્રાવણકોર રાજ્ય એ સંસ્કૃતિ-સેવાના પુરસ્કાર તરીકે એમને 'વીર શૃંખલા' અર્પણ કરે છે; તેઓ હિંદુ ધર્મ અંગીકાર કરીને દ્વિજ બને છે, અને 'જયરામ' નામ ધારણ કરે છે.

અંગ્રેજી આપકથા ઉપરથી તારવીને રજૂ કરનાર

રવિશંકર રાવળ





ગુજરાત કલાસંઘ ચિત્રશાળામાં ગુજરાતના તરુણ કલાકારો વચ્ચે ડૉ. કઝિન્સ. (૧) શાંતિલાલ શાહ, (૨) લક્ષ્મણ વર્મા, (૩) બંસી વર્મા, (૪) ચંદ્ર ત્રિવેદી, (૫) બાબુભાઈ શાહ, (૬) શાંતિલાલ ત્રિવેદી, (૮) ઉમરભાઈ,(૯)પ્રફુલ્લ ફોજદાર, (૧૦) જયંતીલાલ ઝવેરી,(૧૧) રસિકલાલ પરીખ, (૧૨)ઝવેરચંદ મેઘાણી, (૧૩)ડૉ. કઝિન્સ, (૧૪)રવિશંકર રાવળ, (૧૫) ચંપાબેન ડૉકટર (૧૬) શાન્તાબેનપરીખ, (૧૭) મનુભાઈ પટેલ,(૧૮) છગનલાલ જાદવ,(૧૯) જયંતી ત્રિવેદી, (૨૦) કનક રાવળ, (૨૧) ચન્દ્રશંકર રાવળ, (૨૨) ત્રિગુણાતીત પંચોળી, (૨૩) કનુ દેસાઈ.

મદનપલ્લી ખાતેનું કામ ચાલુ રાખવાની સાથોસાથ, મારા સ્વભાવમાં રહેલી સર્જકતાને કામે લગાડવાની તક આમ, ત્રિવેન્દ્રમમાં ભારતીય કલાનું ચિત્રાલય ઊભું કરવા નિમિત્તે મળી, તેથી ઉત્તમ તત્ત્વોનું સાધારણીકરણ કરવાની મારી આદર્શપરાયણ મનીષા પ્રસન્નતા પામી. વખતોવખત ચાર દિવસની મુલાકાત ત્યાં આપવા માટે આવતાંજતાં ૨૪ કલાક ટ્રેઈન અને મોટરની મુસાફરી થતી. થએલું કામ તપાસવું, નવાની યોજના કરવી વગેરેથી અંધકાર ભેદી પ્રકાશ વધતો ગયો તેમતેમ મારા હૃદયમાં આનંદ વધતો જતો હતો.

રવિવર્માની કળા

ચિત્રાલયમાં કેવળ ભારતીય ચિત્રકળાની વીથિકા રચવા જતાં યુરોપી ઢબનાં તૈલચિત્રોનું સ્થાન કઢંગું થાય છે. એ સમયમાં રાજા રવિવર્માનાં ચિત્રોની છાપો લોકોમાં બહુ જ પ્રચલિત થઈ હતી. તેને મેં મારી ભારતીય કળાની વ્યાખ્યામાં કદી સ્થાન આપ્યું નહોતું. પણ પછી લાગ્યું કે ૧૮મા સૈકાની રાજપૂત કલા અને ૧૯મી સદીમાં થએલી બંગાળની સ્થાનિક કળાના ઉદયકાળ વચ્ચેના ગાળામાં રવિવર્માને ભારતીય પરિપાટીનું જ્ઞાન ઉપલબ્ધ નહોતું. પણ હિંદુ ભાવનાઓને વળગી રહી તેણે હિંદુ ચિત્રપ્રસંગોને જૂના યુગમાંથી નવા યુગમાં લાવી મૂકયા હતા. ત્રાવણકોરની બહાર કોઈ પણ ચિત્રાલયમાં રવિવર્માની કૃતિઓની ગણના હિંદી કળામાં ન થાય. પણ ત્રાવણકોરના ઇતિહાસમાં તેમનું ખાસ સ્થાન હતું. વળી તે મહારાજાના પૂર્વજ હતા. આમ, ચિત્રાલયમાં તેમની ને તેમનાં ભાંડુઓની કૃતિઓનો એક ખંડ રચાયો. આખું કુટુંબ કળાપ્રતિભાથી વિભૂષિત હોય એ પ્રસંગ વિરલ છે.

ચિત્રાલયની સ્થાપના અંગે મેં જાહેર કર્યું હતું કે ભારતીય સંસ્કૃતિના ઈતિહાસમાં આ પ્રસંગનું મહત્ત્વ ઘણું છે કારણ કે તે દ્વારા અતીત કાળથી આજ સુધીની ભારતની ચિત્રકળા રજૂ થશે. પણ એટલા સાદા ઐતિહાસિક કરતાં યે વધારે કારણ તો આ ચિત્રાલયથી જે કલાપ્રિયતા જાગશે તેનાથી સાધારણ જીવનમાંથી કુરૂપતા અને અશ્લીલતા હઠાવવાનું સાધન મળશે. મેં ભાર દઈ જણાવ્યું કે કળાના સિદ્ધાન્તોના પ્રયોગો જીવનની કળામાં ઊતરશે ત્યારે માણસ ખરેખરી માણસાઈ પામશે. આ ચિત્રાલય કોઈ અલંકારની વસ્તુ નથી.'

આવું વ્યાપક ભાવનાવાળું ચિત્રાલય રચવાનો પૂર્ણ યશ સરકારીરીતે દીવાન સર હબીબુલ્લાએ ડૉ. કઝિન્સને આપ્યો અને ૨૫મી સપ્ટેમ્બર ઈ. ૧૯૩૫ના રોજ મહાન સમારંભ વચ્ચે રાજ્યના ઇતિહાસમાં પ્રથમ ચિત્રાલય તરીકે મહારાજાએ તેનું ઉદ્‌ઘાટન કર્યું.

આ પ્રસંગ પછી રાજ્યમાતા, મહારાણીશ્રી વગેરે રાજ્યકુટુંબમાં ખાસ જન તરીકે તેમનાં સન્માન-સમાગમ વધી ગયાં. બરાબર એક માસ પછી ૨૫મી ઑક્ટોબર ૧૯૩૫ના મહારાજાના જન્મદિનદરબારમાં હાજર થવા તેમને નિમંત્રણ મળ્યું. પણ વરસાદે મુસાફરીમાં એટલાં વિઘ્નો નાખ્યાં કે તે દરબાર પતી ગયા પછી ૨૪ કલાક મોડા પહોંચ્યા અને બીજા અનેક રંજનકાર્યક્રમો વચ્ચે તેમને પોતાની તરફથી લાચારી કે માફી દર્શાવવાનો વખત પણ ન મળ્યો. ચિત્રાલયના સર્જક તરીકે તેમની પ્રસિદ્ધિ પછી તેમને સમારંભોમાં મહારાજાની ડાબી બાજુએ જ જગ્યા અપાતી અને કંઈક ઇલકાબ કે સરપાવની વાત પણ હવામાં હતી. એની પરાકાષ્ઠા ૧૯૩૫ની ૩૧મી ઑક્ટોબરે જણાઈ.

વીરશૃંખલા

'સવારમાં ૭‖ વાગ્યે મહારાજાના ધારાશાસ્ત્રી સર સી.પી. રામસ્વામી અય્યરે ટેલીફોન કર્યો કે ૧૦‖ વાગ્યે મહેલ પર હાજર થવું. સાથે ખાસ સૂચના કરી કે સારામાં સારો પોશાક પહેરીને આવવું. કારણ કશું જણાવ્યું નહિ. ત્યાં પહોંચ્યો ત્યારે સર સી.પી. હાજર જ હતા. તેમણે કળા અને કેળવણી પર વાતો કરી. અગિયાર વાગ્યે મહારાજા ખાસ પોશાકમાં આવી પહોંચ્યા. મને કંઈક વિધિસરતાની ગંધ આવી. સલામી પત્યા પછી એક નોકર, ભરચક સોનેરી કિનારવાળું લાલ કપડું પાથરેલી એક લાંબી સોનાની તાસક લાવ્યો. તે પર હું સમજી ન શક્યો એવી કોઈક સોનાની વસ્તુ મૂકેલી હતી. મહારાજાએ મારી સામે જોઈ કહ્યું, ડૉ. કઝિન્સ, ત્રાવણકોરના રાજવીઓનો એક પુરાણો શિરસ્તો છે કે જેઓએ રાજ્યની કોઈ વિશિષ્ટ સેવા કરી હોય તેમને 'વીરશૃંખલા'થી વધાવવા. અસલમાં યુદ્ધક્ષેત્રે શૌર્ય બતાવનારને આ અલંકાર પ્રાપ્ત થતો. એ જમાનો ગયો છે; પણ તમે તો કળા અને સંસ્કૃતિના મહાન વીરનર છો, એટલે રાજ્યનું આ સર્વોત્તમ સન્માનચિહ્ન 'વીરશૃંખલા' તમને આપતાં મને ખૂબ જ હર્ષ થાય છે. તે સાથે કળા અને સંસ્કૃતિ તમારું શૌર્યક્ષેત્ર છે માટે આ પંડિતની શાલ પણ આપું છું. એમ કહી મારા જમણા હાથ પર તેમણે વીરશૃંખલા પહેરાવી અને સર સી. પી.એ ખભા પર શાલ ઓઢાડી.'

વિશાળ પરિચયો

૧૯૩૫ના વર્ષમાં મદનપલ્લી ખાતે ડૉ. કઝિન્સના પરિચયો વધતા ગયા. સી. રાજગોપાલાચાર્ય તેમના મહેમાન થઈ ગયા અને પોતાની બાલ વિધવાપુત્રી નામગિરિને ત્યાંના 'રુક્મિણીવિહાર' કન્યાછાત્રાલયમાં મૂકી ગયા. હવે તો કઝિન્સ દંપતી ઘણી વાર ત્રિવેન્દ્રમ સાથે પણ જતાં અને રાજકુટુંબ સાથે અનેક મીઠા પ્રસંગો તથા સંગીત તેમજ કળાચર્ચા માણતાં. રાજકુટુંબને શ્રી કઝિન્સ જાતે પૂરા ઉત્સાહથી ચિત્રોની ખૂબીઓ સમજાવતા ત્યારે તેમને પ્રાચીનથી આજ સુધીની કળાનાં તત્ત્વો અને ઐતિહાસિક બીનાઓની વિસ્તૃત માહિતી અવિરતપણે અને નોંધવાર આપતા જોઈ શ્રીમતી માર્ગરેટને પહેલી જ વાર તેમની એવી શક્તિનો ખયાલ આવ્યો.

તેઓ મદનપલ્લી પાછાં આવ્યાં ત્યારે છોકરીઓ સાથે છોકરાઓએ કંઈક કૌભાંડ ઊભાં કર્યાં હતાં. તે જોઈ શ્રીમતી કઝિન્સને અપાર દુઃખ થયું કે 'અમે જ્યારે મનુષ્યમાં સમાનતાનું ભાન કરાવવા અને નારીજાતિ પ્રતિ પ્રાચીન સદ્‌ભાવના પેદા કરવા મથી રહ્યાં છીએ ત્યારે પુરુષોમાંથી જ અમારી ભાવના ધૂળ મેળવતા અલગતાવાદ અને શ્રેષ્ઠપણાનું ઘમંડ ધરાવનારા નીકળે છે.' ડૉ. કઝિન્સે સાર કાઢ્યો કે આ લોકો પાસે જો ખરી કબૂલાત કરાવીએ તો તેમાં તેમની ઉશ્કેરાએલી જાતીયતા જ જણાશે. કર્મથી જે તત્ત્વ સામે તેઓની નબળાઈ બહાર પડે છે તેને દૂર કરવાની હિચકારી રીતો તે અજમાવે છે. ખરું જોતાં તેમણે ગાંધીજીની ભારતીય રીતે સંયમની ભાવનાથી શ્રેષ્ઠતા મેળવવી જોઇએ.

એ જ અરસામાં કૉંગ્રેસ પ્રમુખ બાબુ રાજેન્દ્રપ્રસાદ અને દક્ષિણના બીજા નેતા ટી. પ્રકાશમ્ મદનપલ્લીની મુલાકાતે આવી ગયા. અદ્યારમાં થીઑસૉફિકલ સોસાએટીનો રૌપ્ય મહોત્સવ ઊજવાયો તેમાં ડૉ. કઝિન્સે મહેમાનોને અંગ્રેજી કાવ્ય ઉપર અને પછી રાત્રે દીપચિત્રોથી ભારતીય કળા પર વ્યાખ્યાન કરી રંજિત કર્યા. શ્રીમતી કઝિન્સને એ જ વખતે ત્રિવેન્દ્રમ ખાતે મળેલી અખિલ ભારતીય મહિલા પરિષદમાં જવું પડ્યું હતું એટલે કેટલાક સુંદર સંજોગો તે ચૂક્યાં હતાં. અદ્યારના રૌપ્ય મહોત્સવમાં પ્રમુખ ડૉ. ઍરુન્ડલનાં પત્ની રુક્મિણીદેવીએ પહેલી જ વાર જાહેરમાં ભરતનાટ્યમનાં નૃત્યો બતાવી અપૂર્વ કલાકાર તરીકે પ્રતીતિ આપી. એમના દરેક પ્રયોગમાં કલાકારનું સમર્પણ હતું. 'કલા હવે ધર્મની સેવિકા ન રહી, પણ પોતે જ ધર્મસ્વરૂપ બની રહી' એમ કઝિન્સે ત્યારે નોંધ્યું. અદ્યારમાં એક કલાકેન્દ્ર રચવાની વાતો ચાલુ થઈ.

બંગાળનું સન્માન

ઉનાળાની રજામાં એ દંપતી દાર્જિલિંગ પાસે કાલિમ્પૉંગ જઈ એક મિત્રના આવાસમાં રહ્યાં. ત્યાં Twenty Years in Nepal (નેપાળમાં વીસ વર્ષ)ના પ્રવાસી લેખક ડેવિડ મૅકડોનલ્ડનો પરિચય થયો. એ સજ્જન ત્યાં 'હિમાલયન હોટેલ' ચલાવતા હતા. તેમની પાસે તિબ્બત(તિબેટ)ની કળાના અપૂર્વ 'તનખા ચિત્રપટો' જોયા અને તેમાંથી ચિત્રાલયના આ કળાન્વેષકે ત્રિવેન્દ્રમ માટે કેટલાક મેળવ્યા પણ ખરા. પાછા ફરતાં કલકત્તામાં 'રૂપમ્'ના તંત્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીએ સ્વગૃહે તેમના સન્માનમાં મેળાવડો કર્યો, તેમાં અવનીન્દ્રનાથથી માંડી ઘણા શ્રેષ્ઠ કલાકારો આવ્યા હતા. તે વખતનો નોંધપાત્ર બનાવ તો અવનીબાબુએ અચાનક કરેલું સંભાષણ હતું. તેમણે કહ્યું, 'હમણાં-હમણાં ભારતમાં જે અભારતીય અને કલાહીનતાનું વલણ દેખાયું છે તેની સામે હું વૃદ્ધત્વના કારણે હવે યુદ્ધ આપી શકતો નથી. બંગાળના કલા-ઉત્થાનમાં જે ઊંચી ભાવના હતી તેની પુનઃપ્રતિષ્ઠા કરવા માટે, ડૉ. કઝિન્સ, હું તમને ઊંડા હૃદયથી કટિબદ્ધ થવા વિનંતી કરું છું.' એમની ઇચ્છા પૂરવા બને તેટલું કરવા ડૉ. કઝિન્સે વચન આપ્યું.

તે પછી થોડો આરામ મેળવવા બૅંગલૂરથી દૂર સર મીરઝા ઇસ્માઇલના પુત્ર હુમાયૂં મીરઝાના મહેમાન તરીકે રહ્યા તે દરમ્યાન એક હજાર વર્ષ પહેલાં બંધાએલાં હળેબીડ-બેલુરનાં સુપ્રસિદ્ધ મંદિરો જોયાં. ત્યાં તેમને અંદર પ્રવેશ તો ન મળ્યો, પણ અરીસાઓના પ્રકાશથી રંગમંડપની નૃત્યરમણીઓનાં શિલ્પો તેમને બતાવવામાં આવ્યાં.

શ્રીમતી કઝિન્સ અમદાવાદમાં

એ પછી ડૉ. કઝિન્સ મદનપલ્લીની સંસ્થા માટે ફાળો કરવા ભારતના પ્રવાસે નીકળ્યા. દરમિયાન શ્રીમતી માર્ગરેટ અમદાવાદમાં ભરાએલા અખિલ ભારતીય ૨૦મા નારી સંમેલનમાં પ્રમુખ થઈ ગયાં. તે સારાભાઇ કટુંબનાં મહેમાન થએલાં. ૨૩મી ડિસેમ્બરે ભરાએલા એ સંમેલનમાં ૨૫૦૦ જેટલી સ્ત્રીઓની હાજરી હતી. અનેક સંસ્થાઓએ તેમને ફૂલહારોથી ઢાંકી દીધાં અને મ્યુનિસિપાલિટીએ સંમાન અર્થે ઉદ્યાનસમારંભ યોજ્યો.

૧૯૩૬ની ૬ઠ્ઠી જાન્યુ.એ અદ્યારમાં 'કલાક્ષેત્ર'ની સ્થાપના થઇ. તે પ્રસંગને ડૉ. ઍરૂંડલ અને શ્રી જિનરાજદાસે સંસ્થાના ક્રમિક વિકા-

સના મહત્ત્વના સ્વરૂપ તરીકે આવકાર આપ્યો. હવે ડૉ. કઝિન્સને માથે મદનપલ્લીની સાથે 'કલાક્ષેત્ર'ની પણ ચિંતા આવી; છતાં તેમના સ્વભાવને રુચતી બાબત હતી એટલે તેમાં તે અંગત રસ લેવા લાગ્યા. વખતોવખતની ચાર દિવસની મુલાકાત માટે ત્રાવણકોરનો પ્રવાસ તો ચાલતો જ હતો. સાથે પદ્મનાભ મંદિરનાં જૂનાં ભીંતચિત્રોનો સમુદ્ધાર તથા સરકારી મ્યૂઝિયમની નવરચના વગેરે કામગીરી વધી હતી.

એ આવ-જા વચ્ચે અન્નમલાઇ યુનિવર્સિટીનાં વ્યાખ્યાનો આપવા તેઓ રોકાયા ત્યારે નજીકમાં જ ચિદંબરમનું સુપ્રસિદ્ધ મંદિર જોવાની ઇચ્છા કરી. એક હિંદી પ્રોફેસર તેમને ધોતી, પહેરણ અને ત્રાવણકોરની શાલમાં સજાવીને ત્યાંની નૃત્ય-અભિનયોવાળી શિલ્પાકૃતિઓ બતાવવા લઈ ગયા. પોતાના આગળના અનુભવ પ્રમાણે તે ચંપલો બહાર ઉતારી બધે નમસ્કાર કરતા ચાલ્યા અને એમને કાશ્મીરી ધારીને કોઇએ પૂછપાછ કરી નહિ.

મંદિરપ્રવેશ

એવામાં ૧૯૩૬ની ૧૨મી નવેમ્બરે પોતાના જયંતીદિને ત્રાવણકોરના મહારાજાએ દાનો આપવાને બદલે રાજ્ય હસ્તકનાં સર્વ દેવમંદિરો કોઇ પણ જાતના જાતિભેદ વગર સર્વ હિંદુઓ માટે ખુલ્લાં જાહેર કર્યાં. એ પ્રસંગના સમારંભોમાં હાજરી આપવા કઝિન્સદંપતી ત્યાં પહોંચી ગયાં હતાં. રાજ્યના ભોજનસમારંભ વખતે રાજ્યના મુખ્ય સેક્રેટરી ડૉ. કુંજન પિલ્લૈ કઝિન્સની બાજુમાં હતા. વાતવાતમાં મંદિરપ્રવેશના ઢંઢેરાના બે શબ્દો ઉપર ચર્ચા થઇ. એ શબ્દોનો વિશાળ અર્થ ઘણી વિશાળ જનતાને લાગુ થાય એવો હતો. એ ભાગ આ પ્રમાણે છે: 'There should henceforth be no restriction placed on any *Hindu by birth or religion* on entering or worshipping at the temples controlled by us and our government.' (આજથી અમારાં કે રાજ્યને હસ્તક ચાલતાં કોઈ પણ દેવમંદિરોમાં 'જન્મે કે ધર્મે' હિન્દુ હોય તેવા કોઇને પણ પ્રવેશ માટે કોઇ પણ પ્રકારની મનાઈ થશે નહિ.)

"'જન્મે કે માન્યતાથી હિંદુ' વચ્ચેનો ભેદ હિંદુ ધર્મના ઈતિહાસમાં આથી સદંતર ઊડી જતો લાગ્યો. 'જગતનું કારણ આત્મા-પરમાત્મા વિષેનું વેદાન્ત', આજના વિશ્વમાં ભારત બહાર પણ ઘણા સત્યશોધકોએ સ્વીકાર્યું છે. એ બધાનો આથી હિંદુત્વમાં સમાવેશ બન્યો છે, એવો મારો અભિપ્રાય મુખ્ય સેક્રેટરીએ મંજૂર રાખ્યો, ને દીવાન સર સી.પી.એ તેમાં સંમતિ આપી, એટલે આ જાહેરાતને માત્ર સિદ્ધાંતરૂપે ન રહેવા દેતાં તેની સક્રિયતા સ્થાપવાની બંનેને જરૂર લાગી. મને પોતાને તેનું મહત્ત્વ ખૂબ અસર કરી ગયું. એનો ખરો હેતુ સ્પષ્ટ કરવો જોઈએ એવું વિચારી મેં એક જાહેર નિવેદન લખી નાખ્યું ને તેની નકલો દેશાવરોમાં તેમજ મહાત્મા ગાંધીને અને દીવાનને મોકલી આપી, એટલું જ નહિ, પણ આ જાહેરાતને ખરી કરી બતાવવા જરૂર પડે તો મારી જાત પર જવાબદારી લેવાનો નિશ્ચય કર્યો.

૧૯૩૭ની ૧૨મી જાન્યુઆરીએ દીવાને મારા મંદિરપ્રવેશની બાબતમાં વાતચીત કરવા મને તેડાવ્યો. તે સાથે રાજ્યની વિદ્યાપીઠ સંબંધે પણ વાત કરવાની હતી. અંતે અભારતીય જનને મંદિરપ્રવેશનો ધારો લાગુ કરી જોવાનો નિર્ણય થયો. રૂઢિચુસ્ત પંડિતોએ રાજ્ય માટે તો કશો વાંધો ન બતાવ્યો, પણ અન્યનાં મંદિરોમાં સૈંકડો વર્ષોથી રહેલો પ્રતિબંધ દૂર કરતાં હજી ઘણા વર્ષ લાગશે એવો મત આપ્યો. મેં તો ગ્રેટાને તાર કર્યો. તેણે બધી વાત મારા આત્મનિર્ણય ઉપર છોડી દીધી.

દીવાનને આમાં એટલો ઉત્સાહ ચડ્યો કે આ પ્રસંગને ઐતિહાસિક બનાવવા તેણે મારા માટે, જો મને વાંધો ન હોય તો, એક ખાસ વિધિ-સમારંભ યોજવાનું વિચાર્યું. ઉચિત ગમે તે કરવાની મેં સંમતિ આપી.

શ્વેત બ્રાહ્મણ

૧૩મી જાન્યુઆરીએ મંદિરપ્રવેશની સવાર અદ્ભુત બની. કવાયતના મેદાન પર શણગારેલા વીસ હાથીઓ એક બાજુ ઊભા રહ્યા અને લાખોની મેદની સામે એક ઊંચી વ્યાસપીઠ ઉપરથી મહાત્માજીએ અંગ્રેજીમાં ભાષણ આપ્યું, અને લાખોએ જેને ત્યાજ્ય ગણ્યા હતા એવા એક નેતાએ મળયાળમમાં તેનો તરજૂમો કરી બતાવ્યો, પણ એ પ્રસંગનું મહત્ત્વ ભારતની પાર કેટલું બધું છે તે વિષે તેમાં એકે શબ્દ નહોતો.

બીજે દિવસે બરોબર આઠ વાગ્યે શ્રી પદ્મનાભસ્વામીના મંદિરનો એક અધિકારી મંદિરપ્રવેશ માટે મારી ખાતરી લેવા આવ્યો. ઘણી પૂછપાછ કરી તેણે છેવટે ઠરાવ્યું કે ઘણાં વર્ષોથી હું એક 'શ્વેત બ્રાહ્મણ' તરીકે જીવન જીવી રહ્યો છું તેથી મારે માટે યજ્ઞવિધિની જરૂર નથી; માત્ર ગંગાજળનું માર્જન બસ થશે.

ઠરાવેલા સમયે મંદિરનાં વસ્ત્રોમાં સજ્જ થઈ હું મંદિરના નાંબુદ્રી આચાર્ય પાસે હાજર થઇ ગયો. એ વખતે કાપડનું સાદું કેડ સુધીનું પહેરણ અને પાનીઢંક જરીકિનારવાળું ધોતિયું પહેરવાનો રિવાજ છે, પણ આ પ્રસંગને મહત્ત્વ આપવા બધાં વસ્ત્રો રેશમી રાખ્યાં હતાં.

મંડપમાં જતાં આશ્ચર્ય સાથે જોયું કે ત્યાં તો માણસોની બેશુમાર ભીડ હતી! કોઇ જાળીઓ અને બારીઓમાંથી જોઈ રહ્યા હતા અને કેટલા યે સંભાવિત હિંદુ ગૃહસ્થો, અમલદારો, વકીલો અને શિક્ષકો મારા જેવા જ પોશાકમાં ત્યાં હાજર થઇ ગયા હતા; કેટલાક તો માત્ર ધોતી વીંટાળી તેમના ખુલ્લા શ્યામવર્ણ દેહની ખૂબી બતાવતા હતા. મને એક પાટલા પર બેસાડ્યો. હું તદ્દન શાંત ને સ્વસ્થ હતો, છતાં આ પ્રસંગના જગવ્યાપી ઐતિહાસિક મહત્ત્વ માટે સભાન હતો.

વિધિનો પ્રારંભ થતાં પહેલાં મેં એક નિવેદન કરવા જણાવ્યું જેથી હું કોણ છું અને કેવો છું તેની જગતને જાણ થાય. મેં આમ કહ્યું: 'હું ખ્રિસ્તી પંથના વેઝલિયન મેથોડિસ્ટ કુટુંબમાં જન્મ્યો છું. સ્વભાવથી સ્વતંત્ર વિચારવાળું મન હોવાથી ધાર્મિકબંધિયારપણાવાળા શિક્ષણથી અસંતુષ્ટ હતો. હાલના વિજ્ઞાને મને બધા ધર્મઝનૂનથી મુક્ત કર્યો, પણ અંદર જન્મેલી ધર્મવૃત્તિ અને સત્યશોધક મન મને નાસ્તિકતા સાથે મેળ લેવા દેતું નહોતું. અમરતા અને સ્વર્ગ-નર્કની વાતો પરનાં તત્ત્વસંશોધન મેં વાંચ્યાં. થીઑસૉફીનો પરિચય મેળવ્યો. જીવનનાં સત્યનો સાક્ષાત્કાર કરવા માટે એ સંસ્થાના ત્રણ પ્રકારો મને સૌથી વધારે બંધબેસતા અને પૂર્ણતાવાળા લાગ્યા. વેદાંત-ઉપનિષદ્-ગીતાનું અધ્યયન કર્યું. કેટલાક પ્રકારો અનુભવ્યા. આ બધાં જ્ઞાન અને અનુભવોના પ્રસ્તારથી ખ્રિસ્તી ધર્મમાં રહેલી વિશ્વભાવનાનું રહસ્ય હું સમજ્યો અને હું એવી ભૂમિકાએ પહોંચ્યો કે જ્યાં ઐતિહાસિક કે જાગતિક અનુબંધવાળું કોઈ મને મળ્યું નથી.

ધર્માંતરનો સાધારણ અર્થ પોતાનો ધર્મ ત્યજી બીજો સ્વીકારવાનો થાય છે. મારા સંબંધમાં એવું નથી. કોઇ પણ ધર્મનાં બાહ્ય સ્વરૂપોનો ત્યાગ કરી આંતરિક સનાતન સત્ય તરફ અભિમુખ થવું એ જ મારું ધ્યેય છે. આજની આ વિધિ હિંદુધર્મ સ્વીકારતાં જો આધ્યાત્મિક જીવન અને સત્યપ્રકાશ માટે બીજા ધર્મોની સુયોગ્યતા સ્વીકારવાનો નિષેધ જરૂરી માનતી હોય તો આ પ્રસંગ અહીં જ અટકે, નહિ તો આગળ ચાલે.'

જયરામ

એના જવાબમાં ત્રાવણકોરના નિવૃત્ત સચિવ દીવાન બહાદુર બી. એસ. સુબ્રહ્મણ્યમ્ અય્યર મંદિરના અધિકારીઓ અને સમુદાય તરફથી બોલ્યા: હિંદુધર્મ સિવાય બીજે ક્યાંય સત્ય છે જ નહિ એવું કહેવું એ તેના ઉપદેશ અને વચનોની વિરુદ્ધ છે, અને હિંદુ ધર્મવિધિ માટે

તમારી યોગ્યતા વિષે અહીં કોઇને શંકા નથી વગેરે. વિધિ શરૂ થયો અને છેવટે પૂજ્ય વૃદ્ધ નાંબુદ્રી આચાર્યશ્રીએ મારા કાનમાં 'જયરામ' નામનું ઉચ્ચારણ કરી જાહેર કર્યું કે તે દિવસથી ત્રાવણકોરના હિંદુ-સમાજમાં અને ભારતમાં ગમે ત્યાં જેને ઠીક લાગે તેઓ મને એ નામથી સંબોધી શકશે. બધું પૂરું થયા પછી મંદિરના અધિકારીઓ મને એકેએક પ્રતિમા પાસે લઇ ગયા અને એક જ પરમાત્માનાં અનેક સ્વરૂપની એ પ્રતિમાઓ આગળ મેં બે હાથ જોડી પ્રણામ કર્યાં.

તે દિવસે સાંજે દીવાનના સાથમાં રાજ્યમહેલમાં ભોજન લેવાનું હતું. અહીંના રાજા પ્રજાના શાસક નહોતા. બસો વર્ષ પહેલાં મહારાજ માર્તંડવર્માએ દિગ્વિજય કરીને આ રાજ્ય સ્થાપ્યા બાદ તે, ભગવાનને રાજ્યસમર્પણ કરીને પોતે શ્રી પદ્મનાભદાસ એવું બિરુદ ધારણ કર્યું હતું,એટલે ધર્મના અધિનાયક તરીકે મહારાજાએ તે દિવસે મને કુટુંબમાં હેતભર્યું સ્વાગત આપ્યું. મહારાણીએ વિનોદ કર્યો : 'તમારું નામ મેં જ પસંદ કર્યું હતું, જેથી તમારે પ્રથમાક્ષર બદલવા ન પડે; અને તમારી જ્ઞાન-સંસ્કાર-સેવાને યોગ્ય આધ્યાત્મિક પ્રકાશવાળો 'રામ' શબ્દ 'જય' સાથે જોડયો છે. એ સત્યપ્રકાશનો જય હો.'

'જયરામ'જીના આ ધર્મસ્વીકાર પર દેશદેશાવરમાં ખૂબ ટીકાઓ થઈ. પણ ભારતના એક ખ્રિસ્તીએ તો લખ્યું: 'ખ્રિસ્તીનું આવું અપમાન? તમારો દોષ સ્વીકારી પાપમુક્ત થાઓ જેથી છેવટનો ન્યાય થતાં પહેલાં મોક્ષની એ એક જ આશા રહે.' કેટલાકે મને 'હિંમતવાળો' ને 'ઉદાર-ચિત્ત' કહ્યો. દૈનિક પત્રોએ કૉલમો લખી નાખ્યાં.

આ સમાચાર ખરા કે ખોટા તે જાણવા આયર્લૅંડથી તાર આવ્યો. એક સગાએ લખ્યું : 'સમજણપૂર્વકનું'; બીજાએ લખ્યું: 'કુળને લાંછન'! બીજી કઝિન્સકુટુંબની યુવતીએ કૅનેડાથી લખ્યું 'તમે ઘણા બુદ્ધિમાન છો, પણ પ્રભુને પીઠ પાછળ ધકેલ્યો'! પ્રભુ જો સર્વવ્યાપી હોય તો એ તો પીઠની આગળ ને પાછળ સર્વત્ર છે. તેને હું કેવી રીતે પાછળ મૂકી શકું? કોઇએ લખ્યું, 'હવે તમારું શું થશે! તમે અનંતકાળ સુધી કયાં રહેશો?' મેં કોઇને જવાબ આપ્યા નહિ. જીવનની વાસ્તવિકતાઓથી અંધ રાખનારા ધાર્મિક સંસ્કારોમાં હું પણ એક વાર પુરાયો હતો. પણ તેઓ જે અસંબદ્ધ અને અશુદ્ધ ગ્રંથોના પાઠમાંથી ધર્મતત્ત્વો માની લઇને ધર્માન્ધ બન્યા હતા તેથી હું મુક્ત હતો. બધા યે ધર્મગુરુઓ કરતાં હું અનંત અને જીવન પછીની વાતો વિષે વધુ માહિતી પામ્યો હતો. અન્ય લોક મારે મન ભાવનાપ્રકારનો આશાવાદ ન હતો; મને તેનું સ્પષ્ટ વાસ્તવિક દર્શન હતું. પછી તો મદનપલ્લી ગયા બાદ મેં કૉલેજની પાસે હરિજનો માટે એક મંદિર ખુલ્લું મૂક્યું અને દારૂની બદીમાં ફસેલા એ ગામના લોકોને આત્મસુધારણાનો માર્ગ બતાવી શ્રીરામની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

જગનમોહન ચિત્રશાળા

એવામાં, તેર વર્ષ પહેલાં મેં સર્જેલી મ્હૈસૂરની ચિત્રશાળાને વિસ્તૃત કરવાનું કહેણ આવ્યું. દર વર્ષે ત્યાં ઘણો વધારો થતો રહ્યો હતો. પહેલાં થોડા ખાસ ખંડોમાં જ ચિત્રો ગોઠવ્યાં હતાં તે હવે ભરચક થઈ ગયાં હતાં, એટલે હવે તો આખો જગનમોહન મહેલ હાથમાં લઈ કલા-કૃતિઓની નવી યોજના કરવી જરૂરી હતી. વચ્ચે એક દિવસ કુર્ગના મર્કારા નગરમાં શ્રી રામકૃષ્ણ પરમહંસના જયંતી-મહોત્સવનું પ્રમુખ-સ્થાન લેવા જઈ આવ્યો અને પછી ચિત્રશાળામાં ચિત્રો ગોઠવી દીધાં. ત્યાંથી પદ્મનાભપુરમનું કામ જોવા ગયો. એ વખતે મહારાજાએ મને એક વર્ષ સુધી કલાસચિવ (Art-adviser)તરીકે શ્રીમતી કઝિન્સ સાથે ત્રિવેન્દ્રમમાં રહેવાની જોગવાઇ કરીને મદનપલ્લીથી ત્યાં આવવા કહ્યું.

ઉનાળાની રજા આવી પહોંચી. પણ કેવા ઢંગે કૉલેજમાં વાદવિવાદ વધી પડયા હતા! પરીક્ષાઓમાં ગરબડ ચાલતી હતી અને સ્ટાફમાં અંદરઅંદર ઈર્ષ્યા હતી. એની અમને જરાયે અસર નથી થઇ એમ બતાવવા તમાચો મારી અમે મોં લાલ રાખતાં. અમારા આશરા નીચે આવી રહેલા વિશાળ કુટુંબને સુખી અને આબાદ કરવા અમે તલપી રહ્યાં હતાં, પણ માનવસ્વભાવે અમને પાછાં પાડ્યાં. વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં અમારા વ્યક્તિગત સંબંધો ઘણા ઠીક હતા. આ બધા વાદ-વિવાદો પ્રતિ સમભાવ અને સલાહસૂચના તેમજ મજાક બતાવવાને બદલે જો મેં શિસ્તનાં કડક પગલાં લીધાં હોત તો તેઓમાં વખતો-વખત હલકટ પ્રકારના ઉછાળા આવત ને તેમાંથી વાત વણસી જાત. રજા ગાળવા અમે તેરમી એપ્રિલે ઉતાકામંડ ખાતે એક સરસ ઘરમાં પેઇંગ ગેસ્ટ તરીકે જઈ વસ્યાં.''

એક દિવસ છાપાં વાંચતાં જાણ્યું કે ત્રાવણકોરના મહારાજા કુટુંબ સાથે બે મહિના માટે જાવા-બાલીના પ્રવાસે જાય છે, એટલે શ્રી કઝિન્સે દીવાનને એક પત્ર લખી આગ્રહપૂર્વક જણાવ્યું કે પ્રવાસક્રમ ગમે તે હોય, પણ જાવાનું બોરોબુદુરનું પ્રસિદ્ધ બુદ્ધમંદિર જોયા વિના ન જ રહે. તે સાથે હિંદુઓનું પ્રાચીન પ્રમ્બનમ્ મંદિર પણ એટલું જ અદ્ભુત અવશિષ્ટ મંદિર છે. ડૉ. કઝિન્સે આમાંનું એકે જોયું નહોતું, પણ પુસ્તકો દ્વારા જાણેલું કે એ ખચિત જોવાલાયક સ્થળો છે. એવામાં તો તેમની અજાયબી સાથે તાર આવ્યો કે મહારાજાના 'ફ્રેન્ડ, ફિલૉસૉફર ઍન્ડ ગાઈડ' તરીકે સાથે આવવા તમને નિમંત્રણ છે!

બોરોબુદુર જોવાની તેમની ઇચ્છા આ જ જન્મે પાર પડતી જોઇ શ્રીમતી કઝિન્સે ઉદારતાથી ટેકો આપી પોતા માટે 'વૂમન્સ ક્લબ'માં રહેવાની ગોઠવણ કરી લીધી, અને ૧૯૩૭ના એપ્રિલની ૨૭મીએ મદુરા થઈ કોલંબો સિલોનને માર્ગે એ લાંબા પ્રવાસમાં મહારાજા અને રાજકુટુંબનાં સન્નારીઓ, બાળકો તથા મિત્રો સાથે તેઓ જોડાયા. એ પ્રવાસના પ્રસંગો અને સ્મરણોની તેમણે વિસ્તૃત નોંધો કરી છે.

મહારાજાએ જાવા-બાલીમાં પ્રસરેલી હિંદુ સંસ્કૃતિ સીધી જાત-માહિતીથી જાણવા ઇચ્છા બતાવી; તે સાથે રાજ્યને લાભ થાય એ રીતે આરોગ્ય, ખેતી વગેરેની નોંધ કરવા સૂચના કરી. વચ્ચેવચ્ચે ત્રાવણકોર યુનિવર્સિટીની ચર્ચા પણ ચલાવી. ડચ રાજ્યના ગવર્નરે મહારાજાનું સ્વાગત કર્યું ને ઘણી સગવડો આપી. બોરોબુદુરનું ભવ્ય મંદિર જાવાનાં વાયાંગનાટકો,રામાયણ-મહાભારતનાં છાયાનૃત્યો,જલતો જ્વાળામુખી પર્વત, બધું વિસ્તારપૂર્વક અવલોકયું. પિનાંગ તથા સિંગાપુરના નાગ-રિકોએ સન્માન કર્યાં. એમ ૧૯૩૭ની ૨૫મી જૂને એ પ્રવાસ પૂરો થયો.

કલાવશેષો

દરમિયાન પદ્મનાભપુરમના મહેલનાં ચિત્રોનો સમુદ્ધાર થયો. ત્યાંના નવરાત્રિમંડપની મેંશ ઉખેડતાં તેની નીચેથી ચિત્રો નીકળી પડ્યાં. કેટલાંક મંદિરોની આસપાસના પથ્થરોના ઢગલામાંથી અનેક દ્વારપાળો અને દેવદેવીઓની સુંદર પ્રતિમાઓ હાથ લાગી. સાથે કેટલાક જૂના શિલાલેખો મળ્યા. રાજમહેલનાં કેટલાંક નાશ પામતાં ભીંતચિત્રોની નકલો કરાવી ચિત્રાલયમાં મુકાવી.

હવે શ્રી કઝિન્સ ખાસ હજૂરના માણસ બન્યા હતા અને મહેલની કેટલી યે પૂજનવિધિ સમયે માથે રાજપૂત ઢબનો સાફો લગાવી તથા બીજે પણ દરબારી ઠાઠ કરી હાજરી આપતા, એટલે તેમને ઘણું જોવા જાણવાનું મળતું. એ ઉપરાંત તેઓ ત્રિવેન્દ્રમની શાળાઓની મુલાકાત લઇ શિક્ષણમાં કેવા સુધારા થઈ શકે તેના વિચારો પણ કરતા. જો શાળામાં કળાને દાખલ કરવી હોય તો બીજા વિષયોનો બોજો ઓછો કરવાની જરૂર હતી. તે માટે પાઠયપુસ્તકોમાં તથા અંગ્રેજીના શિક્ષકોના માનસમાં ફેરફાર કરવાની જરૂર લાગી. માટીકામ તથા ચિત્રકામ માટે

શૌર્ય અને સાહસ તથા પ્રેમ અને માનવતાની સાગરકથા



સાગરસાવજ દેવો ધાધલ



લેખક 'સુકાની'

ભાગ ચોથો

ખંડ ૨૮ : પુનઃ બલીલિંગ

બલીલિંગ પહોંચવાને બેએક દિવસ રહ્યા હતા ત્યાં નાવડીઓએ ખબર આપ્યા કે મહારાજા દેવ થયા હતા અને એમની ઉત્તરક્રિયા થઈ રહે એટલે પટ્ટકુમારી વૈજયન્તીનો રાજ્યાભિષેક થવાનો હતો! સોગના વાઘા પહેરી કાફલો ચૂપચાપ બલીલિંગ ખાડીમાં દાખલ થયો. 'અગ્બન્' વેપારી લંગરગાહ તરફ ચાલ્યું ને એકસામટાં આઠ લંગર પડ્યાં.

ગજમદોએ ધાધલને ગઢીમાં મહેમાન બનવાનું આમંત્રણ મોકલ્યું હતું, એટલે ધાધલ ત્યાં ગયો. બીજે દિવસે 'અલખનાથ' ધાધલને સોંપી દેવાની અને રાણી મેધાવતી તથા સ્વયં બંદીવાન બનેલી અલકનંદાને માનપૂર્વક મુક્ત કરવાની મંત્રીમંડળની આજ્ઞા આવી પહોંચી. રાણી મેધાવતી, અલકનંદા અને તંગમ્ સિંહરાજપુરમાં રાણીના ઉદ્યાનગૃહમાં રહેવા ગયાં. નૌકાપતિ વિક્રમશીલો અને મોટો માલમ અજયપાળ, ખાડીને સામસામે ખૂણે, સૂનાં તૂતક સંભાળવા લાગ્યા અને દરરોજ સંધ્યા જરા ડંડક લાવે કે બે ય જણ સિંહરાજપુરનો રસ્તો પકડવા લાગ્યા. રાણી મેધાવતીનો ઉદ્યાન બહુ સુરમ્ય હતો, પણ આ બંનેને તો, એ નંદનવન કરતાં પણ વધારે આહ્લાદક લાગતો હતો! અહીં બીજાં ઉદ્યાનો પેઠે જ પંખીઓનો કલ્લોલ હતો, ખળખળતાં ઝરણાં હતાં, વૃક્ષલતાની કુંજો અને મંડપ હતાં, શીળી છાયામાં આસનો હતાં, પુષ્પોની સૌરભ હતી, હરિયાળીની બિછાત હતી, શીતળ ફુવારાઓ હતા. પણ આ બે ઘોડેસવારોને મન બીજાં ઉદ્યાનો જેવો એ ન હતો. એ નંદનવન જ હતું. અહીં અલકનંદા અને તન્ગમ્ રહેતાં હતાં! અરમારનો કડક નૌકાપતિ અને વેપારી પિરાહુનો મોટો માલમ, બંને, અહીં કેવળ અધીન ઉપાસક હતા!

ખંડ ૨૯: 'રાજા લાઉત'

મહાદેવીના રાજ્યાભિષેકનો વિધિ એક ભવ્ય દરબારથી સમાપ્ત થયો. દરબારને દિવસે રાજગઢ દરેક પ્રજાજન માટે ખુલ્લો મુકાયો હતો. સભામંડપ સામેની વિશાળ વૃક્ષરાજિમાં માનવમેદની ઊભરાઈ રહી હતી.

રાજગઢ રાજધાની હતી. અહીં અનેક ઉપવનો, પુષ્કરિણીઓ, મંડપો અને મહેલો હતાં. એક બાજુ ચતુરંગશાળા હતી. મુખ્ય મહેલાત પાસે વિધવિધ સભામંડપો હતા: નૃત્તસભા, રંગસભા, કનકસભા, દેવસભા. કલા, મંત્રણા, ઉત્સવ અને શાસ્ત્રચર્ચાની પ્રવૃત્તિઓનો અહીં સંગમ થતો હતો. મંદિરો, વિહારો, વિલાસગૃહો અને રંગમંડપોથી ગઢ ગાજી રહ્યો હતો. અહીં ચાર પુરુષાર્થની સાધનાનાં પૂર્ણ સાધન પ્રચુર હતાં.

મહાદેવીની સમક્ષ, અને એમની આજ્ઞાથી, વૃદ્ધ પેદન્દ બ્રહ્મર્ષિ મહામાત્યે, દરબારને શાસનો વાંચી સંભળાવ્યાં. દાનપત્ર, ધર્મપત્ર અને શાસનપત્રો વંચાયાં. પ્રશસ્તિઓ ગવાઈ. સુલમ્બો અને ફુંગતાઉના ટાપુઓ બલી રાજ્યમાં શામિલ કરવાની ઘોષણા થઈ. પછી મહામાત્યે એક વિશિષ્ટ ફરમાન વાંચવા ઉપાડ્યું:

'અમારા પુણ્યશ્લોક પિતાના પરમ સેવક અને રાજભક્ત, અમારી અરમારના ભૂતપૂર્વ સરખેલ અને જલધિમંત્રી, સદ્ગત અષ્ટકુલરાજન્, રાજ્યશ્રી શ્રી ઇન્દ્ર સુવર્ણોની પુત્રી અને અમારી પ્રિય સખી શ્રી અલકનંદાને, અમે અષ્ટકુલરાજન્‌ની પદવી આપીએ છીએ, અને અમારી અરમારમાં સર નૌકાપતિનો અધિકાર આપીએ છીએ. સાથે એના પિતાની જપ્ત કરેલી જાગીર ઉપરાંત સાનૂરની જાગીર, યાવચ્ચન્દ્ર દિવાકરી ભોગવટામાં આપીએ છીએ.'

ગજમદોને પડખે અલકનંદા બેઠી હતી. આખરે પિતાનું નામ સર્વસમક્ષ અપૂર્વ ગૌરવાન્વિત શબ્દોમાં ચિરાંકિત થયું અને મહાદેવીએ સ્વતઃ એને બિરદાવ્યું, એ સાંભળતાં અલકનંદાનું હૈયું ભરાઈ આવ્યું અને એ નીચું મોં કરી બેસી રહી. એની આંખોમાંથી અશ્રુધારા ચાલી.

મહામાત્ય અષ્ટકુલરાજન્ અને સર નૌકાપતિનાં શાસનપત્રો હાથમાં લઈ, એની સામે જોઈ રહ્યા. અલકનંદામાં ઊઠવાની શક્તિ ન હતી. ગજમદોએ એને હાથ આપી મહાદેવી સમક્ષ ખડી કરી ત્યારે જ અલકનંદા ભાનમાં આવી. એ ભૂમિસાત્ પ્રણિપાત કરવાને ઘૂંટણ ઉપર બેસવા મંડી. એકાએક મહાદેવી ઊભાં થઈ ગયાં અને એ બાલસખીને બાથમાં લઈ લીધી. આ 'ભરતમિલન' ઉપર પ્રજાએ ધન્યવાદની પુષ્પવૃષ્ટિ કરી. વૈજયન્તીએ અલકનંદાને સિંહાસનને પડખે બેસાડી લીધી.

મહામાત્યે બીજું શાસનપત્ર ઉપાડ્યું: 'બલીરાજ્યને અને બલીના સિંહાસનને અતિ પ્રશસ્ત સહાય કરી મહાનાવિક કુમાર શ્રી દેવરાજ જાડેજાએ આ દેશની પ્રજાને સાગર ઉપર ભયમુક્ત કરી છે. એ ઋણ અમારી પ્રજાને અને અમારા વંશવારસને ચિરકાળ સ્મૃતિમાં રહે એ હેતુથી, ક્ષત્રિયાવતંસ કુમાર શ્રી દેવરાજને અમારા અષ્ટકુલરાજન્‌ની પદવી અમે આપીએ છીએ. સાથે 'રાજા લાઉત્'નું બિરુદ આપીએ છીએ અને લક્ષ સુવર્ણમુદ્રા પોષાકમાં આપીએ છીએ!'

ધાધલ સિંહાસન સામે કુર્નિશ બજાવી રહ્યો. અલકનંદાએ ધીમેથી કહ્યું, 'બાપા, હવે તમે બાલી બન્યા!'

ખંડ ૩૦: અજયપાળની મૂંઝવણ

રાજ્યાભિષેકની ધામધૂમ પૂરી થવા આવી હતી. 'અલખનાથ' 'રાવળનાથ'ની જોડે ઊભે એવું મજબૂત અને સશસ્ત્ર બની રહ્યું હતું. ધાધલે ફરી લંગર ઉપાડવાની તૈયારી કરવાનો હુકમ આપ્યો હતો.

આ હુકમ સાંભળી અજયપાળ સ્વપ્નમાંથી જાગી ગયો. રોજરોજ એ તન્ગમને મળતો હતો, પણ હજુ એણે એને પૂછવાનો પ્રશ્ન નહોતો પૂછ્યો. એણે સંસ્કૃત, જાવી, તમિળ અને ચીનીમાં પણ એ પ્રશ્નના શબ્દો તો ક્યારના ય ગોઠવી રાખ્યા હતા. તે સાંજે અજયપાળ લતાકુંજમાં પહોંચ્યો. ત્યાં, અનાયાસે હોય એમ, તન્ગમ્ સામેથી આવતી દેખાઈ. જરાક ઊઘડેલા હોઠ, આછું સ્મિત, માતેલી આંખો, અંગમાં થનગનાટ, કપાળ ઉપર એકબે વીખરાએલી લટો, ગળામાં ફૂલહાર: જાણે નંદનવનની વનદેવતા આવી અને ઠેઠ અડોઅડ ઊભી થઈ રહી. એની છાતી આજે ધમણની પેઠે ઊંચીનીચી થતી હતી.

અજયપાળના હાથ હમેશ પેઠે નમસ્કાર માટે ઊંચા થયા; પણ હાથ ઊંચા થવાને બદલે પહોળા થઈ ગયા અને બીજી ક્ષણે મેઘના

અંતરમાં વીજળી સમાઈ ગઈ! બંને હૈયાં સાથેસાથે ધડકવાં લાગ્યાં. વેણી વીખરાઈ ગઈ, ફૂલહાર કચરાઈ ગયો. બેયના કાનમાં અસ્ફુટ પણ મીઠાં સંબોધન ગુંજી રહ્યાં. શ્વાસ લેવાને બેય અળગાં થયાં–ન થયાં. તન્ગમને અજયપાળની કંઠી ખૂંચવા લાગી. અજયપાળને તન્ગમનો રત્નહાર ખૂંચવા લાગ્યો. 'હારો નારોપિતઃ કણ્ઠે મયા વિશ્લેષભીરુણા.' ફરી જરા અળગાં થયાં–ન થયાં, અને એમ ને એમ થોડીક ક્ષણોમાં તો કલ્પો જિવાઈ ગયા! સમય થંભી ગયો. વયમનાં અહમ્ થઈ ગયાં, અને અહમનો લય થઈ ગયો. કોણ જાણે ક્યારે, કોણ જાગ્યું; પણ તન્ગમે હથેલીથી અજયપાળને દૂર કરવાનો પ્રયત્ન કર્યો:

'અરે, આ શું કરો છો? કોઈ જોઈ જશે તો?'

'ભલે જુએ. આપણે પરણશું તે ઢોલ વગાડીને પરણશું!' અજયપાળે કહ્યું.

'મારે નથી પરણવું!' 'એટલે?'

'મારે આજન્મ કુંવારાં રહેવું છે!'

'આ–જ–ન્મ, કું–વા–રાં?!' અજયપાળનો અવાજ ઘેરાઈ ગયો.

'હા.'

'તો પછી આ—આ—બે ક્ષણ પહેલાં…?'

'તે તમે હાથ શું કામ લંબાવ્યા?' બોલતાંબોલતાં તન્ગમ્ રડવા જેવી થઈ ગઈ. એણે દાંતથી હોઠ દાબ્યો. પછી અશ્રુપૂર્ણ અવાજે કહ્યું, 'હવે કાલથી અહીં ન આવતા, કદી ન આવતા. મારે લગ્ન નથી કરવાં.' ને અજયપાળની બાંહ્યો છોડાવી, તન્ગમ્ અંધારામાં ઘર તરફ દોડી ગઇ!

મૂઢ જેવો માલમ ઉદ્યાનમાંથી બે ઘડી પછી બહાર પડ્યો ત્યારે એનાં સુકાન અને સઢ કશાનું ઠેકાણું ન હતું.

ખંડ ૩૧ : ઘાબ્બાજરિયું

અજયપાળના પગ ચાલતા હતા–ચાલ્યા જ કરતા હતા. દિશાનું કોઈ ઠેકાણું ન હતું. વસતિ કે જંગલ. કંઈ દેખાતું ન હતું. એના પગ જ ચાલતા હતા, પણ દિલ થંભી ગયું હતું. 'તન્ગમે લગ્નની ના પાડી, તન્ગમે લગ્નની ના પાડી' એ વાક્ય ઉપર એનું મન ખટકી ગયું હતું. હવે શું થશે? તન્ગમ્ વગર કેમ જિવાશે?… ના પાડી; ના પાડી!' હવે તો પગ પણ થાકી ગયા. કપાળેથી પરસેવો લૂછવા અજયપાળે અ-જાણ્યે જ હાથ ઊંચો કર્યો. હાથ સાથે નજર ઊંચે થઈ ગઈ; પણ આંખો કંઈ જોતી ન હતી. પણ પગે કંઈક જોયું. ફરીફરીને પગે એ જ ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. હવે એ નંદનવન ન હતું; પણ હજુ અહીં તન્ગમ્ હતી!

'કોણ? અજયપાળ! સાંજે મળ્યા વગર કેમ ચાલ્યા ગયા?' મા જેવો માયાળુ સ્વર! અજયપાળની આંખ ઊઘડી. ઘરને પગથિયે રાણી મેઘાવતી બેઠી હતી. અજયપાળ એની પાસે જઈ, નીચું માથું કરી ઊભો રહ્યો. એના મોંમાંથી એકે શબ્દ બહાર ન પડ્યો.

'તન્ગમ્ હમણાં જ અંદર ગઈ. જરા અસ્વસ્થ હતી. મને થયું કે તમે કંઈ કહ્યું હશે.' રાણી મેઘાવતી હૈયાના જખમ રુઝાવવામાં ચતુર હતી.

'મેં કંઈ નથી કહ્યું. હું એને કેમ કહું?' કહી અજયપાળ પગથિયાં ઉપર બેસી ગયો. એણે બે હાથમાં માથું મૂકી દીધું. કોણ જાણે ક્યારે એણે બોલવા માંડ્યું, ક્યારે એ મેઘાવતી સાથે અંદરના ખંડમાં ગયો, ક્યારે એણે શું કહ્યું, એની એને કશી ગમ ન હતી. મેઘાવતીને એ એટલું જ કહેવા ઇચ્છતો હતો કે તન્ગમ્ વગર એનાથી નહિ જિવાય! અને એ તો એ ચતુરા જાણતી જ હતી. છતાં જાણે કંઈ નવલ વાત સાંભળતી હોય એમ ધ્યાનથી સાંભળી રહી.

વાત સાંભળી તે થોડી ક્ષણ ચૂપ રહી. થોડી વાર પહેલાં તન્ગમને મોંએ એણે લગભગ એ જ શબ્દો સાંભળ્યા હતા. એને અંદરથી હસવું આવતું હતું, પણ એનું મુખ ગંભીર હતું. અજયપાળ એકની એક વાત કહેતાં જરા થંભ્યો, કે મેઘાવતીએ ઉપખંડના પરદા તરફ નજર કરી ધીમે સ્વરે કહ્યું, 'તન્ગે, બહાર આવ ને. જો, અજયપાળ આવ્યા છે!'

તન્ગમ પરદા પાસેથી હટી ગઇ એ મેઘાવતીના સરવા કાનથી છાનું ન રહ્યું. પ્રેમીઓનો આવો વર્તાવ એનાથી કેમ અજાણ્યો હોય? એણે અજયપાળ સાથે, જાણે સહજ બોલતી હોય એમ, બીજી વાત માંડી: 'સવારના નૌકાપતિ વિક્રમશીલો આવ્યા હતા. અલકનંદા હવે સર-નૌકાપતિ છે ને, એટલે એની સામે આરમારી અદબ બજાવી ઊભા રહ્યા. અલકનંદાને પહેલાં તો એ મજાક કરતા હશે એમ લાગ્યું, પણ વિક્રમ-શીલો મજાક નહોતા કરતા. એ અલકનંદાને કહેવા આવ્યા હતા કે સિર્ફ નૌકાપતિ, સરનૌકાપતિનો પતિ ન થઇ શકે. અલકનંદાને એ કહેવા આવ્યા હતા કે પોતે લગ્ન નહિ કરે. પોતે આજ સુધી અલકનંદાની સ્મૃતિમાં કુંવારા રહ્યા, હવે આજન્મ કુંવારા રહેશે! પણ અલકનંદા કંઈ તન્ગે જેવી સુંવાળી નથી! એણે જ્યારે જોયું કે વિક્રમશીલો મજાક નથી કરતો ત્યારે એણે તો એને ઊધડો લઈ નાખ્યો. જાણે સરનૌકાપતિ નૌકાપતિને ઠમઠોરતો ન હોય!'

નક્ટકે મેઘાવતી હસી પડી પણ તુરત જ હસવું ખાળીને બોલી: 'અલકનંદાનો તાપ ન જીરવાયો કે કેમ, પણ જેવું એણે બોલવું બંધ કર્યું, કે વિક્રમશીલો ફરી એક વાર આરમારી અદબ બજાવી બહાર નીકળી ગયો. વિક્રમશીલો રૂઢિગ્રસ્ત છે. એ માને છે, કે 'ન શૂરા વિસ-હન્તે હિ સ્ત્રીનિમિત્તમ્ પરાભવમ્.' મેઘાવતીએ હસતાંહસતાં કહ્યું.

'સરનૌકાપતિ જરા ગુસ્સે થયાં. જરા રડ્યાં. ભર્યે થાળે "ભૂખ નથી" કહી ઊઠી ગયાં અને પાલખી મંગાવી રાજગઢ ગયાં છે. વિક્રમ-શીલો એની અમ્બોકૂને નહિ પરણે, એ જાણી તન્ગમ્ પહેલાં તો ખૂબ રડી. હવે અમ્બોકૂ ન પરણે તો એ પણ આજન્મ કુંવારી રહેવાની છે!'

મેઘાવતીએ સામાન્ય વાત હોય એમ આ વર્તમાન આપ્યા. પરદા પાછળથી એક ડૂસકું સંભળાયું. મેઘાવતીને ઓચિંતું કંઈક યાદ આવ્યું હોય એમ એ ખંડમાંથી બહાર ચાલી ગઇ. અજયપાળ સૂનમૂન બેસી રહ્યો. એણે દીર્ઘ નિઃશ્વાસ મૂક્યો ને નજર ઊંચી કરી. પરદા પાસે તન્ગમ્ ઊભી હતી. એણે હાથ જોડીને અજયપાળને ચાલ્યા જવાની વિનંતી કરી. અજયપાળ ચાલ્યો ગયો. કોણ જાણે, હવે એ એટલો વ્યગ્ર ન હતો.

ખંડ ૩૨ : રાજગઢનું ફરમાન

થોડા દિવસમાં રાજગઢમાંથી ઘોષણા થઇ: 'સુલમ્બો, કુચિલ અથ-વા ઉપસુલમ્બો, તથા કુંગતાઉના ટાપુઓ બલી રાજ્યનો નવમો વિષય ગણાશે અને હવે પછી "વૃદ્ધ બલી"ને નામે ઓળખાશે. વૃદ્ધ બલીના પ્રથમ શાસકના પદ ઉપર, મયંકબાહુકુલનન્દિની, અષ્ટકુલરાજન્, સર-નૌકાપતિ, શ્રી અલકનંદાદેવીને નિયુક્ત કરવામાં આવે છે. ઉપરાંત, શ્રી શાસિકા સાથે, આરમારનો એક દસ્તો વૃદ્ધ બલીમાં કાયમનો રહેશે. એ દસ્તાના પ્રથમ સરનૌકાપતિ મીનાંકકુલાવતંસ, શ્રી વિક્રમશીલોને નિયુક્ત કરવામાં આવે છે…….' હવે વિક્રમશીલો પણ સરનૌકાપતિ બનશે અને અલકનંદા સાથે લગ્ન કરશે એમ આનો અર્થ હતો.

અજયપાળ આ ફરમાનની બીજી કંડિકાઓ સાંભળવા ન રોકાયો. એકશ્વાસે એ મેઘાવતીના ઉદ્યાનગૃહ તરફ દોડવા લાગ્યો. બહારની પરસાળમાં તન્ગમ સોળે કળાએ દીપતી ઊભી હતી. અજયપાળ હાંફતો હતો. એને બોલવા માટે થોડો શ્વાસ જડે તે પહેલાં જ તન્ગમે કહ્યું: 'મેઘાવતી થેરા સુમંગલ પાસે શીખ લેવા ગયાં છે; અમ્બોકૂ (મોટી બહેન) અને વિક્રમશીલો ઉદ્યાનમાં ક્યાંક બેઠાં છે, અને…' એનાથી વાક્ય પૂરું ન કરી શકાયું. અજયપાળે બાહુપાશ ખોલ્યો. એની છાતીમાં તન્ગમ્ ઊછળી પડી. શબ્દો માટે હવે બેયની છાતીમાં શ્વાસ ન રહ્યો.

ખંડ ૩૩ : મથાળું જરૂરી નથી

પ્રસ્તુત કથાનકનો આ ખંડ ન લખ્યે પણ ચાલત. આ ઇતિહાસનો

'મારૂ મહત્તાયન્'

મળયાળમ ને સંસ્કૃતના મિશ્રણથી જન્મેલો આ શબ્દ મલબારની સામાજિક રચનામાં જે 'માતૃવંશ' ચાલે છે તેનો નિર્દેશક છે. 'હિન્દુ લૉ'ની કાયદાપોથીમાં એનું વર્ણન છે,કેમકે પૈતૃક વારસા પેઠે એ માતૃક વારસાનો કાયદો પણ ધારાપોથી પર ચડેલો છે.

મારૂ એટલે નિકટનો; મહત્ એટલે દીકરો; તાયમ્ એટલે દાયમ્–વારસો. મારૂમહત્ એટલે સીધો પુત્ર નહિ, પણ નિકટનો પુત્ર.દીકરીની દીકરી–દૌહિત્રી ને દૌહિત્રી ન હોયત્યાં દૌહિત્ર. આખા ભારતવર્ષમાં આજ સુધી બાપનો વારસો દીકરાને જતો, પરંતુ મલબારમાં બધી મુખ્ય ન્યાતોમાં પ્રથમ તો મિલકતની ધણી મા છે, બાપ નહિ; અને વારસો મા પછી દીકરી, પછી દૌહિત્રી વગેરેને જાય છે. ઉદાહરણ રૂપે ત્રાવણકોરનું (સઘોલુસ) સિંહાસન રાજાના પુત્રને નહિ પણ બહેનના દીકરાને જાય! આ મારૂમહત્તાયન્નો 'લીગલ'—કાયદાનુરૂપ અર્થ.

પરંતુ એ કાયદાની મલબારી સમાજમાં જે અસર થાય છે એ આપણને પ્રથમ નજરે જરા વિચિત્ર લાગે ખરી.

અનેક વર્ષો પહેલાં હું પહેલવહેલો મલબાર ગયો ત્યારે મારી પડોશના ઘરમાં મેં મારી નજરે વિચિત્ર લાગતું એક દશ્ય જોયું. એ ઘરમાં બે મોટી પરણેલી દીકરીઓ ને ત્રણ પરણેલા દીકરાઓ હતા.સાંજનું વાળુ થયા પછી બે જમાઈઓ અહીં સૂવા આવતા ને ત્રણ દીકરાઓ સાસરે સૂવા જતા! મલબારમાં પરણીને છોકરીઓ નહિ પણ છોકરાઓ સાસરવાસ સેવે છે!

એક વાર બહુ લાંબી-બેચાર દહાડાની-મોટરની સફર પૂરી થવા આવી હતી. ટૅક્સી ડ્રાઈવર સાથે દોસ્તી બંધાઇ ગઈ હતી. ઓચિંતા ડ્રાઈવરે કોઈ સુંદર ગામડાના એક સુઘડ મકાન પાસે ગાડી ઊભી રાખી. મકાનમાં જઇને થોડાં કેળાં અને પાણીવાળાં નાળિયેર લઈ આવ્યો અને મને આપ્યાં. 'આ કોનું ઘર છે?' એમ પૂછતાં એણે ગૌરવથી જવાબ આપ્યો: 'મૈ વૈફ્સ હૌસ!' (My wife's house–મારી વહુનું ઘર). ત્યાં 'માઈહાઉસ'ની નહિ પણ 'માઈ વાઈફ્સ હાઉસ'ની બોલબાલા છે. આ 'મારૂ મહત્તાયન્'નો મહિમા!

જોકે હવે લખેલી વાતને પ્રસ્તુત વિષય સાથે સીધો સંબંધ નથી; પરંતુ 'મૈ વૈઈફ્સ હૌસ' કરતાં પણ વધારે ચોંકાવનારો પ્રયોગ તે 'મૈ વૈફ્સ સન્ન્' (My wife's son–મારી વહુનો દીકરો) છે! નાયર પ્રજામાં દરેક કુલવતી પુત્રીનાં બે લગ્ન થાય છે: પહેલું લગ્ન નંબુદ્રી બ્રાહ્મણ સાથે, અને સંતાનોત્પત્તિ પછી નાયર સાથે.પ્રથમ લગ્નને લગ્ન નહિ પણ 'સંબંધન્' કહે છે.નંબુદ્રી બ્રાહ્મણ 'સંબંધન્'માં આવેલી નાયરપુત્રીના હાથે રાંધેલું ખાઈ ન શકે, એટલે આ સંબંધ કેવળ 'શયનેષુ રંભા' એ ભર્તૃહરિવાક્યને સાર્થ કરે છે, 'ભોજ્યેષુ માતા'ને નહિ!

એકવાર ચેરણાકુળમમાં એક અર્ધ-રજવાડી કુટુંબમાં હું જમવા ગયો ત્યારે મારા યજમાને(જે 'વર્મા'નું ગૌરવશાળી બિરુદ ધરાવતા હતા) પોતાના જ્યેષ્ઠ પુત્રની ઓળખાણ કરાવતાં આ પ્રસિદ્ધ નિર્દેશ વાપર્યો હતો: માઈ વાઈફ્સ સન. એટલે, એમની સાથે લગ્ન કરતાં પહેલાં શ્રીમતી વર્માએ નંબુદ્રી બ્રહ્મર્ષિના સંબંધથી પ્રાપ્ત કરેલો એ પુત્ર એમનો ખરો, પણ વાસ્તવિક-રીતે એમની વહુનો હતો. અને પછી મારા યજમાને ઉમેર્યું કે એઓ પોતે પણ નાયર માતાને પેટે બ્રાહ્મણપુત્ર હતા. આ વાત એમણે બહુ ગૌરવથી કહી હતી. દક્ષિણ ભારતમાં નંબુદ્રી બ્રાહ્મણની મીઠી મશ્કરી કરતી એક કહેવત છે કે 'નંબુદ્રી નાયરસુંદરીના હાથમાંથી પાન ખાતાં અભડાઇ જાય, પણ એનું ચાવેલું પાન (ઓષ્ઠચુંબન દ્વારા) ખાતાં ન અભડાય.' અતિ પ્રાચીન પુરાણકાળની દીર્ઘતમાની કથા મહાભારતમાં જેણે વાંચી હશે તેને આ 'સંબંધન્' જેવી અલ્પકાળ માટેની લગ્નપ્રથા નવાઈની નહિ લાગે.

મારૂ મહત્તાયન્માં માતાનું પદ એટલું બધું મહત્ત્વનું છે કે લોકવર્ણમાં તો પિતાને બહુ જ ગૌણસ્થાને રખાય છે. મોસાળે ઊછરતાં છોકરાંઓ એને માત્ર રાત્રે આવતો અને સવારે જતો જુએ છે. મોસાળનો પુરુષવર્ગ–નાના, મામા વગેરેની સરખામણીમાં પિતા તો ક્ષુલ્લક વ્યક્તિ લાગી જાય છે. પિયરમાંથી જ જમાઈ મળે એ ભાવના સબળ રહે છે,તેથી મામાફોઈનાં જ બનતાં સુધી પરણે છે, એટલું જ નહિ પણ મામો સગી ભાણેજને પરણે. સ્કન્દપુરાણે મામાફોઇનાં પરણે છે એની નોંધ લીધી છે, પણ મામો સગી ભાણેજને પરણે એ પ્રત્યક્ષ જોયું ત્યારે મને બહુજ આશ્ચર્ય થયું.આ મારૂમહત્તાયન્ના રિવાજની જ અસર.

ઉપર કહ્યું જ છે કે વહુનું સ્થાન વર કરતાં લોકવર્ણમાં બહુ જ સત્તાશીલ છે. પરિણામે વહુ સાથે કજિયો કરનારની સ્થિતિ અનેક વાર બહુ કફોડી થઈ જાય છે. ખાસ કરી, નવાં લગ્ન હોય કે જૂનાં, પણ વાંઝિયાં લગ્ન હોય અને વર પોતાનો કક્કો ખરો કહેવડાવવામાં હદ કરતાં વધારે સિદ્ધત કરે તો એક દહાડો જ્યારે એ રાત્રે સાસરવાસો કરવા આવે ત્યારે એની પથારી વહુના શયનખંડમાં પાથરી હોવાને બદલે એના માટે એક ચટાઇ અને એક ઓશીકું ડેલીમાં જ પાથરેલું મળે! જો એ ચટાઇ પાસે પાણીનો લોટો મૂક્યો હોય, અને એ લોટો લગ્ન વખતે પંચપર્ણ શ્રીફળની સ્થાપના વેળા ઉપયોગમાં આવેલો કળશ હોય,તો એ સમજી જાય છે કે એને છૂટાછેડા અપાઈ ગયા છે, અને ડેલીમાં રાત વિતાવી સવારમાં રસ્તે પડવાનું છે! અલબત્ત, વહુરાણીએ હમેશ માટે રુખસદ આપી એના બદલામાં એ ચટાઈ ને લોટો સવારના ઉપાડી જાય તો એ એનો હક્ક છે!

મલબાર તરફ ફરતા ઘણા નાખવાઓએ'સુકાની'ને પોતાનો મત દર્શાવ્યો છે કે 'જુસાં, આપણે તિયાં પણ આ'મારૂંમત્તાયન્' હોય તો કેટલાય વરો સીધા દોર થઈ જાય! —'સુકાની'

અહીં સુધી વાંચનાર વાંચ્યા વગર જ જાણે છે કે આ ખંડમાં શું હશે! જ્યોતિષીઓએ મુહૂર્ત નક્કી કર્યું. ઠેઠ મલક્કાથી મયંકબાહુઓ આવી પહોંચ્યા. ઠેઠ વૃદ્ધ બલીથી ચમ્પકમ્ અને કાફલ આવી પહોંચ્યાં. સુલભોથી અરધી વસતિ આવી પહોંચી.

ગજમદોએ સજોડે અલકનંદાનું કન્યાદાન દીધું. ચમ્પકમે કાકુલની પડખે બેસી તન્ગમનું કન્યાદાન દીધું. લગ્નમંડપમાં અલકનંદાએ સરનૌકાપતિનો દુપટ્ટો અને કિરિસ પહેર્યાં હતાં. હજુ નૌકાપતિની વરદીમાં હોવાથી, વિક્રમશીલોને અરમારી અદબ બજાવવી પડી; પણ અલક-

નંદાને પડખે જ મહાદેવી વૈજયન્તી બેઠાં હતાં, એટલે એ અદબ અનિવાર્ય હતી. મેધાવતીએ તન્ગમ્‌ને ઝવેરાત ને રત્નોથી મઢી દીધી. અજયપાળે તન્ગમ્‌નું નામ પાડ્યું, 'સોનલ!' અલકનંદાએ પોતાના બાપે પાડેલું નામ બદલવાની બિલકુલ ના પાડી! લગ્ન પછી બંને યુગલને મહાદેવીએ રાજગઢમાં અતિથિ બનાવ્યાં. થોડા દહાડા પછી રાણી મેધાવતીએ થેરો સુમંગલને હાથે ભિખ્ખુણીનો ભેખ પહેરી લીધો.

અને બાબલ લંગર ઉપાડવા તૈયાર થયો. કાકુલને હવે સુલમ્બા જવું જરા યે ગમતું ન હતું. હવે ત્યાં બહારવટું ન હતું, પરમેશ્વરી ન હતી, અને ચમ્પકમ્ તો એ જ્યાં જાય ત્યાં સાથે રહેવાની હતી.

બાબલ સાથે ભારતદેશમાં આવવા એ તૈયાર થયો. સોનલરાણીએ એને મલબારની મારૂ મહત્તાયન પ્રથાની વાત કરી. જમાઇ સાસરે જાય એની કેરલદેશમાં નવાઇ ન હતી.

ખંડ ૩૪: ઊભરાના જુવાળ

જ્યેષ્ઠ સુદ દશમની સવારનો જુવાળ ચડતો હતો. 'અલખનાથ' અને 'અમ્બન્'નાં લંગર અક્કેક સાંકળ ઉપર આવી ગયાં હતાં. કાકુલ અમ્બન્‌ના તૂતક ઉપર જઈ પહોંચ્યો હતો. અન્તે માલમ 'અલખનાથ'ના લંગરના ખ્વર પાસે ઊભો હતો. કાંઠા પાસે દરબારી સંપાન તૈયાર હતું.

અલકનંદા વારંવાર ચમ્પકમ્ અને સોનલની વિદાય લેતી હતી. ગજમદો બાબલ સાથે વાતે વળગ્યો હતો.

આ બે દરિયાસારંગો ગાઢ મિત્રો બની ગયા હતા. 'અલખનાથ' ઉપરથી પ્રહરીની નોબતના રણકા ઊઠ્યા. સહુ સંપાનમાં ઊતર્યાં. ચમ્પકમ્ અને સોનલ મુક્ત કંઠે રડતાં હતાં. અકલનંદા—સુલમ્બાની નાવિક-નંદા—વૃદ્ધ બલીની શાસિકા—બલીની સરનૌકાપતિ, મોઢામાં લૂગડાંનો ડૂચો દબાવી રહી હતી, પણ આંખોનાં આંસુ નહોતાં ખાળી શકાતાં; અને ઘડીમાં બાપા બાબલની સામે તો ઘડીમાં સખીઓની સામે જોઇ રહી હતી. સંપાન લંગરગાહ તરફ સરવા લાગ્યું. આખરે લંગરોએ ખાડીનાં પેટ છોડ્યાં. પઠાણ ઉતરાદાં સરવા લાગ્યાં.

ખાડીને મોંએ બલી અરમાર ઊભી હતી. નૌકાપતિ વિક્રમશીલોએ ગોલંદાજોને ઇશારો કર્યો. સાત તોપોની સલામી શરૂ થઇ. 'અલખનાથે' બાર સામે બાર કરી, સલામીનો આભાર માન્યો. ચૌદમા બારનો પડઘો હજુ નહોતો શમ્યો ત્યાં અરમારના નાવિકોએ 'રાજા લાઉત' દેવરાજનો જયઘોષ ઉપાડ્યો! 'રાજા લાઉત'ને ફરી જાવાસાગરમાં જલદી આવવાનું એ ઘોષ આમંત્રણ આપતો હતો.

'અલખનાથ' સોંતમાં આવતાં નૌકાપતિ વિક્રમશીલોએ અરમારી અદબ બજાવી. બાબલે હાથ જોડી એનો જવાબ વાળ્યો. આ બધો વખત બાબલ તૂતક ઉપરથી એક પણ હુકમ નહોતો આપી શક્યો. એના ગાળામાં કંઈક રૂંધાઈ ગયું હતું. એને થયું કે પોતે જાણે વતનની વિદાય લઈ રહ્યો છે. અસ્સલ વતન છોડતાં પણ કોઈ વાર એને આટલું વસમું નહોતું લાગ્યું. એ ક્ષણે એના મનમાં એક બશારત થઇ ગઇ કે પચ્છમ ધરાએ આપેલો એનો દેહ આ બલી દ્વીપની ધરા પાછો માગી રહી છે! એ બશારત પાછળ, હજારો વર્ષનો રહસ્યમય ઇતિહાસ જીવતો હતો, કારણ આ ધરા ખરેખર તો એના પુરખાઓની ધરા હતી.

[ભાગ ચોથો સંપૂર્ણ : આવતા અંકે ભાગ પાંચમો શરૂ]

કુલપતિ કઝિન્સ (અનુ૰ પૃ. ૩૨થી) કામના વધુ કલાકો ને સજાવટભર્યા ખંડની સગવડ પણ જરૂરી હતી. અંગ્રેજી ઓછું કરી આ પ્રકારનું શિક્ષણ વધારવું એવી તેમની સલાહ પર જબરો વિરોધ ઊઠ્યો. બહાનું તો ટાઈમટેબલ અને માણસોને પડતી અગવડનું જ બતાવ્યું. વિદ્યાર્થીઓ માટેના સર્જનના આવિષ્કાર અને સૌંદર્યમય વાતાવરણની કોઈ ના કહેતું નહોતું. ચાર વર્ષ સુધી તેમણે શિક્ષણમાં કલાનિયોજન કરવાની દરખાસ્તો આપ્યા જ કરી અને બી. એફ. એ. (બૅચલર ઑવ ફાઈન આર્ટ્સ)ની ડિગ્રી માટે ચાર વર્ષનો અભ્યાસક્રમ રજૂ કર્યો.

યુનિવર્સિટીના કલાધ્યક્ષ

૧૯૩૭ની ૨૭ નવેમ્બરે મહારાજાએ ત્રાવણકોર યુનિવર્સિટીની સ્થાપના જાહેર કરી. તેના પ્રાથમિક નિવેદનમાં ચિત્રકલા-વિભાગનો નિર્દેશ પણ કર્યો અને તેના પ્રથમ ડીન (અધ્યક્ષ) તરીકે શ્રી કઝિન્સનું નામ પણ બોલાયું. નિવેદન તૈયાર કરનાર અધિકારીને યુનિવર્સિટી જેવી સંસ્થામાં કલાનું શું કામ છે એમ લાગ્યું હશે, એટલે નિવેદનમાં 'ફૅકલ્ટી ઑવ ઓરીએન્ટલ સ્ટડીઝ ઍન્ડ ફાઈન આર્ટ્સ' એવો લોચો મૂકી દીધો! પરિણામે પાછળથી શ્રી કઝિન્સ સરકારી મ્યૂઝિયમ અને ચિત્રાલયના અધિકારી તેમજ સરકારી ખરીતામાં સરકારી કલાનિષ્ણાત અને યુનિવર્સિટીની 'અર્ધી' ફૅકલ્ટીમાં ફાઈન આર્ટ વિભાગના મુખ્ય તરીકે જાહેર થયા! એમણે મ્યૂઝિયમના મકાનમાં મોકળાશ અને વ્યવસ્થા વધારવા કેટલાંક વિશિષ્ટ સૂચનો કર્યાં તે સદ્‌ભાગ્યે એક ભારતીય કળાના અભ્યાસી એન્જિનીઅરે વધાવી લીધાં, અને પરિણામ નેત્રપ્રિય બન્યું. દરબાર હૉલમાં પણ તેમણે તસ્વીરો, તકતાઓ અને ઝુમ્મરોનાં સ્થાનો ફેરવી વધુ સમાસ ને શોભા વધાર્યાં. એક સૈકા જૂનો મંદિરનો રથ કોઇ ખૂણે પડ્યો બળતણ થઈ જવાની તૈયારીમાં હતો. તેમાં જૂની કાષ્ઠકોતરણી જોઈ આ ચકોરચક્ષુ ક્યુરેટરે તેને ઉઠાવીને મ્યૂઝિયમમાં એક છજા નીચે ગોઠવી દીધો. ત્રિવેન્દ્રમના ચિત્રાલયની ખ્યાતિ હવે ભારતવ્યાપી બની ગઈ. બિકાનેરના મહારાજા અને વાઇસરૉય લિનલિનથગો કુટુંબ સાથે તે જોઇ ગયા. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં (અનુ. પૃ. ૩૧૮થી) સૂર્ય જેવું ગુરુત્વાકર્ષણનું પ્રચંડ ક્ષેત્ર હોય તેની પાસેથી જે કિરણો જતાં હોય તેઓની ઉપર અસર થાય જ. અને તેથી આ દૂરનાં પ્રકાશ-કિરણો સૂર્યની પાસેથી જતાં, ગુરુત્વાકર્ષણથી આકર્ષાઈ વાંકાં વળે છે. એટલે જે તારાઓ સૂર્યની પાસે છે તે આપણને પોતાના વાસ્તવિક સ્થાનમાંથી સારી પેઠે ચલિત થએલા દેખાશે. પણ સૂર્યની સમીપના નાના તારાઓ શી રીતે દેખાય? સૂર્યગ્રહણ વખતે સૂર્યપ્રકાશ ઝાંખો હોય ત્યારે એનો ફોટોગ્રાફ લેવો; તો, એ ફોટોગ્રાફમાં એમનું સ્થાન ખરા સ્થાન કરતાં જુદું જણાશે. આઈન્સ્ટાઇને તો પોતાના વાદ પ્રમાણે તે તારાઓનું સ્થાન કેટલું ચલિત થએલું દેખાશે તેની પણ ચોક્કસ ગણતરી કરી કાઢી!

આ વર્તારા પછી લગભગ ચાર વર્ષે સૂર્યગ્રહણ આવવાનું હતું. સર્વને તૈયારી કરવાનો પૂરો વખત હતો, ને આ કસોટી બહુ ન્યાયયુક્ત ને નિશ્ચયાત્મક થશે એમ સૌએ સ્વીકાર્યું. સૂર્યગ્રહણની તારીખ ૧૯૧૯ના મેની ૨૯મી હતી. જ્યાંજ્યાંથી આ સૂર્યગ્રહણ જોઈ શકાય એમ હતું ત્યાં વૈજ્ઞાનિકોના કાફલા પહોંચી ગયા. ગ્રહણ સમયે કેટલાક ફોટોગ્રાફો લેવાયા. તે પરથી એક જ વાત માલૂમ પડી કે તારાઓ સહેજ ચલિત થયા હતા, અને તે પણ આઈન્સ્ટાઇને કહ્યું હતું તેટલા જ અંશે! આઇન્સ્ટાઇનનો સિદ્ધાંત સાચો ઠર્યો કે પ્રકાશનાં કિરણો ઉપર પણ ગુરુત્વાકર્ષણની અસર થાય છે!

હવે દુનિયાને આઇન્સ્ટાઈનની ખબર પડી. છાપાંઓમાં એને વિષે કૉલમનાં કૉલમ આવવા લાગ્યાં. એમ પણ કહેવાયું કે આ સાપેક્ષતાવાદ જગતના સાત જ માણસો (કોઈએ બાર કહ્યા, કોઇએ ચાર) સમજી શક્યા છે!"

તામ્રપુરુષ (અનુસંધાન પૃ. ૩૧૪થી) લગભગ દોઢ ફર્લાંગ લાંબા એ કિલ્લામાં ખાનને વારંવાર ચોપાસ નજર ફેરવીફેરવીને જોવું પડ્યું. જ્યારે તે પાછો ફર્યો ત્યારે રાત પડી ગઇ હતી.

ગંગાનહેરનો પુલ વટાવીને ખાનની બગી કાનપુરના પશ્ચિમ ભાગમાં પ્રવેશ કરતી હતી ત્યાં એ બગીને ઘેરી લેવામાં આવી. છતાં તે અંદર ચૂપચાપ બેઠો રહ્યો. બહારથી સેકંડ લાઈટ પલટનના સૈનિકો અવાજ કરવા લાગ્યા, 'અંગ્રેજોનો જાસૂસ છે, મારી નાખો!'

એક માણસે પડદો ઊંચો કરીને અંદર જોયું અને આશ્ચર્યચકિત થતો બોલી ઊઠચો, 'કોણ, ખાન?'

ખાન હસી રહ્યો હતો. બોલ્યો, 'ભાંગ પીધી હોય એમ લાગે છે, બાલાસાહેબ! આ છોકરાઓથી મેજર જનરલ વ્હીલરનો કિલ્લો નહિ તૂટે. એ કિલ્લાને સર કરવો એ નાનીસૂની વાત નથી.'

'તો પછી?' બાલાસાહેબે ચિંતાતુર થઇને પૂછ્યું.

'તો પેલી માનસિક ભેટોનો ઉપયોગ કરો. યાદ રાખો કે ભૂખ્યા માણસમાં તલવાર ઉઠાવવાની તાકાત નથી હોતી. કિલ્લામાં ઉત્તર-પૂર્વની દીવાલ સાથે જ અનાજના કોઠાર છે. તેના આધારે અંગ્રેજ જનરલ બે મહિના સુધી એક હજાર માણસોને જિવાડીને લડતો રહી શકે છે. તમારા જેવા બુદ્ધિમાન સેનાપતિને આથી વધારે શું કહેવાનું હોય?'

બાલાસાહેબની આંખ ચમકી. તેણે કહ્યું, 'આપ ભૂલો છો ખાન સાહેબ; ભૂખ્યો દુશ્મન તલવાર ન ઉઠાવી શકે તો તરસ્યો દુશ્મન તો ભૂખ પણ ન બુઝાવી શકે. વ્હીલરની છાવણીમાં પાણીનો ભંડાર ક્યાં છે?'

ખાને બાલાસાહેબની પીઠ થાબડી. 'તમે તો બાવીસની વયમાં જ કુશળ સેનાપતિ થઈ ગયા છો! કોઠાર અને બૅરૅકની વચ્ચે બસો ફૂટનું મેદાન છે. બરોબર એની વચ્ચે કૂવો આવેલો છે. જ્યાં સુધી તમારી રાઈફલો ચાલતી રહે ત્યાં સુધી એક પણ માણસ એ કૂવા સુધી ન પહોંચવો જોઇએ. જાઓ.' બાલાસાહેબ બગી ઉપરથી નીચે ઊતરી ગયા અને કોચવાનને અવાજ કર્યો, 'આગળ ચલાવો!'

ગણતરીના જ દિવસોમાં કાનપુરની લગભગ બધી સેના વિદ્રોહી થઇ ગઈ. જનરલ વ્હીલરના કિલ્લામાં મેજર જ્યૉર્જ પાર્કરની જીભ તરસના કારણે તાળવા સાથે ચોંટી ગઈ હતી. જે કૂવા સુધી પહોંચવા માટે અનેક શૂરવીરોએ પોતાનો જાન ગુમાવ્યો હતો એ કૂવા ઉપર તેમની તૃષાતુર નજર ચોંટી રહી હતી. ઉપરથી રશ્મિરાજ માર્તંડનાં કુપિત નેત્રો સીધાં તેની તરફ જોઈ રહ્યાં હતાં. બપોર થતાં ન થતાંમાં તો તેને સખત તાવ ચડચો અને સાંજ સુધીમાં તો તેનાં પ્રાણ-પંખેરુ તાપના દેવતાની દૃષ્ટિથી ગભરાઇને પાતાળ તરફ દોડી ગયાં.

પછીના દિવસોમાં અનેક અંગ્રેજ યુદ્ધવિશારદો સૂર્યની તીક્ષ્ણ જિહ્વાને અર્પિત થઈ ગયા. અંગ્રેજોના અત્યાચારોથી જેણે પોતાના અને પોતાના ભાઇઓના પરિવારના પરિવાર નષ્ટ થતા જોયા હતા, એ સર્વ બદલો લેવા માટે અત્યારે તૈયાર થઈ ગયા હતા. જ્યાંત્યાંથી અંગ્રેજો ઉપરના જનકોપના વજ્રપ્રહારના સમાચાર અંગ્રેજ છાવણીમાં આવી રહ્યા હતા. અંદરની સ્થિતિ પણ ઓછી ખરાબ નહોતી.

મેજર જનરલ વ્હીલર સંધિ કરવા માટે ચીસો પાડવા લાગ્યા. જીવ ઉપર આવી જઇને માસ્ટર ગિલ નાનાસાહેબ સાથે સંધિની વાતચીત કરવા સફેદ ઝંડો લઇને કિલ્લાની બહાર નીકળ્યા. રાત્રે માસ્તર ગિલને બહુ રાહ જોવી પડી. સવારે જ્યારે પહેલી તોપ ફૂટી ત્યારે તેમને નાનાસાહેબના ખંડમાં હાજર કરવામાં આવ્યા. નાનાસાહેબ દીવાલ પર લટકાવેલો કાનપુરનો મોટો નકશો જોઈ રહ્યા હતા.

નાનાસાહેબ ઘૂમ્યા અને ચોંકીને બોલી ઊઠચા, 'ઓહ માસ્ટર ગિલ! આપનું સ્વાગત કઇ રીતે કરવું એ નથી સમજાતું. આપ જુઓ છો કે હું જરા મહત્ત્વના કામમાં કેવો ફસાઈ ગયો છું! છતાં આપ મુસીબત વેઠીને અહીં સુધી આવ્યા છો તો આપને થોડોક સમય આપી શકું.'

માસ્ટર ગિલ અસીમ દુઃખનો ભાવ મોં ઉપર લાવીને બોલ્યો, 'નાનાસાહેબ, કાનપુરના તમામ અંગ્રેજોની વતી હું જવાબ લેવા આવ્યો છું કે અમે તમારી ઉપર ભરોસો રાખ્યો હતો તેનું શું? વિશ્વાસની શું આટલી જ કિંમત?'

'સરસ! માસ્ટર ગિલ, આપ તો નિશાળના છોકરા જેવી વાતો કરો છો. આપના સવાલનો જવાબ આપવો જોઈશે. પૂનાના મહારાજ અને મારા સ્વર્ગીય પિતા શ્રીમન્ત બાજીરાવ પેશ્વાએ આપ લોકોના સકંજામાં ભીંસાઈને આઠ લાખના વાર્ષિક પેન્શનના હિસાબે પૂનાની ગાદી છોડી હતી ત્યારે એનો અર્થ શું એવો હતો કે તેમના મૃત્યુ પછી એ પેન્શન આપે જપ્ત કરી લેવું? તેઓ જો પૂનાના પેશ્વા બની રહ્યા હોત અને આપ લોકોના દબાણમાં ન આવ્યા હોત તો શું તેમના દેહાંત પછી એ રાજગાદી મને ન મળત? જે વખતે શહેનશાહ જહાંગીરે આપ લોકોને ભારતમાં વ્યાપાર કરવાની પરવાનગી આપી હતી ત્યારે શું તેમને એવી આશા હતી કે આપ લોકો પાદરીઓ અને તોપોની સેના લઈને આગળ વધતા વધતા અહીંની ભૂમિ ઉપર કિલ્લા બનાવશો? જે વખતે બંગાળના નવાબ અલીવર્દીખાંએ આપ લોકોને પોતાની ભૂમિ ઉપર ફૉર્ટ વિલિયમનો કિલ્લો બનાવવાની મંજૂરી આપેલી ત્યારે આપ લોકોએ એને શું એમ કહ્યું હતું કે અમે સમસ્ત ભારત ઉપર લાલ પટ્ટાઓવાળો અમારો ઝંડો ફરકાવવા માગીએ છીએ? માસ્ટર ગિલ, આપ અમારી સામે શિકારની વાતો કરજો, પણ વિશ્વાસ-ભરોસાની વાત તો આપનાં પાઠ્ય-પુસ્તકોમાં જ રહેવા દેજો.'

માસ્ટર ગિલ એકદમ છોભીલા પડી ગયા. થોડી વાર સુધી તો તે કાંઈ બોલી જ ન શક્યા. પછી માંડમાંડ બોલ્યા, 'નાનાસાહેબ, જ્યારે જહાંગીર બાદશાહે અને અલીવર્દીખાંએ આવી પરવાનગી આપેલી ત્યારે હું યે ન હતો કે આપ પણ ન હતા. વખત જેમજેમ આગળ વધે છે તેમતેમ પ્રગતિ કરતો હોય છે. એ પ્રગતિથી જેમને નુકસાન થાય તેનો જવાબ આગળના વખત પાસેથી ન માગી શકાય.'

'ડીઅર મિસ્ટર ગિલ, આપના પૂર્વજો જે બી વાવી ગયા હતા તેનાં જ ફળ આજે આપ લણો છો. પણ આજે જેનો જવાબ આપ પાસેથી માગવામાં આવે છે તે તો આજના જ લોકો માગી રહ્યા છે. ભારત આપની ભૂમિ નથી, અહીં આપનું અસ્તિત્વ શોભતું નથી, આટલી સાદી-સીધી વાત આપ નથી સમજી શકતા એથી મને આશ્ચર્ય થાય છે.'

'વ્યક્તિગતરીતે હું આપની આ દેશભક્તિની પ્રશંસા કરું છું, પણ…'

એ જ વખતે માસ્ટર ગિલે જોયું કે સામેથી ખાન આવી રહ્યો છે. માસ્ટર ગિલ તરફ અંતર્ભેદી દૃષ્ટિથી જોતાં તેણે વચ્ચે જ કહ્યું: 'સામૂહિક રાજની પ્રણાલીમાં વ્યક્તિગત ભાવનાઓની કિંમત એટલી જ હોય છે, જેટલી એ કિંમતના આંકડાઓને સમૂહની સંખ્યાના આંકડાઓથી ભાગાકાર કરતા ભાગફળમાં જે વધે!'

'નહિ, નહિ! રાજનૈતિક ઉદ્દેશ હાંસલ કરવા માટે આટલા હૃદયહીન ન બનો. હું આપને પ્રાર્થના કરું છું કે…'

'વ્યક્તિગતરીતે અમે આ પ્રકારના કાર્ય પ્રત્યે ઘૃણાની દૃષ્ટિથી જોઈએ છીએ.' આંખમાંથી પણ એ જ ઘૃણા વરસાવતો હોય એવી તીવ્ર નજરે જોતાં ખાંએ કહ્યું, 'પણ આવાં કાર્ય કરવાની પ્રેરણા આપે જ આપી છે. જે લોકો ઉપર રાજ્ય કરવાની શરૂઆત આપે કરી હતી તેમના વિષે આપ એ ભૂલી ગયા હતા કે તેઓ ફક્ત પૂતળાં નથી; તેમનામાં પણ જીવતાજાગતા માનવની ચેતના છે. તેઓ સુખ અને દુઃખનો અનુભવ કરી શકે છે, થપ્પડ લાગતાં વિવશ થઇને રડી પડે છે

અને એક મુઠ્ઠી અનાજ મળતાં જ આનંદનો કિલકિલાટ કરી મૂકે છે. સામ્રાજ્યની પિપાસાથી જે લોકોનું હૃદય પથ્થરનું થઈ ગયું છે તેઓ પોતાના ફક્ત થોડાક જ લોકોનું દુ:ખ જોઈને રડી પડે છે, એ જોઈ મને આશ્ચર્ય થાય છે. બીજાનાં દુ:ખ જોઈને જે લોકો હસે છે, તેમની ઉપર જ કષ્ટ આવી પડતાં જ્યારે એ લોકો જ રડી ઊઠે છે ત્યારે એ રુદન જેવી હાસ્યાસ્પદ ચીજ પૃથ્વી ઉપર બીજી એકે નથી!'

મિ. ગિલ મોં ફાડીને આ જવાબો સાંભળી રહ્યા. છેલ્લો પ્રયત્ન કરતાં તેમણે કહ્યું, 'ઈતિહાસ કોઈ એકનો જ નથી રહેતો; ક્યારેક અમારા પણ દિવસો આવશે, એટલી દૂરદર્શિતાથી વિચારો તો ખરા!'

'માસ્ટર ગિલ, આજે ઘણા દિવસે આપની સામે એક વધારે ભેટ ખુલ્લી કરું છું. આપના માલિકોમાંથી એક સજ્જને મને કહ્યું હતું, "કોણે કયા સ્વાર્થથી ઇતિહાસ લખ્યો છે એ જાણ્યા વિના ઈતિહાસ વાંચવો એ નકામું ઘાસ કાપવા જેવું કામ છે. ઇતિહાસ તો એ લોકોનો જ હોય છે કે જેઓ તે લખે છે." અને દૂરદર્શિતા વિષે જાણવું હોય તો આવો, જુઓ, અમે કેટલા દૂરદર્શી છીએ!' આટલું કહીને ખાન દરવાજા તરફ આગળ વધ્યો. મિસ્ટર ગિલ તેમની પાછળપાછળ ગયા. કોઠીના ગઢ ઉપર પેલું દૂરબીન ગોઠવેલું હતું. તેની નજદીક જઈને ખાને પોતે જોયું, અને પછી માસ્ટર ગિલને કહ્યું, 'આવો, જુઓ!'

માસ્ટર ગિલે દૂરબીનમાંથી આંખો માંડી. જનરલ વ્હીલરના કિલ્લાની અંદરનો ભાગ સ્પષ્ટ દેખાતો હતો. તોપો છૂટી રહી હતી. આડાઅવળા છુપાએલા લોકો એકાએક ખરી પડતા હતા.

ધ્રૂજતાંધ્રૂજતાં માસ્ટર ગિલ દૂરબીનથી દૂર હટી ગયા.

'બસ? અમારી દૂરદર્શિતાથી આપ આટલા જલદી ગભરાઈ ગયા? એ કરતાં તો અમારી હિંમત વધારે કહેવાય. અમે આ જ આંખોથી અલ્લાહાબાદથી આપની મદદ માટે આવતી યુરોપિયન ઘોડેસવારની આખી પલટન ઊડતી જોઇ છે, અમે આ આંખોથી મેજર પાર્કર જેવા પ્રેમાળ મિત્રને તરસના માર્યા પ્રાણ છોડતા જોયા છે, મિસિસ રીડ જેવી પ્રેમ કરવા જેવી રમણી અને મિસિસ ઓબ્રાયન જેવી બુદ્ધિશાળી સ્ત્રી વિનાશના આ નૃત્યનો આનંદ લૂંટી નહિ શકવાના કારણે ગાંડી થઈને મરી ગઈ એ જોઈને પણ અમારું હૃદય ન ગભરાયું. બિચ્ચારો મિસ્ટર જી., એક રાઉન્ડ શૉટમાં ભાંગેલા ઝાડની જેમ ઢળી પડ્યો. મિસ્ટર હિલર્સડન જેવા બહાદુર ને હસમુખા કલેક્ટર તોપના ગોળામાં ચીંથરું બનીને હવામાં ક્યાંય ઊડી ગયા. માસ્ટર ગિલ, હવે અમારી ભાવનાઓનું મૂલ્ય એક તેત્રીસ કરોડાંશ રહ્યું છે, એટલે આ બધું જોવા સિવાય અમે કાંઈ નથી કરી શકતા.'

માસ્ટર ગિલે પોતાની આંખો બંને હાથોથી ઢાંકી દીધી. નાનાસાહેબના અંગત રક્ષકોએ તેમને કોઇ પણ જાતની તકલીફ વિના વ્હીલરના કિલ્લામાં પહોંચાડી દીધા.

આ વિદ્રોહનું શું પરિણામ આવ્યું એ તો ઇતિહાસની વસ્તુ છે. સર કૉલિન કૅમ્પબેલે અલ્લાહાબાદથી આવીને કાનપુર કબજે કર્યું. તે લખતો ગયો કે તરત જ પાછળથી ભારતીયોએ કાનપુર સર કર્યું, પરંતુ તોપ-ગોળાઓની વિપુલતા, ભારતીયો કરતાં વધારે દૃઢ સંગઠન અને સંખ્યાના બળથી કાનપુર જ નહિ પણ સમગ્ર ભારતનો એ સ્મરણીય વિદ્રોહ દબાવી દેવામાં આવ્યો. એના પછી જે નૃશંસતા થઈ તેની પાસે ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામની સઘળી ઘટનાઓ ઝાંખી પડી જાય છે.

ઘણા દિવસો પછી એક ફર્સ્ટ ક્લાસ મૅજિસ્ટ્રેટની કોર્ટમાં અઝીમુલ્લાખાંને સાંકળે બાંધીને લાવવામાં આવ્યો. સરકારી વકીલે તેણે કરેલા અપરાધોની લાંબી નામાવલિ રજૂ કરી અંતમાં કહ્યું: 'કોઈ પણ ખ્રિસ્તી આ રાક્ષસ, દેશદ્રોહી, નરભક્ષકના હાથથી ન બચી શક્યો...'

ખાને વિનોદપૂર્વક કહ્યું, 'વકીલ સાહેબ, એથી તો સાબિત થાય છે કે આપ ખ્રિસ્તી નથી!' કેટલાક લોકોએ આ સાંભળતાં મોંમાં રૂમાલ દાબીને હસવું રોક્યું. સરકારી વકીલે તેમની તરફ તીવ્ર દૃષ્ટિથી ઘૂરકતાં કહ્યું, 'તેણે વૃદ્ધોને મારી નાખ્યા છે, સ્ત્રીઓને જીવતી બાળી મૂકી છે, બાળકોને પણ નથી છોડયાં...'

'પણ અમારો યે એક બાળક ક્યાંક ખોવાઈ ગયો છે.—'ખાને ફરીથી કહ્યું, 'તમે જો મારા એ લિટલ નાઇટના ટુકડા યે ક્યાંકથી લાવી આપો તો હું તમને માફ કરીશ.'

મૅજિસ્ટ્રેટે હથોડીનો અવાજ કરીને ગુનેગારને બોલતો અટકાવ્યો. વકીલે કહ્યું, 'મી લૉર્ડ, હું કહું છું કે આ નરપિશાચને સર્વોચ્ચ દંડ દેવો જોઇએ, જેથી ન્યાયનું રક્ષણ થાય.'

મૅજિસ્ટ્રેટે કહ્યું 'ગુનેગાર પોતાના બચાવમાં કંઈ કહેવા માગે છે?'

'મારે પણ કંઈ કહેવાની જરૂર છે? તો સાંભળો: શોષિત સમૂહને માટે બીજો એકે રસ્તો ન રહે ત્યારે જ વિદ્રોહ થાય છે. અને સમૂહની ભાવનાને દબાવી શકાય છે, પણ તે કદી નષ્ટ થતી નથી.'

મૅજિસ્ટ્રેટે ફેંસલો આપ્યો: 'જ્યાં સુધી જીવ ન નીકળે ત્યાં સુધી ગળામાં ફાંસી લટકાવી રાખવી!'

ખાન જોરથી હસતાં બોલ્યો, 'લોભની યે હદ હોય છે! ભારતમાંથી આપ લોકોને નષ્ટ કરવા માટે અમે આટલી બધી ગોળી ખર્ચી તો મને નષ્ટ કરવા માટે એકાદ ગોળી તો ખર્ચવી હતી!'*

*આ વાર્તામાંનાં પાત્રો, ઘટનાઓ વગેરે અંગ્રેજ ઇતિહાસકારો દ્વારા પ્રમાણિત છે. અઝીમુલ્લાખાનનો વિશેષ પરિચય આ અંકની માધુકરીમાં.

અગસ્ત્યને (અનુસંધાન પૃષ્ઠ ૩૧૪/૩થી)

અગિયાર વાગવા આવ્યા ત્યારે વિમાન ધીમે ધીમે નીચે ઊતરવા લાગ્યું. વાદળાં તથા ધુમ્મસ હોવા છતાં નીચે સિયામ (શ્યામ) દેશની ધાન્યનાં ખેતરોથી આચ્છાદિત હરિયાળી ભૂમિ સ્પષ્ટ જોઇ શકાતી હતી. સિયામમાં મુખ્યત્વે ડાંગરની જ ખેતી થાય છે ને આખા દેશનું અર્થતંત્ર તેની પેદાશ ઉપર નિર્ભર છે. તેને 'એશિયાનું રાઈસબાઉલ' (ધાન્યપાત્ર) કહે છે તેમાં અતિશયોક્તિ નથી. આર્ય લોકોએ તેની શસ્યશ્યામલ ભૂમિનું નામ શ્યામદેશ રાખ્યું હતું તે સાર્થ છે. સાડા અગિયારે તો બૅંગકૉકના ડૉન-મુઆંગ વિમાની મથકે પહોંચી ગયા. અહીં કસ્ટમ્સમાં વળી ત્રણચાર ફૉર્મ ભરવાં પડયાં. જ્યારે જગતમાં માનવજાતનું એક સહિયારું રાજ્ય થશે ત્યારે જ આ પાસપૉર્ટ–વીઝા–કસ્ટમ્સ–એક્સચેઈન્જ વગેરેની ખટપટ દૂર થશે. ત્યાં સુધી તો આયાત-નિકાસનાં નિયમનો, વિદેશી ચલણનો ધારો તથા પ્રવેશ તેમજ નિષ્ક્રમણ માટેના પરવાનાની ભાંજગડ ઊભી રહેવાની જ.

વિમાની મથકથી શહેર પંદર-સત્તર માઈલ દૂર હોઈ ત્યાં પહોંચતાં કલાક થઈ ગયો. રાત્રે જ ઍર-ઇન્ડિયાનું વિમાન પકડીને હૉંગકૉંગ જવું હતું, તેથી બૅંગકૉક શહેર ભવિષ્યમાં નિરાંતે જોવાનો વિચાર રાખ્યો હતો. અહીંની જાણીતી હોટેલ ટ્રોકેડેરોમાં સસ્તો ઓરડો મળી ગયો. એક દિવસનો જ પ્રશ્ન હતો. ગાંગજી પ્રેમજીની પેઢીના યુવાન ભાગીદાર ચીમનભાઈ સાથે પહેલેથી પરિચય હતો તેથી તરત તે હોટેલ પર લેવા આવ્યા અને પોતાને ઘેર ગુજરાતી ભોજન ખાવા લઈ ગયા.

બપોરે જાણીતી 'વર્લ્ડ ટ્રાવેલ સર્વિસ'ના માલિક શ્રી કુસા પાન્યારાયુમને મળી આવ્યો અને સાંજે ચીમનભાઈ તેમની મોટરમાં બૅંગકૉકનાં વિખ્યાત મંદિરો વાટ ફ્રાકેઓ, વાટ પો, તેમજ આરસ-મંદિર

બતાવી આવ્યા અને સાંજે રૉયલ સ્પૉર્ટ્સ ક્લબ પર લઇ ગયા. આમ અરધા દિવસમાં બૅંગકૉકનો ઉપરછલ્લો પરિચય લીધો.

રાત્રે ખૂબ જ થાકીને સૂતો, પરંતુ જંપ નહોતો. વિમાન પકડવા અઢી વાગ્યે ઊઠવું પડ્યું. ઍર-ઇન્ડિયાના કોચમાં બેસીને સાડા ત્રણે વિમાની મથકે આવ્યા, અને પરોઢના પાંચ વાગ્યે ઊપડ્યા. ઍર-ઇંડિયા ઈંટરનૅશનલના 'કૉન્સ્ટેલેશન'માં બેસવાનો આ પહેલો જ પ્રસંગ હતો. વિમાન ઉપર ચીતરેલો રાષ્ટ્રધ્વજ જોઇને ગૌરવ તથા હર્ષ અનુભવ્યાં.

વિમાન મુંબાઈ તથા કલકત્તાથી આવ્યું હતું અને તેમાં લોકસભાના સભ્યોનું પ્રતિનિધિમંડળ ચીન જતું હતું. પંદરેક સભ્યો હતા. કેટલાક સભ્યો આવા વિમાનમાં પહેલી જ વાર બેસતા હોવાને લીધે વિમાનમાં ઉપલબ્ધ આધુનિક સુખ-સાધનોથી તેઓ અપરિચિત હતા અને તેનો ઉપયોગ કરવામાં તેમને મુશ્કેલી પડતી લાગી. પરંતુ પોતાનું અજ્ઞાન પ્રગટ કરવા માટેના માનવ-સહજ સંકોચને લીધે તેઓ પરિચારિકાને પૂછતાં શરમાતા અને પરિણામે પોતે જ કષ્ટ ઉઠાવ્યા ઉપરાંત બાથરૂમ વગેરેમાં ગંદકી કરી મૂકી.

બૅંગકૉકથી હૉંગકૉંગ પહોંચતાં પાંચ કલાક થાય છે, પરંતુ હૉંગકૉંગનો સમય બીજો દોઢ કલાક આગળ હોવાથી અમે હૉંગકૉંગ પહોંચ્યા ત્યારે સાડા અગિયાર થઈ ગયા હતા. (ચાલુ)

અનુસંધાન] **હેન્રી હડસન** [પૃષ્ઠ ૩૧૦થી

આનો વિરોધ કર્યો. આમે ય તેઓ ઉશ્કેરાએલા તો હતા જ. તેમાં વળી ભોગ આપવાના વિચારથી તેઓ વધારે ઉશ્કેરાઈ ગયા. વહાણમાં વિરોધ અને ઉશ્કેરાટનું તંગ વાતાવરણ પ્રસરી ગયું. રાતે સૌ ઊંઘી ગયા ત્યારે એ છ જણની ટોળકીએ પેલા માંદા માણસોને એક હોડકામાં નાખી દરિયામાં ધકેલી દેવાનું કાવતરું કર્યું ને તેમ કરતાં વચમાં જે આવે,—ખુદ હડસન આવે તો તેને પણ, દરિયામાં ફેંકી દેવાનું નક્કી કર્યું!

બીજે દિવસે સવારે હડસન તૂતક પર આવ્યો. તેની સાથે તેમને બોલાચાલી થઈ. છ યે જણે એને ઘેરી લીધો. હડસન તેમની સામે ઝૂઝ્યો, પણ છ જણ સામે એકલો માણસ કેટલું ફાવી શકે? હડસનને દોરડા વડે બાંધવામાં આવ્યો. આ ધાંધલ અને ઘોંઘાટથી પાંચ છ જણ દોડી આવ્યા. મારામારી થઇ, પણ ટોળકીને કોઈ પહોંચી શક્યું નહિ. જે દોડી આવ્યા તેમને પણ બાંધવામાં આવ્યા. પછી તેઓ પેલા ચાર માંદા માણસોને તેમની પથારીમાંથી ઢસરડી લાવ્યા. વહાણમાંથી એક નાનકડું હોડકું દરિયામાં ઉતારવામાં આવ્યું અને તેમાં ચારે માંદા માણસોને ઉપરથી ફેંકવામાં આવ્યા.

કાવતરાખોરોનું કાવતરુ આટલેથી પૂરું ન થયું. મારામારી પછી તેમને હડસનનો પણ ભય લાગ્યો. તેમણે હડસનને, એના દીકરા જ્હૉનને અને બીજા બે માણસોને પણ પકડીપકડીને ઉપરથી હોડકામાં ફેંક્યા અને પોતે વહાણને હંકારી મૂક્યું. ત્યાં તો રસોડામાં કામ કરતો હડસનનો એક વફાદાર ચાકર સ્ટાફ પણ હડસનના હોડકામાં કૂદી પડ્યો.

વહાણ અને હોડકા વચ્ચે થોડું અંતર પડી ગયું.

સ્ટાફ વફાદાર ને ઘણો જ ઉપયોગી નોકર હતો. બળવાખોરોને એની જરૂર સમજાઈ. સ્ટાફને પોતાની સાથે આવી જવા તેમણે બૂમો મારી: 'સ્ટાફ, તું શું કામ ચાલ્યો જાય છે? પાછો આવી જા અમારી સાથે.'

'તમારી સાથે આવવા કરતાં હડસન સાથે મરી જવું વધારે સારું.' સ્ટાફે સામો જવાબ આપ્યો.

કોઈ ભૂતના ભયંકર પંજામાંથી છૂટ્યા હોય તેમ બંડખોરો 'ડિસ્કવરી' વહાણને ઝડપથી હંકારી નાસવા લાગ્યા. જોતજોતામાં વહાણ અને હોડકા વચ્ચે ઘણું અંતર પડી ગયું. બંડખોરોને મોતના મુખમાંથી ઊગર્યાનો અને હવે નિરાંતે ખાવા મળશે એનો વિચાર આનંદ પમાડતો હતો.

આ બાજુ નાનકડા હોડકામાં ચાર માંદા માણસો, ચાર સશક્ત માણસો અને એક નાનો છોકરો, નવ જણ ખડકાયા હતા—સમાઈ શકે તેના કરતાં પણ વધારે! ન પાસે કોઈ સાધન, ન ખોરાક, મધદરિયે, ને તદ્દન અજાણ્યા પ્રદેશમાં! કુદરત સામે માણસ કેટલો સમય ટકી શકે?

હડસનનું એ હોડકું કેટલા દિવસ સમુદ્રમાં તરતું રહ્યું? ખોરાક વગર તેઓ કેટલા દિવસ જીવી શક્યા હશે? તેઓ સમુદ્રમાં જ મૃત્યુ પામ્યા હશે કે કોઈ કિનારે પહોંચ્યા પછી? સાધન વિના ધ્રુવપ્રદેશની કડકડતી ઠંડીમાં તેઓ રક્તપિત્તથી તો નહિ માર્યા ગયા હોય ને? પહેલું કોનું મૃત્યુ થયું હશે? છેલ્લા મરનારની સ્થિતિ કેવી થઈ હશે?—આ અને આવા બીજા પ્રશ્નો આજે આપણને થાય છે. પણ એનો ઉત્તર કોણ આપી શકે? તેમનામાંથી કોઇ બચ્યું નહિ કે કોઇનો મૃત્યુદેહ હાથ લાગ્યો નહિ. કંઈક લખાણે મૂકી જવાનું તેમની પાસે કોઈ સાધન હતું નહિ, કે કંઇક લખ્યું હશે તો મળ્યું નહિ. એટલે આ બધા પ્રશ્નો સૈકાઓથી અનુત્તર જ રહ્યા છે. એ ભેદ દુનિયામાં અણઊકલ્યો જ રહેવાનો.

'ડિસ્કવરી'માં છ બળવાખોરો, છ ખલાસીઓ અને એક ચાકર એટલા હતા. ખલાસીઓને અને બાયલોટ નામના ચાકરને તો બચી ગયાનો જ આનંદ હતો. બળવાખોરોના તેઓ ખૂબ ઓશિયાળા બની ગયા હતા. તેમની આજ્ઞાનું 'હા જી' 'હા જી' કરીને તેમને પાલન કરવું પડતું. બળવાખોરો ખૂબ લહેરથી ખાતાપીતા હતા અને થોડાક ટુકડા ખલાસીઓ તરફ ફેંકતા હતા.

વહાણમાંથી નવ માણસો ઓછા થતાં ખોરાક તેમને માટે વધારે દિવસ ચાલે એટલો જણાતો હતો. તેમ છતાં ઘેર પહોંચતાં પહેલાં રસ્તામાંથી લગભગ એક મહિનો ચાલે એટલો ખોરાક મેળવવાની જરૂર હતી, એટલે તેમની સૌથી પહેલી આશા ડિગેસ ટાપુ પર મંડાએલી હતી.

થોડા દિવસમાં ડિગેસ ટાપુ નજીક આવી પહોંચ્યા. કિનારા નજીક સમુદ્રમાં વહાણ લાંગરી એક હોડકામાં પાંચ બળવાખોરો ટાપુના કિનારે પહોંચ્યા. મોટર નામના બંડખોરને રક્તપિત્તની અસર જણાતી હતી એટલે એ વહાણમાં જ રહ્યો. કિનારે પહોંચી એક જણ હોડકું સાચવવા રહ્યો, બે જણ રક્તપિત્ત મટે એ માટેનું ઘાસ શોધવા લાગ્યા, અને બાકીના બે જણ શિકારની તપાસ કરવા લાગ્યા. એવામાં એ બાજુ કેટલાક જંગલી આદિવાસીઓ આવી પહોંચ્યા. તેમની પાસે સારો શિકાર હતો. બંડખોરોએ તેમની પાસેથી શિકાર મેળવવા સોદો કર્યો, પણ તેમ કરતાં તેમની વચ્ચે તકરાર પડી. તકરારે મારામારીનું ઉગ્ર સ્વરૂપ લીધું. બંડખોરો પાસે કૈં સાધન કે હથિયાર નહોતું, એટલે મારામારીમાં તેમને ખૂબ માર પડ્યો. મરણતોલ માર ખાતાખાતા, પડતા આખડતા પાંચે જણ હોડકામાં બેઠા. ઝડપથી હોડકું હંકાર્યું. તેમને શરીરે ઘા ઘણા મોટા અને ઊંડા પડ્યા હતા. વહાણ આગળ આવ્યા ત્યારે તો તેમનામાં બોલવાચાલવાની શક્તિ પણ રહી નહોતી. વહાણમાં તાબડતોબ તેમની સારવાર કરવામાં આવી.

તો પણ તેઓ ઝાઝું જીવી શક્યા નહિ. બેચાર દિવસમાં જ ટપોટપ તેઓ ખલાસ થઇ ગયા. ત્યાર પછી મોટર પણ માંદો પડી મરી ગયો. તેમના મૃતદેહ સમુદ્રમાં ફેંકી દેવામાં આવ્યા. બંડખોરોમાંથી કોઈ પણ ખાવા કે ઘર સુધી પહોંચવા માટે બચ્યું નહિ.

બાકીના સાતને બિલકુલ આંચ આવી નહિ. બાયલોટ અને છ ખલાસીઓ 'ડિસ્કવરી' વહાણને સહીસલામત હંકારીને ઇંગ્લંડને કિનારે આવી પહોંચ્યા.



નવી ટિકિટો

(શ્રી હિંમતલાલ શાહના સંગ્રહમાંથી)

મથાળે પહેલી હારમાં અમેરિકાએ 'વન્ય પશુપંખીના સંરક્ષણસપ્તાહ'ની ઉજવણી પ્રસંગે બહાર પાડેલી બે ટિકિટો આપી છે, જે પૈકી પહેલી 'જંગલી ટર્કી' નામના પંખીની છે. આ પંખી અમેરિકામાંથી ધીમેધીમે લુપ્ત થતાં જતાં હોઇ અમેરિકાના જે કોઈ પ્રદેશમાં જ્યારે પણ આ પંખી મળી આવે છે ત્યારે ત્યાં તરત તેના જીવનની ખૂબ કાળજી લેવાય છે, જેથી નષ્ટ થતી જતી એ જાત ચાલુ રહે.

બીજી ટિકિટ પર કાંટા જેવાં ફાંટાદાર શીંગડાં ધરાવતા વિશિષ્ટ જંગલી હરણનું ચિત્ર છે. આવાં હરણ પશ્ચિમ અમેરિકા તથા મેક્સિકોની વેરાન ભૂમિમાં જ મળી આવે છે, અને તેની જાતિ પણ ઓછી થતી જાય છે.

નીચેની હારમાં પહેલી ટિકિટ અમેરિકાએ મજૂર-દિનની ઉજવણીમાં બહાર પાડેલી તે છે, જેમાં શ્રમજીવી કુટુંબનું કલાત્મક સંયોજન છે અને નીચે 'Labor is Life'= (શ્રમ એ જ જીવન)નું સૂત્ર છે. તેની જોડેની ટિકિટ પર અમેરિકાના વિખ્યાત વિજ્ઞાની ડૉ. હાર્વે વૉશિંગ્ટન વિલેની તસ્વીર છે, જેમણે પ્રજાનાં આરોગ્ય તથા સુખાકારીની દિશામાં ખૂબ સંશોધન તથા રચનાત્મક કાર્ય કરવા ઉપરાંત આજથી પચાસ વર્ષ ઉપર એ દેશમાં 'શુદ્ધ ખાદ્યપદાર્થો તથા દવાઓ'ની ઝુંબેશ ઉપાડીને 'પ્યૉર ફૂડ ઍન્ડ ડ્રગ લૉ'નો કાયદો પસાર કરાવેલો. તેની અર્ધશતાબ્દી પ્રસંગે એ બહાર પડેલી. તેને પડખે એવી જ એક સ્મરણ-ટિકિટ આપેલી છે, જે યુરોપના વિખ્યાત સંગીતશાસ્ત્રી રૉબર્ટ શુમાનની ૧૦૦મી જયંતી(તેનો જન્મ ૧૮૫૬ની ૨૯મી જુલાઇએ થએલો) પ્રસંગે બહાર પડેલી. ટિકિટ પર તેની છાયાછબિની પશ્ચાદ્ ભૂમિકામાં તેણે બાંધેલી એક સંગીતની તરજની સ્વરલિપિ આપેલી છે.


ત્રીજી હારમાં, ગયા નવેમ્બરમાં સુએઝની નહેર પડાવી લેવા માટે બ્રિટન-ફ્રાંસે ઈજિપ્ત પર કરેલા આક્રમણને આલેખતી ટિકિટ છે, જે પર તેનો સામનો કરવા ધસી રહેલા મિસરી સૈનિકોનું ચિત્ર છે.

છેલ્લે ૧૯૫૬ના માર્ચમાં સ્વિટ્ઝર્લૅન્ડે બહાર પાડેલી બે ટિકિટ પૈકી પહેલી 'માર્ગ-સલામતી (રોડ સેઈફ્ટી)ના પ્રચાર' માટેની છે, જે પર રસ્તો ઓળંગવા માટેના સફેદ પટ્ટાવાળા સડકના ભાગ પર રસ્તો ઓળંગતાં બે બાળકો તથા 'માર્ગ-સલામતી'ની ચેતવણીનાં પાટિયાંનાં ચિત્રો છે; બીજી ટિકિટ એ દેશના વિમાન-વ્યવહારની રજત-જયંતીની છે, જે પર શરૂનું તથા અત્યારનું એમ બે વિમાન તેની પ્રગતિ સૂચવે છે. બંનેની શૈલી સાદી ને જોરદાર છે.



'માનવ-હક' દિન માટે યુનોની ટિકિટ





મુહબ્બતના સવાલોના કોઈ ઉત્તર નથી હોતા,
અને જે હોય છે તે એટલા સદ્ધર નથી હોતા.
મળે છે કોઇ એક જ પ્રેમીને સાચી લગન દિલની–
બધા યે ઝેર પીનારાઓ કંઈ શંકર નથી હોતા!

(સંસ્કૃતિ) —શેખાદમ આબુવાલા

સરસેનાપતિ થિમૈયા

'ક્રૅપ સોલમાંનું ખડતલ-નીડર મન', 'પાનમુન જૅનના લોખંડી મધ્યસ્થી', 'સૈનિક મુત્સદ્દી'— આ અને આવાં બીજાં ઘણાં વિશેષણો કમાનાર વીર સેનાની લેફ્ટેનન્ટ જનરલ થિમૈયા કુશળ સેનાનાયક ઉપરાંત એક શાંતિચાહક વિશ્વપ્રેમી તરીકે પણ ખ્યાતનામ છે—માત્ર ભારત પૂરતા જ નહિ પરંતુ વિશ્વસમસ્તમાં. લશ્કરી સિદ્ધિઓની તમામ શિરોરેખાઓ તેમણે સર કરી છે. છેલ્લા મહાયુદ્ધ દરમ્યાન આરાકાનમાંના કાંગોના ભીષણ મોરચા પર ભારતીય સૈનિકોની લશ્કરી ટુકડીની તેમણે સંપૂર્ણપણે સરદારી લીધી હતી. બ્રિટિશ અમલમાં એવી કામગીરી બતાવનારા તેઓ પહેલા હિંદી હતા. તેમાં તેમણે દાખવેલી અસાધારણ બાહોશી અને બહાદુરી માટે તેમને ડી. એસ. ઓ.નો ખિતાબ એનાયત થએલો.

તેઓ એક ચુસ્ત દેશભક્ત ને બાહોશ લડાયક હોવાની સાથોસાથ હમદર્દ સેવાભાવી અને સુકુશળ વ્યવસ્થાકાર છે. ઈ. ૧૯૪૮ના નવેમ્બરના શિયાળુ મહિનાઓમાં કાશ્મીર પર આક્રમણ કરીને હુમલાખોરોએ ઝોજિલાના પર્વત-પ્રદેશમાં થાણું જમાવ્યું, ત્યારે છેક ૧૨,૦૦૦ ફૂટની એ ઊંચાઇએ આપણાં બખ્તરિયાં દળોને ખેંચી લઈ જઇને હુમલાખોરોને હરાવી, તેમણે દુનિયામાં સનસનાટી ફેલાવી દીધી હતી. કાશ્મીરને એ મોરચે માત્ર આક્રમણકારોને હાંકી કાઢવાનું જ કામ તેમણે ન કર્યું; યુદ્ધની શાપરૂપ અસરો જેવાં ગરીબાઈ અને જીવલેણ રોગ-ચાળા સામેની લડાઈમાં પણ તેમણે ત્યાંની રાજ્ય-સરકારને બહુમૂલ્ય ને બહોળી સહાય કરી.

કોરિયામાં યુદ્ધવિરામ સ્થપાયો ત્યારે બંને બાજુઓના યુદ્ધ-કેદીઓની ફેરબદલી માટે નિમાએલા પાંચ તટસ્થ દેશોના પંચના વડા પદે ભારતના પ્રતિનિધિ તરીકે પણ તેઓ જ હતા. ત્યાં તેમણે અસામાન્ય કુનેહ વાપરીને ભયંકર સ્ફોટક મામલાને સમાલી લીધો ત્યારે આખા જગતના ધન્યવાદ તેમના પર વરસ્યા હતા. એ કામનો ઉલ્લેખ કરતાં એક વાર તેમણે કહેલું: 'એ અતિ વિકટ કામ હતું. મને લાગે છે કે એવું બીજું કામ કદાચ ફરી હાથ નહિ આવે.'


રાષ્ટ્ર તેમજ આંતરરાષ્ટ્ર સમસ્તની નાનીમોટી સર્વ પ્રકારની સમસ્યાઓને અનન્ય ભાવે સમજી-વિચારી શકતું તેમનું પ્રૌઢ વિચારવંત વ્યક્તિત્વ છે. તેમની એ અસાધારણ કાર્યશક્તિની કદરશનાસીમાં તેમને દેશનો પદ્મવિભૂષણ(દ્રસરા વર્ગ)નો ઇલકાબ એનાયત થયો છે.

૧૯૫૬ની સપ્ટેમ્બરમાં પૂર્વીય લશ્કરી વિભાગના જનરલ ઑફિસર કમાન્ડિંગ-ઇન-ચીફનો હોદ્દો મળ્યા બાદ તુરત તેમણે નાગા ટેકરીઓમાં પ્રવર્તતી સમસ્યા તરફ, તથા આક્રમક ટોળીઓની લૂંટ, આગ અને મારફાડનો ભોગ બનેલા તરફ પોતાનું લક્ષ કેન્દ્રિત કર્યું. હાનિ પામેલા પ્રદેશોના એકેએક ભાગની તેમણે વ્યક્તિગત મુલાકાતો લીધી ને મૈત્રીપ્રેરક સંબંધો વધારવા સાથે મક્કમ કાર્યપદ્ધતિ અખત્યાર કરીને લોકોના પ્રાણમાં પ્રાણ પૂર્યો. ગઈ ૮મી માર્ચે આપણા સરસેનાપતિ શ્રીનગેશને સ્થાને તે આપણા ખુશ્કી દળના વડા નિમાયા છે.

કોદંડરાવ સુબૈયા (કે. એસ.) થિમૈયા એ તેમનું આખું નામ. દક્ષિણ ભારતના રમણીય મનોહર ટેકરિયાળા કુર્ગ શહેરમાં, ઈ. ૧૯૦૬ની ૩૧મી માર્ચે તેમનો જન્મ થયો હતો. તેઓ જન્મથી જ સૈનિક હતા એમ કહી શકાય. તેમનાં માતાપિતાએ તેમને કુમારવયે જ્યારે સહજપણે પૂછ્યું કે 'તું સૈનિક થા તો કેવું?' ત્યારે એ સવાલ જ તેમને એટલો રોચક ને પ્રેરક લાગેલો કે તેના જવાબ રૂપે તેમણે પોતાની આખી જીવન-કારકિર્દી ઘડી. પ્રારંભિક શિક્ષણ બૅંગ્લોરમાં લઇ ૧૯૨૨માં માત્ર સોળ વર્ષની દૂધમલ વયે તેઓ દહેરાદુનની પ્રિન્સ ઑવ વેલ્સ રૉયલ ઇન્ડિયન મિલિટરી કૉલેજમાં જોડાયા. એ કૉલેજમાં પ્રથમ પ્રવેશ મેળવનાર ૩૨ ભારતીય કુમારો પૈકીના તેઓ એક હતા. બાદ તેઓ ઇંગ્લંડના સૅન્ડહર્સ્ટ લશ્કરી વિદ્યાલયમાં દાખલ થયા અને ત્યાંથી ઉત્તીર્ણ થઈ ૧૯૩૨માં લશ્કરમાં જોડાયા. 'હાઈલૅન્ડ લાઈટ ઈન્ફન્ટ્રી'માં એક વર્ષની કામગીરી બજાવીને

આપણાં જંતુઓ : ૧૧

હઠીલો વાણિયો


♂

નાજુક જાળી સમી રમ્ય પાંખો વડે આશ્ચર્યજનક ત્વરાથી વળાંક લઈલઈને ઊડતા પ્રવીણ શિકારી હઠીલા વાણિયાને શોધવો પડે એવું નથી. ક્યારેક તો એ રાત્રે માર્ગની બત્તી આસપાસનાં જીવડાં ઉડાવતો જોવા મળી જાય છે. બાકી, નદી-તળાવની લીલોતરીમાં તો એ ખૂબ જ હોય છે. સૂર્યનું તેજ એને બહુ જ પ્રિય. જાપાનમાં તે પહેલેથી જ બધાંનો વહાલો.

આ જંતુનું વૈજ્ઞાનિક નામ Odonata, ને અંગ્રેજી નામ dragon-fly. તેના બે વર્ગો છે: Anisoptera ને Zygoptera. બંનેમાં દેખીતા ફેરફારો છે. પહેલા વર્ગના વાણિયા કાઠા બાંધાના. બેસે ત્યારે વિષમ પાંખો ઉઘાડી રાખે. આંખો ચણાની દાળના દાણા જેવડી ને અડોઅડ. બીજા વર્ગના વાણિયા શરીરે નાજુક ને નમણા. બેસે ત્યારે સરખી પાંખો ભેગી કરીને પીઠ પર સહેજ ઢળતી રાખે. આંખો નાની ને અલગઅલગ. ઉડ્ડયનની ગતિમાં પહેલા વર્ગ કરતાં ક્યાં ય મંદ.

તેની લંબાઇ ૧થી ૩ ઇંચ સુધીની. તેનું સળી જેવું પેટ દસ ભાગવાળું. દરેક પડખે બબ્બે પાંખ: બહુધા કોરી, ક્યારેક છાંટવાળી, ક્યારેક રંગભરી. પગ છ: જીવડાં પકડી શકે તેવા, પણ ચાલવા માટે નકામા. શિકાર માટે મોંને સ્થાને લંગર (Grapnel) જેવો અવયવ.

માદા 'કાતરિયા' વડે પાણીનાછોડમાં ચીરો પાડીને તેમાં ઇંડાં મૂકે છે, એમાંથી પગ-પાંખ વગરનું જંતુ બહાર નીકળે છે, જે બીજા અનેક તબક્કા વીત્યે પુખ્ત બને છે.



તેમણે કુમાઉં ટુકડી(ત્યારની હૈદ્રાબાદ ટુકડી)ના અમલદાર તરીકે ઈરાન ને બલુચિસ્તાનમાં કામ કર્યું. ૧૯૩૬માં તેઓ પાંચમી (મદ્રાસ) યુનિવર્સિટી ટ્રેનિંગ કોરના સેનાપતિ નિમાયા. ૧૯૩૯માં તેઓ ફરી પોતાની પલટન (૪/૧૯મી હૈદ્રાબાદ ટુકડી)માં પાછા વળ્યા, અને તેને લઇને જળમાર્ગે મલાયા પહોંચ્યા.

પહેલા વિશ્વયુદ્ધનો વિસ્ફોટ પૂર્વમાં પહોંચ્યો તે પહેલાં તેઓ ભારતમાં આવી પહોંચ્યા, અને લશ્કરી ટુકડીઓના આગ્રા મથક પર એક વર્ષ ગાળીને ક્વેટાની સ્ટાફ-કૉલેજનો અધિકાર સંભાળ્યો. ત્યાંથી ૨૫મા ભારતીય સૈન્યના બીજી પંક્તિના જનરલ સ્ટાફ ઑફિસરના હોદ્દે તેમને ચડાવવામાં આવ્યા. બીજા વિશ્વયુદ્ધ વખતે ઈ. ૧૯૪૪ના માર્ચમાં તેઓ આરાકાન સૈન્યમાં ૧૯મી હૈદ્રાબાદ પલટન અને ૫૧મી ઇન્ફન્ટ્રી બ્રિગેડના અવેજી કમાન્ડર બન્યા, ને આખરે ૩૬મી ઇન્ડિયન ઇન્ફન્ટ્રી બ્રિગેડના સેનાપતિ થયા.

જાપાન સામેની ભારતીય લશ્કરી ટુકડીની સરદારી લેનાર તેઓ પ્રથમ હિંદી હતા. ૧૯૪૫ના સપ્ટેમ્બરમાં જાપાન અગ્નિ-એશિયાનાં સર્વોચ્ચ સાથી દળોને સિંગાપોર ખાતે તાબે થયું તે પ્રસંગે તેઓ ત્યાં ભારતના પ્રતિનિધિ તરીકે હાજર રહ્યા હતા. ૧૯૪૬માં બ્રિટિશ અને ભારતીય કબજાદળોની ઇન્ડિયન ઇન્ફન્ટ્રી બ્રિગેડના સેનાપતિ તરીકે તેઓ જાપાન ગયા. એ જાપાન-વાસ દરમ્યાન, ૧૯૪૬ની ૪થી જુલાઇએ મનીલા ખાતે ઊજવાએલા ફિલિપ્પાઈનના સ્વાતંત્ર્ય-ઉત્સવમાં ભારતીય પ્રતિનિધિ તરીકે હાજરી આપેલી. ત્યાંથી નવી દિલ્હીમાં લશ્કરનું રાષ્ટ્રીયકરણ કરવા માટેની કમિટીના સભ્ય બનવા માટે જાપાન છોડયું અને ત્યારબાદ બીજા અનેક હોદ્દા ભોગવ્યા.

દેશના ભાગલા પડયા બાદના પૂર્વ પંજાબના વિષમય અને વિષમ વાતાવરણમાં કાનૂન અને બંદોબસ્ત જાળવવાની કપરી જવાબદારી તેમને જ શિર આવી પડેલી, જે પાર પાડવાની સાથોસાથ તેમણે લાખો નિરાશ્રિતોને માટે રાહતની ઉત્તમ વ્યવસ્થા પણ કરી. અને ત્યાર બાદ ૧૯૪૮માં કાશ્મીરમાં બજાવેલી કામગીરી તેમની શ્રેષ્ઠ કીર્તિદા બની.

૧૯૫૧માં લશ્કરી હેડક્વાર્ટર્સના ક્વાર્ટરમાસ્ટર-જનરલ, ને ૧૯૫૩-માં જનરલ શ્રીનગેશ પછી પશ્ચિમી દળોના જનરલ ઑફિસર કમાન્ડિંગ-ઈન-ચીફનો હોદ્દો સંભાળ્યો ત્યારથી લેફ્ટેનન્ટ જનરલની પદવી પર તેમની બઢતી થઇ. ૧૯૫૬ના સપ્ટેમ્બરમાં તેઓ પૂર્વીય લશ્કરી વિભાગના જનરલ ઑફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ નિમાએલા, જ્યાં આસામની ઇશાનની આક્રમક નાગા ટોળીઓ સામેની કામગીરી બજાવી.

મિત્રો તેમને 'ટિમ્મી'ના લાડીલા નામથી બોલાવે છે. કોઇએ તેમને પૂછ્યું, 'તમે રાજકારણી પુરુષ કેમ ન થયા?' જવાબમાં તેમણે કહ્યું, 'રાજકારણ એ પણ આખરે તો સામાન્ય સમજ (કૉમન સેન્સ) જ છે ને?' વ્યાયામ અને રમતગમત (હૉકી અને પોલો ખાસ)ના તેમને શૉખ ઉપરાંત પુસ્તકવાચનના પણ તેઓ એવા જ રસિયા છે, ઇતિહાસ અને કથા સાહિત્યના વાચનની તેમને ખાસ અભિરુચિ છે.

અજીમુલ્લાખાન

આ અંકની વાર્તામાં તામ્રપુરુષ તરીકે જેનું આલેખન છે તે, સત્તાવનના સંગ્રામના સૂત્રધારો પૈકીના એક આ રંગીલા આદમીનું જે ઉપલકિયું ચરિત્ર મળે છે તે ઉપરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે, એના જીવનના વિવિધ તબક્કામાં એણે પોતાના અંતિમ ધ્યેયને વિસાર્યું નથી.

એનો જન્મ ક્યાં થયો, એનાં માતાપિતા કોણ હતાં તેની કાંઈ વિગત મળતી નથી. ગરીબ કુટુંબમાં જન્મેલો હોવાથી દુકાળનો ભોગ બનેલી એની માતા સાથે કોઈ અંગ્રેજ અફસરે રસ્તા પરથી એને બચાવેલો. ત્યાર બાદ એને બાળપણમાં કમાવાની શરૂઆત કરવી પડેલી. જિંદગીની શરૂઆત એણે એક અંગ્રેજ કુટુંબમાં બબરચી તરીકે કરી, જ્યાં રહી તેણે અંગ્રેજી તથા ફ્રેન્ચ ભાષાનો અભ્યાસ કરી બંને ઉપર પ્રભુત્વ મેળવ્યું. આમ જ્ઞાનપિપાસા જાગવાથી બબરચીનું કામ છોડી કાનપુરની એક શાળામાં તે દાખલ થયો, ધીરેધીરે શિક્ષકપદે સ્થપાયો ને પોતાની વિદ્વત્તાથી કાબેલ મુનશી તરીકે ખ્યાત થયો. બ્રહ્માવર્તમાં વસતા બાજીરાવ પેશ્વાના દત્તક વારસ નાનાસાહેબને એકાદ પ્રસંગે એની સલાહની દૂરંદેશીની ખાતરી થતાં તેમનો સલાહકાર નિમાયો ને પેશ્વાનું પેન્શન અંગ્રેજે બંધ કર્યું તેની દલીલપૂર્ણ અરજીનું સમર્થન કરવા નાનાસાહેબે તેને પોતાના વકીલ તરીકે વિલાયત મોકલ્યો.

અંગ્રેજ રીતભાત અને ટાપટીપથી સુમાહિતગાર અજીમુલ્લાખાન વિલાયતમાં સારીપેઠે લોકપ્રિય બન્યો. જોકે નાનાસાહેબની અરજીની બાબતમાં તે ફાવ્યો નહિ, પણ તેની વાક્છટા, સૌન્દર્ય અને દમામથી તેણે અનેકનાં હૃદય જીતી લીધાં હતાં. એનો રૂપેરી ઘંટડી જેવો અવાજ, એનો અમીરી પોશાક અને સ્વભાવ, એના હલનચલનની સ્વાભાવિકતા અને સૌન્દર્ય, એના અવાજનું માધુર્ય અને રણકાર, અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષાનું એનું ઊંડું તલસ્પર્શી જ્ઞાન અને મુખ્યત્વે તો અંગ્રેજ ખાસિયતો અને ખોડો પારખી લેવાની એની કુનેહ, આ સર્વથી અંગ્રેજ સમાજમાં તે સારીપેઠે પ્રસિદ્ધિ પામ્યો. કહેવાય છે કે તેની રીતભાતથી અંજાઈ ઘણી અંગ્રેજ સ્ત્રીઓ એની પાછળ ઘેલી બની હતી. આવી લલનાઓના કેટલા યે અસ્સલ કાગળો જ્યારે જનરલ હેવલૉકે બ્રહ્માવર્ત જીત્યું ત્યારે તેને મળી આવ્યા હતા, જે કાગળો 'પ્રિયતમ અજીમુલ્લા' (Darling Ajimullah)ને સંબોધાએલા હતા!

અજીમુલ્લાની આગળ પોતાના દેશના સ્વાતંત્ર્યનું ધ્યેય ન હોત તો અંગ્રેજ લલનાઓના મોહપાશમાં ફસાઈ તેણે પોતાનું જીવન દેશી રાજાઓની માફક એશઆરામમાં પસાર કર્યું હોત. ગોપીજનવલ્લભ

જેવો જ્યારે એ અંગ્રેજ સમાજમાં હરીફરી રહ્યો હતો ત્યારે તેના દિલમાં જલતી જ્વાલાઓ બુઝાઈ ન હતી. પોતાના માલિક નાનાસાહેબને તે ન્યાય તો અપાવી શક્યો નહિ, પરંતુ વિલાયતમાં તેને પોતાના જેવા જ ધ્યેયવાદી, સતારાના પદભ્રષ્ટ રાજાના ધૈર્યવાન અને નીડર વકીલ રંગો બાપુજીનો ભેટો થઈ ગયો. આ બંનેએ લંડનની એક ખોલીમાં ભાવિ વિપ્લવની યોજના ઘડી એમ ઇતિહાસકારો કહે છે. વિલાયતની કામગીરીમાં નિષ્ફળ નીવડ્યા બાદ રંગો બાપુજી સ્વદેશ જવા નીકળ્યો, અને અજીમુલ્લાખાં યુરોપની સહેલગાહે ઊપડ્યો જ્યાં અનેક દેશોમાં સહેલ કરતો તુર્કસ્તાન ગયો. હિંદી વિપ્લવ માટે એને તુર્કી મદદની જરૂર હતી. એટલામાં રશિયા અને ઈંગ્લંડ વચ્ચે વિગ્રહની ખબર પડતાં તે રશિયા જઈ પહોંચ્યો. એના ધૈર્યનાં વખાણ 'ટાઈમ્સ'ના ખબરપત્રી વિખ્યાત વિદ્વાન રસેલે સારીપેઠે કર્યાં છે. હિંદ આવી તેણે નાનાસાહેબ તથા અન્ય રાજદ્વારી પુરુષો સાથે મસલત કરી, જેમાં લંડનમાં રચાએલી યોજનાને અમલમાં મૂકવાની રૂપરેખા દોરાઇ. રંગો બાપુજીએ પણ દક્ષિણ હિંદમાં સતારાને મધ્યબિન્દુ બનાવી ક્રાન્તિની યોજના ગોઠવી, પણ એમાં તે સફળ થયો નહિ, એટલે બળવાની શરૂઆતમાં જ તેણે સ્વેચ્છાએ ભૂગર્ભવાસ સ્વીકાર્યો.

('નવરચના'પરથી ટૂંકાવીને) —વિજયશંકર મ. ભટ્ટ

ગટરના કાદવમાંથી ગંધક!

આધુનિક ઉદ્યોગો માટે ગંધક એક મહત્ત્વનો કાચો માલ હોઈ મોટા ઉદ્યોગોનો વિકાસ સાધવા ઇચ્છતા દેશને તેના ઉત્પાદનમાં રસ હોય છે. બ્રિટન કુદરતી ગંધકની ઘણા મોટા પ્રમાણમાં આયાત કરે છે.


ઈ. ૧૯૫૦માં તેને વેઠવી પડેલી ગંધકની તંગીએ અત્યંત ગંભીર રૂપ ધારણ કરતાં ત્યાંના વૈજ્ઞાનિકોએ ગટરના કાદવમાં રહેલાં જંતુઓને કામે લગાડીને ગંધક ઉત્પન્ન કરવાના સફળ અખતરા કર્યા છે.

'ડીસલ્ફોવિબ્રિયો ડીસલ્ફ્યુરિકન્સ' તરીકે ઓળખાતાં, સલ્ફેટ-ઉત્પાદક આ અત્યંત સૂક્ષ્મ જંતુઓ ગંદા પાણીનાં ખાબોચિયાંમાં પેલો દુર્ગંધયુક્ત હાઇડ્રોજન સલ્ફાઈડ વાયુ ઉત્પન્ન કરે છે. માટીવાળી જમીનમાંથી પસાર થતાં ધાતુનાં ભૂંગળાં કે નળીઓને કોરી નાખે તે આ જ જંતુઓ. એ નુકસાનકારક જંતુઓને હવે ઔદ્યોગિક ઉપયોગમાં લેવા માંડ્યાં છે.

ગટરના કાદવનો અભ્યાસ કરતાં જણાયું કે તે સૂક્ષ્મ જંતુઓ માટે પોષક પદાર્થો પૂરા પાડવા ઉપરાંત સલ્ફેટનું સલ્ફાઈડમાં રૂપાંતર કરવામાં પણ સહાયરૂપ નીવડે છે, જેનું પાછળથી રાસાયણિક સાધનો વડે ગંધકમાં સહેલાઈથી રૂપાંતર કરી શકાય છે. અને ગટરનો કાદવ તો પુષ્કળ પ્રમાણમાં મળી શકે. પછી નાના પાયા પરના પ્રયોગોએ દર્શાવી આપ્યું કે ગટરના કાદવમાંથી મૅથેઈન વાયુ મેળવવા માટે ફેરફાર કરીને તેમાં સલ્ફેટ તત્ત્વ ઉમેર્યાથી સલ્ફાઈડ સહેલાઈથી મેળવી શકાય છે.

આથી ઉત્સાહિત બનીને હવે લંડન નજીક બેક્ટન ખાતે એક નાનકડું કારખાનું નાખવામાં આવ્યું છે, જ્યાં ૧,૦૦,૦૦૦ ગૅલન જેટલા ગટરના કાદવમાં એકીસાથે આથો આણીને ગંધકનું ઉત્પાદન કરે એવી મોટી ટાંકી ગોઠવાઈ રહી છે.

સદ્ભાગ્યે હાલમાં વિશ્વમાં ગંધકની તંગી પ્રવર્તતી નથી. પરંતુ રાસાયણિક ઉદ્યોગનો તે એક પાયાનો કાચા માલનો પદાર્થ હોવાથી તેનો ઉપયોગ કૂદકે ને ભૂસકે વધતો જ જાય છે, એટલે કમનસીબે જો તેની તંગી થાય તો તેને હળવી બનાવવાને કુદરતી ગંધકનું ઉત્પાદન કરતાં આ બચુકડાં જંતુઓ તૈયાર જ છે. તેમની સહાય વડે મોટાંમોટાં શહેરોના ગટરના કાદવમાંથી એક લાખ ટન જેટલા ગંધકના ઉત્પાદનનો અંદાજ છે! અને છતાં તદ્દન નકામા કચરામાંથી આટલા બધા ટન ગંધક મેળવી આપનાર, માનવીના આ પરમ ઉપકારક જંતુમિત્રનાં દર્શન તો તમે માત્ર અત્યંત શક્તિશાળી સૂક્ષ્મદર્શક યંત્રની સહાય વડે જ કરી શકો.




કૃષ્ણ-રાધા — ચિત્રકાર · વૈદ્યનાથ દાસ

આ ચિત્ર જોઈને કોઈએ પૂછેલું : 'આમાં રાધા-કૃષ્ણ બંને રિસાઈને બેઠાં છે કે શું ?' એ સાંભળીને થયું કે કદાચ સૌ આ ચિત્રને આમ ઉપરછલ્લું જ સમજશે. આમાં તસ્વીર-આલેખન (Portraits)ની પદ્ધતિએ રાધા અને કૃષ્ણને, બંને સ્વતંત્રરીતે જાણે બે અલગ ગોખમાં બેઠેલાં હોય તેમ, આલેખ્યાં છે. બંનેની પશ્ચાદ્‌ભૂમિ જ એ તો સ્પષ્ટ કરે છે. આબેહૂબ આલેખનની પશ્ચિમી પદ્ધતિએ નહિ, પણ તત્ત્વ પકડીને આલેખવાની હિંદી પ્રણાલિની તસ્વીરી ઢબે, એમ, બંનેનું અલગ વ્યક્તિત્વ નિરૂપવા સાથે, બે કમાનો એક જ આવાસની હોય એવી રચના કરીને બંનેનું સનાતન સાયુજ્ય તો જાળવી જ રાખ્યું છે.

દેવમૂર્તિ માટેનું પિત્તળનું સિંહાસન

સોળમી સદીના ગુજરાતની ઉત્કૃષ્ટ ધાતુકામકળાના લાક્ષણિક નમૂના રૂપ, જૈનમૂર્તિ માટેનું આ સિંહાસન માત્ર નવ ઇંચ પહોળું ને તેર ઇંચ ઊંચું છે. એટલા અલ્પ વિસ્તારમાં અનેક નાની મૂર્તિઓ તથા મોર, હાથી, તોરણ, પતાકા વગેરેની શોભનસામગ્રી સાથેનું જે બારીક છતાં સપ્રમાણ ને ઘાટીલું જાળીકામ તેમાં ઉતાર્યું છે તે આજથી ચારસો વરસ પર કલાક્ષેત્રમાં આપણી શી સમૃદ્ધિ હતી તે આપમેળે દર્શાવી રહે છે. (વડોદરા રાજ્યના પુરાતત્ત્વખાતાના સૌજન્યથી)







↑બદ્રીનાથના યાત્રાળુઓ—પાંડુકેશ્વર પહોંચતાં. ફોટો : આર. આર. ભારદ્વાજ

જમણી બાજુ : 'રંધા ધોધ'—પ્રવરા નદીનો, વિલ્સન ડૅમથી ૯ માઈલ દૂર. (ફોટો : અશ્વિન મહેતા)


> સેજુ સગાયું કીજીએ, જેવી કુળની રીત;
> સરખે સરખાં ગોતીએ વેર વેવાઈ ને પ્રીત.*

પંથે જુદા એવા બે શિષ્યો લડતા લડતા પં. નિશ્ચલદાસજી પાસે ફરિયાદે ગયા. સંત દાદુનો શિષ્ય બોલ્યો:'ગુરુજી, આણે મારા ગુરુને કૂકડો કહ્યા !' સર્વદા ગુણગ્રાહી રહેતા નિશ્ચલદાસજીએ શાન્ત ચિત્તે કહ્યું, 'ભાઈ, તું ના ચિડાઈશ. એક રીતે એ ખરું જ છે. અનેક માણસોને મોહનિદ્રામાંથી જગાડ્યા એ રીતે સંત દાદુજી કૂકડા ખરા ને?' (શિવમ્ સુન્દરમ્)

અનેકાર્થી શબ્દ : પેર=પ્રકાર કે રીત; ગોઠવણ કે તજવીજ; પગ; પેઠે અથવા જેમ; યુક્તિ; જમરૂખ; પ્રેમ; સ્થિતિ; હદ; સમાચાર; ગાંઠ; ઢબ; લત કે ટેવ; વાવણી; સાંઠાની કાતળી; એક જાતનો સ્ત્રીરોગ–પ્રદર.

કહેવતોના અર્થ : 'આપણું તે હાહા, ને બીજું તે હીહી'– પોતાની જ વાત સાચી હોવાનો આગ્રહ રાખનાર અને બીજાની વાતને હસી કાઢનાર મમતી ને ગુમાની માણસને માટે આ કહેવત વપરાય છે. એને મળતી બીજી કહેવતો : 'આપકી લાપસી, પરાઇકી કુશકી.'

માંદા માણસ પાસે યા તો તમારા લખવાના ટેબલ પર મૂકવાનું ઘડિયાળ કાચની મોટી હાંડી કે વાડકા નીચે રાખશો તો તેના કટકટાટથી માથું પકાવ્યા વિના લાભ પામશો.




*સગાઇ-સંબંધ હમેશાં કુળની રીત પ્રમાણે જ શોધવા. વેર, વેવાઇ અને સ્નેહ એ ત્રણે સરખેસરખામાં હોય તો જ શોભે.

સાંજે જ્યારે રમેશ ઑફિસેથી ઘેર આવ્યો કે તરત જ તેની પત્ની બોલી ઊઠી: 'કાલે તમે બેબીને માટે જે રમકડું લાવ્યા હતા તે તદ્દન નવી જાતનું છે અને કોઈ દિવસ તૂટે તેવું નથી એમ તમે કહેતા હતા ને?'

રમેશે ગભરાએલા સ્વરે કહ્યું, 'તો શું એ તૂટી ગયું? હું હમણાં જ જઇને દુકાનદારને.....'

'અરે પૂરી વાત તો સાંભળો; બેબીએ એ વડે ઘરનાં બીજાં બધાં રમકડાં તોડી નાખ્યાં.'



અંગ્રેજી મૂળાક્ષરોની ઉત્પત્તિ: 'સી' અક્ષર પણ મિસરની ચિત્રલિપિ 'હાએરોગ્લિફ'ના 'સિંહાસન'ના ચિત્ર પરથી આવ્યો છે, જેનું સાદું રૂપ ઇજિપ્તની પ્રાચીન લિપિ 'હાએરૅટિક'માં જેવી રીતે રૂઢ થયું તે બીજે નંબરે દર્શાવ્યું છે; ને ત્યાર બાદ ફીનીશિયન, પ્રાચીન ગ્રીક, પ્રાથમિક લૅટિન અને અંગ્રેજીમાં તેનો જે રીતે વિકાસ થયો તે બતાવ્યું છે. નીચેની તકતીમાં, એ અક્ષરનાં જે લેખનસ્વરૂપ વિવિધ લિપિઓમાં ઘડાયાં તે નીચેના ક્રમમાં દર્શાવ્યાં છે: હિબ્રૂ, ગ્રીક, રોમન, ઍંગ્લો સૅક્સન, ગૉથિક, જૂની અંગ્રેજી, જર્મન, કેલ્ટિક, એન્ગ્રૅાસિંગ, ઇટાલિક, ટ્યૂડર, વિક્ટોરિયન અને આધુનિક: તેમાં પહેલો કૅપિટલ અને તેની જોડે નાનો અક્ષર છે.



કલાકણિકા : ૪૫૦૦ વર્ષ પરનું ક્રીટનું સુશોભિત પાત્ર

આ યુગની કહેવતો

અથાણાં કરે તે રાઈ પણ રાખે.
માખણ ઓછું ને છાશ ઝાઝી.
ફિલ્મ એક ને સ્લાઇડ ઝાઝી.
સો મણ દિવેલે કબજિયાત.
એક હાથે રોટલી ન વણાય.
શાપ દીધે દુર્વાસા ન થવાય.
તડકામાં પરસેવો ન સુકાય.
ભૈયો નાનો ને ડાંગ મોટી.
રાગ લાંબો ને વૈરાગ ટૂંકો.
વાઘરીનું ચિત્ત બાવળિયે.
વાંદરા કરતાં પૂછડું લાંબું.

રતિલાલ 'અનિલ'

વાચકો લખે છે

'કુમાર'ના અંક ૩૯૩ના પૃષ્ઠ ૩૬૮ ઉપર 'કોઢના એક ઉપચાર' ('ચેતમછંદર' ઉપરથી) તરીકે બાવચીનો ઉપાય, આપેલો છે તે હવે જૂનો થઈ ગયો છે. બાવચીનું તેલ, શાલમૂગરા તેલ (chaulmoogra oil)માંથી છૂટા પાડેલ શાલમૂગરિક અને હીડનોકાર્મિક ઍસિડોમાંથી તૈયાર કરેલ જુદાજુદાં સંયોજનોમાંથી બનાવેલી અનેક દવાઓ ઉપયોગી પુરવાર થઈ છે. આના કરતાં પણ વિશેષ અસરકારક પુરવાર થએલ ઉપાય 'સલ્ફોન'નો છે. જેમ સ્ટ્રેપ્ટોમાઇસીને અસાધ્ય ગણાતો ટી.બી.નો રોગ સાધ્ય બનાવ્યો છે, તેમ સલ્ફોનથી કોઢના દર્દ પર કાબૂ આવ્યો છે. મને લાગે છે કે આ ઉપયોગી માહિતી વધારે પ્રકાશન માગે છે.

અંક ૩૯૪ના પૃ. ૪૦૨ પર સાહિત્યપુરસ્કારમાં કન્નડ સાહિત્યમાં ચરિત્રલેખકનું નામ આર. એસ. મુગાલી છાપ્યું એનો સાચો ઉચ્ચાર મુગલી છે.

(સોનગઢ) —નરસિંહ મૂ. શાહ


નવેમ્બર અંકમાં બોધિવૃક્ષ–પીપળા વિષે જે માહિતી આપી છે તે વાંચીને લખું છું કે પીપળાના ઝાડની નાની અને બહુ જ ઝીણી વડવાઈ થાય છે અને તે બાળકોને ભરાણી નામના દરદમાં તથા નાના મોટા તમામને આંચકીના દરદમાં આપવામાં આવે છે.

(રાજકોટ) —ત્રંબકલાલ આર. ત્રિવેદી

તમરાનો કટ્ટો દુશ્મન મંકોડો છે. તમરાના દરની તેમને ગંધ આવે તો તેઓ લડાઇનો વ્યૂહ રચીને તે દર પર હુમલો કરે છે. તેમાં એક મંકોડો આગળ જાય છે અને કૂચ-વ્યૂહમાં બીજા મંકોડા તેની સરદારી હેઠળ જાય છે. પછી તે પૈકી થોડાક તમરાના દરમાં પેસીને તેને પકડી બહાર આણી પાછા પોતાના દર તરફ ગોઠવાઇને ચાલ્યા જાય છે. જો બીજાં દરો પાસે હોય તો પહેલા તમરાને પોતાના દરમાં મૂકીને તેઓ પાછા તેવી જ વ્યૂહરચના કરી ત્યાં પહોંચે છે. આ મેં ચારપાંચ વાર જોયું છે.

(મુંબાઇ) —હરરાય દેસાઈ





↑ ભર્યો ઘડો (કલાકાર: નંદલાલ વસુ) કાબુલમાં ભરાએલા ભારતીય કલાના પ્રદર્શનમાં રજૂ થએલી કૃતિ: જેમાં સ્વગૃહના બારણાની સાંકળ ઉઘાડતી સ્ત્રીના મન જેવી ગૃહાંગણના વાતાવરણની જમાવટ કરી છે.

↑ ઉડિયા નૃત્યનું આલેખન (કલાકાર: ગૌરાંગચરણ સૅાન) વૈવિધ્યભરી અંગભંગીમાં લયબદ્ધ લીલા.

[બંને ચિત્રો ન્યૂ દિલ્હીની ઑલ ઇંડિયા ફાઇન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીના સૌજન્યથી]